# ઇન્સાનની જિંદગીની છ મંઝીલો

: ગુજરાતી અનુવાદ :

મૌલાના હુસૈન અહમદ પટેલ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

૯૪૨૮૦૨૬૬૧૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.

# અવર બેંકર્સ

નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજનં. |
|---|---|---|
| | પ્રસ્તાવના | 11 |
| (૧) | પહેલી મંઝીલ<br>આલમે ઝર્ર (રજકણોની દુનિયા) | 19 |
| (૨) | ઇન્સાનમાં દીન માટેની સંવેદ્ના | 29 |
| (૩) | બીજી મંઝિલ<br>આલમે અસલાબ | 56 |
| (૪) | વારસાગત ગુણો | 66 |
| (૫) | તફરા (આકસ્મિક કુદકો) | 74 |

| | | |
|---|---|---|
| (૬) | તફરાના કારણો | 76 |
| (૭) | જિનીનના (તે બાળક જે માં ના ગર્ભમાં હોય) સર્જનમાં ખોરાકનો અસર | 80 |
| (૮) | સંભોગ માટે મકરૂહ સમય | 98 |
| (૯) | જિમાઅ (સંભોગ) માટેના મુસ્તહબ સમય | 107 |
| (૧૦) | ત્રીજી મંઝિલ "મા' નું પેટ | 111 |
| (૧૧) | જનીન (ગર્ભાશયના બાળક)ની જિંદગીની | 117 |

| | | |
|---|---|---|
| | શરૂઆત કોશ (ઠડત્ત્)થી થાય છે | |
| (૧૨) | મુકદ્દસ (પવિત્ર) હદીસો | 128 |
| (૧૩) | બદાઅનો મસઅલો | 150 |
| (૧૪) | ચોથી મંઝિલ આલમે દુનિયા | 186 |
| (૧૫) | જિંદગીમાં કમાલ (પરિપૂર્ણતા, પ્રગતિ) પ્રાપ્ત કરવાનો રસ્તો | 196 |
| (૧૬) | પોતાની જાતને કમાલ (પુર્ણતા) સુધી પહોંચાડવું | 199 |
| (૧૭) | જાતી રીતે કમાલનું દષ્ટાંત | 203 |

| | | |
|---|---|---|
| (૧૮) | હઝરત સુલેમાન (અલ.)ની પરહેઝગારી અને કનાઅત (થોડાક પર રાજી રહેવું) | 213 |
| (૧૯) | વાસ્તવિક, સાચા કમાલ (પુર્ણતા) સુધી પહોંચવાનું રહસ્ય | 223 |
| (૨૦) | પાંચમી મંઝિલ<br>આલમે બરઝખ | 226 |
| (૨૧) | મિસાલી શરીર | 231 |
| (૨૨) | આલમે બરઝખમાં તકલીફ અને આનંદની સંવેદ્ના | 234 |

| | | |
|---|---|---|
| (૨૩) | આલમે બરઝખના અસ્તિત્વ પર દલીલો | 234 |
| (૨૪) | રીવાયતો હદીસોથી આલમે બરઝખ પર દલીલો | 247 |
| (૨૫) | ઇજમાઅની દલીલ | 257 |
| (૨૬) | અલ્લાહને માનનારા ફિલોસોફરોના કથનો | 258 |
| (૨૭) | આલમે બરઝખ પર અકલી દલીલ | 262 |
| (૨૮) | મોમિન માટે હશરના દિવસ પહેલાની સજા | 275 |
| (૨૯) | મુન્કિર નકીરના પ્રશ્નો | 278 |

| | | |
|---|---|---|
| (૩૦) | મુડદાઓને મુન્તકેલ (સ્થળાંતર) કરવાવાળા ફરીશ્તાઓ | 283 |
| (૩૧) | નક્કાલા (મુન્તકેલ કરનારા) ફરીશ્તાઓનો એક કિસ્સો | 287 |
| (૩૨) | સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીનું બયાન | 297 |
| (૩૩) | ફિશારે કબ્ર (કબ્રનું ભીંસવું) | 300 |
| (૩૪) | શેખ મુફીદ (રહ.)નું કથન | 310 |
| (૩૫) | મોતની હકીકત | 313 |

| | | |
|---|---|---|
| (૩૬) | કબ્રનો અઝાબ | 327 |
| (૩૭) | કબ્રના અઝાબમાં હળવાશ | 334 |
| (૩૮) | મય્યતના માટે બીજાઓના નેક આમાલ | 347 |
| (૩૯) | પોતાના મુરદાઓ પર રહેમ કરો | 358 |
| (૪૦) | કબ્રની ઝિયારત માટે જવું | 364 |

# પ્રસ્તાવના

બિસ્મીલ્લા હિર્રેહમા નિર્રરહીમ

અલ્લાહતઆલાના તમામ સર્જનોમાં ઇન્સાન બેહતરીન સર્જન છે. ઇન્સાન અલ્લાહની સર્વશ્રેષ્ઠ મખલૂક છે. કુરઆનમાં જ્યાં ઇન્સાનની પૈદાઇશનું વર્ણન છે ત્યાં અલ્લાહ ફરમાવે છે : "બેશક અમે ઇન્સાનને બેહતરીન આકારમાં પૈદા કર્યો છે." (સૂ. તીન, આ. 4). ઇન્સાનના શરીરના એક એક અવયવની પૈદાઇશ અને તેની ગોઠવણીમાં અલ્લાહની હિકમત છુપાએલી છે. ઇન્સાનની અક્કલ અને રૂહ પણ અલ્લાહનું શ્રેષ્ઠ સર્જન છે.

કુરઆનમાં અલ્લાહતઆલા ઇન્સાનની પૈદાઇશની મંઝિલોનું વર્ણન કર્યા પછી છેલ્લે ફરમાવે છે : "બરકતવાળો છે તે ખુદા જે પૈદા કરવાવાળાઓમાં સૌથી બેહતર છે." (સૂ. મોઅમેનૂન, આ. 14).

ઇન્સાન જ્યારે કોઈ ચીજ બનાવે છે તો તેની પાસે પહેલાંથી એક માદ્દો (મટીરીયલ) હોય છે જેનાથી તે કોઈ ચીજ બનાવી શકે છે. પણ અલ્લાહના માટે કોઈ માદ્દાનું હોવું જરૂરી નથી. બલ્કે તે અસલ માદ્દાનો પણ ખાલિક છે અને માદ્દાથી પણ ચીજો બનાવે છે.

ઇન્સાને પોતાની જાત પર ચિંતન મનન કરવાની જરૂર છે. જેવી રીતે

પ્રખ્યાત હદીસમાં આવ્યુ છે કે “જેણે પોતાના નફ્સને ઓળખ્યો તેણે પોતાના રબને ઓળખ્યો.” ઇન્સાન જ્યારે પોતાના નફ્સની મઅરેફત તરફ ધ્યાન આપે છે તો સ્વભાવિક છે કે તેના ઝેહનમાં અમુક પ્રશ્નો ઉત્પન્ન થશે. હું કોણ છું ? કઈ રીતે મને પેદા કરવામાં આવ્યો છે ? શા માટે આવ્યો છું ? ક્યાં જઈ રહ્યો છું ? વિગેરે. જેટલા બેહતર તરીકાથી આ પ્રશ્નોના જવાબ પ્રાપ્ત કરી શકશે તેની મઅરેફતમાં વધારો થશે. જેમ ઇન્સાનનું ઇલ્મ વધશે તેના વિચારોમાં ગહનતા આવશે અને પોતાના રબની મઅરેફત બેહતર તરીકાથી પ્રાપ્ત કરી શકશે.

ઇમામ જઅફર સાદિક (અલ.) ફરમાવે છે : "તે ઇલ્મ જે ઇન્સાનને કમાલ, પૂર્ણતા તરફ લઈ જાય છે મેં ચાર ચીજોમાં જોયુ : સૌપ્રથમ આ કે પોતાના ખુદાને ઓળખો. બીજું આ કે જાણો તે હિકમતવાળા ખુદાએ તમારી પેદાઇશમાં શું હિકમત કરાર દીધી છે. ત્રીજુ આ કે તમે જાણો અલ્લાહે તમારાથી શું ચાહયુ છે અને ચોથુ તમે તે ચીજને જાણો જે તમને તમારા દીનથી બહાર લઈ જાય છે."

અલ્લાહની મખલૂક પર વિચાર વિમર્સ ઇન્સાનને અલ્લાહની મહાનતા, તેની ઓળખ અને તેની બંદગી તરફ લઈ જાય છે. અલ્લાહ આપણાથી શું ચાહે છે

અને કઈ ચીજોથી રોકે છે તેની ઇન્સાનને ખબર હોવી જોઈએ. જો ઇન્સાનને પોતાના દીનના દુશ્મનની ઓળખ ન હોય, કઈ ચીજો તેને દીનથી દૂર કરે છે તેનું ઇલ્મ ન હોય, ટૂંકમા મઅરેફત ન હોય, તો તે હલાકત, નાબુદી તરફ જઈ રહ્યો છે.

ઇલ્મ અને તરબિયતનો ઇન્સાનોની વિકાસ વૃદ્ધિ, રૂહાની પ્રગતિ પર ઘણો અસર થાય છે. બેહતરીન અખ્લાક ઇન્સાનને દુનિયા વ આખેરતમાં કામ્યાબી અર્પણ કરે છે. એક બાળક સમાજના નિર્માણમાં તે પહેલી ઈંટનો મકામ રાખે છે કે જેને સહી તરબિયત આપવામાં આવે તો આખી ઇમારત સીધી ઉભી થાય છે.

ચાહે તે ઇમારત કેટલીય ઊંચી કેમ ન હોય.

બેહતરીન તરબિયતની સૌપ્રથમ ઝિમ્મેદારી મા-બાપના ખભા પર છે. કારણકે ઘર બાળકનો સૌપ્રથમ મદ્રસો છે અને વાલેદૈન સૌપ્રથમ ઉસ્તાદ માનવામાં આવે છે. એટલા માટે પૈગંબરે અકરમ (સલ.)એ ફરમાવ્યુ : “દરેક બાળક ઇસ્લામી ફિતરત પર પૈદા થાય છે પરંતુ આ મા-બાપ છે જે તેને યહુદી કે નસરાની બનાવી દે છે.” એક બાળક પાક-સાફ દિલ લઈને આવે છે. પ્રથમ અસર તો મા-બાપની તાલીમ અને તરબિયતનો જ હોય છે. મુસલમાન ઘરમાં પેદા થએલું બાળક

મુસલમાન તો રહે છે પણ તેની અમલી જિંદગીમાં મા-બાપની તરબિયતનો ઘણો અસર રહે છે.

વહાલાં વાંચકો આ કિતાબમાં કુરઆન અને સુન્નતની સ્પષ્ટતા મુજબ તે છ મંઝિલોનું વર્ણન થયુ છે જ્યાંથી ઇન્સાન પસાર થાય છે. આ કિતાબ ઇલ્મ અને જાણકારીમાં વધારો કરશે, આ સાથે તરબિયતને લગતી વાતો પણ ઘણી સારી વર્ણન થઈ છે. કિતાબના પ્રથમ ભાગમાં એક થી પાંચ મંઝિલોનું વર્ણન છે. અને બીજા ભાગમાં છઠ્ઠી મંઝિલ કયામતનું વર્ણન આવશે ઇન્શાઅલ્લાહ.

તફસીર તવઝીહુલ કુરઆન ભાગ-3

આ કિતાબ પછી પ્રકાશિત થશે. દુઆ છે કે અલ્લાહતઆલા આ નાની કોશીશને કબૂલ ફરમાવે અને મારા મરહુમ વાલિદ ઇબ્રાહીમ બી. પટેલને જન્નતમાં એહલેબૈત (અલ.)ની પાસે જગ્યા અતા ફરમાવે.

નાચીજ

મૌલાના હુસૈનઅહમદ પટેલ

## આલમે ઝર્ર (રજકણોની દુનિયા)

જાણવું જોઇએ કે કોઈ પણ વ્યક્તિ જે આ દુનિયામાં આવે છે નિ:શંક તે છ મંઝિલોથી પસાર થાય છે. જેમાંથી પેહલી મંઝિલ આલમે ઝર્ર છે. આલમે ઝર્ર એટલે તે મંઝિલ જ્યારે ઇન્સાન નાના નાના રજકણોમાં હતો. અલ્લાહ તઆલાએ કુરઆનમાં આ મંઝિલ વિષે ફરમાવ્યુ છે :

"અને યાદ કરો તે સમયને જ્યારે તમારા પરવરદિગારે આદમની અવલાદ્ની પુશ્ટમાંથી તેમની ઝુર્રીયતને (અવલાદ્ને) બનાવી. અને તેમનાથી તેમના પોતાના નફ્સ પર, જાત પર ગવાહી લીધી કે શું હું

તમારા બધાનો પરવરદિગાર નથી ? તો તે બધાએ કહયું કે "હાં' અમે ગવાહી આપીએ છીએ કે તુ જ અમારો પરવરદિગાર છે. અલ્લાહે આ એટલા માટે કયુરં્ કે તમે કયામતના દિવસે આમ ન કહો કે અમે તો આ હકીકતથી ગાફિલ હતા, અજાણ હતા. અથવા એવું કહો કે અમારા બાપદાદાઓએ પહેલેથી જ શીર્ક અપનાવી લીધુ હતું. અમે તેમની અવલાદ તો પછી આવ્યા. (એટલા માટે અમે તેમની તાબેદારી કરી.) તો અય ખુદા શું અમને બાતિલ પરસ્તોના અમલ પર હલાક કરી નાખીશ ?'' (સૂ. અઅરાફ, આ. 172-173)

અલ્લાહ તઆલાએ આલમે ઝર્રમાં વચન લઇને, એકરાર લઇને પોતાની હુજ્જત પુરી કરી દીધી. દલીલબાજી કે વાદવિવાદ્નો રસ્તો ન રાખ્યો. હુજ્જત પુરી થયા પછી, ઇલ્મ આવવા પછી કોઇ પણ બહાનું સ્વીકારવા લાયક હોતું નથી.

અલ્લાહનો મકસદ આ હતો કે દરેક વ્યક્તિને પોતાના નફ્સ પર, જાત પર ગવાહ બનાવીને તેનાથી પોતાના રબ હોવાનો એકરાર લે. જેવી રીતે કે આયત નંબર 173 થી જાહેર થાય છે કે “તમે કયામતના દિવસે આમ ન કહેશો કે અમે તો આ હકીકતથી (કે અમારો કોઇ રબ છે)

ગાફિલ હતા.'' અથવા આ રીતે કહો કે "અમારા બાપદાદાઓએ શીર્ક અપનાવ્યું હતુ. તેમના પછી અમે એમની અવલાદ થયા તો અય ખુદા શું અમને બાતિલ પરસ્તોના અમલ પર હલાક કરી નાખીશ?''

આથી જાહેર થાય છે કે આંધળુ અનુસરણ કરવાવાળાઓના બન્ને બહાનાઓને અલ્લાહે એવી રીતે રદ કરી દીધા કે તેમના આ દુનિયામાં આવતા પહેલાં તેમનાથી પોતાના રબ હોવાનું કબુલાવ્યું અને આ વિષે તેમનાથી વચન લીધુ. આ કારણે જો ઇન્સાનની પ્રાકૃતિક, ફિતરી કાબેલિયતને, વિશિષ્ટાને મા-બાપ

દ્વારા મિટાવવામાં ન આવે તો નિ:શંક તે એક ખુદાનો સ્વીકાર કરત.

છેવટે ઉપરોકત આયતોથી આપણે આ નતીજો લઇ શકીએ છીએ કે અલ્લાહે આદમની અવલાદમાં દરેકને પોતાની જાત પર ગવાહ બનાવ્યો અને પોતાના રબ હોવાનું કબુલાવ્યું. પરંતુ આ આયતોમાં એવું કોઇ બયાન નથી કે આ ઇકરાર-કબુલાત કેવી રીતે અને ક્યાં લેવામાં આવ્યો.

આ બાબતના વિષે હદીસોમાં જે વર્ણન થયું છે તેમાં થોડોક મતભેદ છે. અમુકથી માલુમ પડે છે કે અલ્લાહે આ ઇકરાર આદમ (અલ.)ની પેદાઇશના સમયે

તે રજકણોથી (ઝર્રાતથી) લીધો જે હઝરત આદમ (અલ.) ની સુલ્બમાં, પુષ્ટમાં હતા અને અમુક હદીસોમાં છે કે તે રજકણોથી ઇકરાર લીધો જે માટીમાં હતા. જેનાથી હઝરત આદમ (અલ.)ને પૈદા કરવામાં આવ્યા અને બધીજ આદમની અવલાદ્ના રજકણો તેમાં શામિલ હતા. આ રજકણો અલ્લાહની કુદરતથી સમજ અને અક્કલ ધરાવતા હતા અને એવી લાયકાત ધરાવતા હતા કે તેમને સંબોધી શકાય, ઇકરાર લઈ શકાય. જેવી રીતે કે અલ્લાહના કલામથી જાહેર છે કે “અલ્લાહે ફરમાવ્યું : શું હું તમારો પરવરદિગાર નથી ? તે

લોકોએ (રજકણોએ) કહયું : કેમ નહીં, બેશક તુ અમારો રબ છે.'' આ પ્રશ્ન અને ઉત્તર પછી ફરીથી તે રજકણો, ઝર્રાઓ પોતાની અસલ હાલતમાં ચાલ્યા ગયા. નાના નાના રજકણો અને ઝર્રાઓના કારણે આ હાલતને "આલમે ઝર્ર' કેહવામાં આવે છે. (તફસીર અલ-મીઝાન, સૂ. અઅરાફ)

અમુક બીજા મુફસ્સીરોએ ફરમાવ્યું : આ ઇકરાર, કબુલાતની જગ્યા આ દુનિયા જ છે. કારણકે અલ્લાહતઆલા ઇન્સાનની અવલાદ્નૈ બાપની પુષ્ટમાંથી માના ગર્ભાશય તરફ લાવે છે. પછી ત્યાંથી આ દુનિયામાં પૈદા કરે છે. આ બધી કાર્યવાહીમાં અલ્લાહ

પોતાની કુદરત અને તૌહીદ્નની (એકેશ્ર્વરવાદ્નની) નિશાનીઓ દેખાડે છે.

બીજા શબ્દોમાં આમ સમજો કે આ રજકણો અને નુત્ફાઓ જે બાપની પુષ્ટમાંથી નીકળીને માં ના રેહમ (ગર્ભાશય)માં દાખલ થાય છે, આ રજકણોમાં સમજશક્તિ, સૂજબુઝ હોય છે. જે અલ્લાહે ઇન્સાનને અર્પણ કરી છે. અને ફિતરતે ઇલાહીનો અર્થ આ છે કે અલ્લાહે ઇન્સાનની પ્રકૃતિમાંજ અલ્લાહના એક હોવાની માન્યતા રાખી છે. માટે અલ્લાહ અને રજકણો વચ્ચે જે સવાલ-જવાબ થયા છે (જે ઊપર આયતમાં આવી ગયું છે) તે જાહેરમાં વાતચીતની

જેમ નથી થયા. બલ્કે ઇન્સાનની હાલત ગવાહ હતી કે તેનો રબ ખુદા છે. અલ્લાહનું સર્જન ખુદ ગવાહ છે કે તેનો રબ ખુદા છે. દ્રષ્ટાંત રૂપે અદીબ, સાહિત્યકારો આમ કહે છે કે : “જમીનને પુછો તારા ઊપર દરીયાઓને કોણે વહાવ્યા ? તારા ઊપર ઝાડોને કોણે ઉગાવ્યા ? અને તારા ફળોને કોણે પકાવ્યા ?’’ આ લોકો જાહેરી ઝબાનથી (બોલીને) જવાબ નહીં આપે પણ ઝબાને હાલ, તેમની સ્થિતિ, સર્જન ગવાહ છે કે તેમને પૈદા કરવાવાળો કોણ છે. અથવા દષ્ટાંત રૂપે કુરઆનની આ આયત છે :

“પછી અલ્લાહે જમીન અને આસ્માનને ફરમાવ્યું કે તમે બન્ને ખુશી અથવા નાખુશી સાથે આવો તો બન્નેએ કહયું કે અમે ખુશીથી આવીએ છીએ.’’ (સૂ. ફુસ્સીલત, આ. 11)

આ આયતમાં આસમાન અને જમીનનો જવાબ જાહેરમાં વાતચીતની જેમ ન હતો. બલ્કે તેમની હાલત, સર્જન ગવાહ છે કે તેઓ અલ્લાહના હુકમના ફરમાબરદાર છે.

# ઇન્સાનમાં દીન માટેની સંવેદ્ના

કોઇ પણ રીતે આ એક એવું વચન છે, મિસાક છે જે દરેક ઇન્સાન પોતાની જાત અને પ્રકૃતિમાં અનુભૂતિ કરે છે. અને પોતાના અસ્તિત્વમાં તેના ચિન્હોને સમજે છે. વિદ્વાનોનું કહેવું છે કે દીન માટેની લાગણી અલ્લાહની ઓળખ માટેની સંવેદ્ના ઇન્સાનની મૂળભૂત સંવેદ્નાઓમાંથી છે અને આ લાગણી ઇન્સાનને આખી જિન્દગી પોતાના પરવરદિગારની ઓળખ-મઅરેફત માટે ઉત્સાહિત કરે છે. વારંવાર આ લાગણી તેના દિલમાં પ્રગટ થાય છે. ઇન્સાન પોતાના દિલમાં સમજે છે કે કોઇ ઝાત છે

જે મારો રબ છે, પાલનહાર છે. જેથી કરીને હકથી હટી જવું અને ગુમરાહ મા-બાપનું આંધળુ અનુસરણ જેવા બહાના બાકી નથી રેહતા.

આજ કારણે આપણે જોઇ રહયા છીએ કે ઇસ્લામનું નૂર હંમેશા જગમગતુ જ રહયું છે. ઇસ્લામના વિરુદ્ધ ગમે એટલા પ્રપંચો કરવામાં આવે સાચી ઇસ્લામી તબ્લીગ ગમે એટલી ઓછી હોય તો પણ લોકો હક તરફ આવે છે. કારણકે હક તરફનું આકર્ષણ કુદરતી છે, ફિતરી છે. આ જોશ, જઝબો ઇન્સાનની ઝાતમાં શામેલ છે. આ જોશ એટલો બળવાન હોય છે કે હકીકતને ઉઘાડી

પાડે છે, જાહેર કરે છે. આ હકીકત તે જ સહી ઇસ્લામ છે જે દરેક ઝમાનામાં ઇન્સાનની સફળતાની બાંયધરી લે છે.

“અને આ તે જ ફિતરત, પ્રકૃતિ છે જેના પર અલ્લાહે ઇન્સાનને પૈદા કર્યો છે. અલ્લાહની પૈદાઇશમાં કદી ફેરફાર નહીં થાય.” (સૂ. રૂમ, આ. 30)

સર્વમાન્ય હદીસમાં આવ્યું છે કે “દરેક બાળક ફિતરતે ઇસ્લામ પર પૈદા થાય છે પછી તેના મા-બાપ તેને યહુદી અને ઈસાઈ બનાવી દે છે.” આ હદીસમાં મા-બાપનો વિશેષ ઉલ્લેખ આવ્યો કારણકે મોટેભાગે બાળકો મા-બાપના દીન પર તરબિયત

પામે છે અને તે દીન સાથે જ તેમનો લગાવ હોય છે. (સફીનતુલ બિહાર - ભાગ 2, પેજ 373)

(જે વસ્તુ ઇન્સાનની ફિતરતમાં શામેલ હોય તે કદી નાબુદ નથી થતી, નાશ નથી પામતી, હાં તેના પર પડદો પડી જાય છે. ઢાંકાય જાય છે. ફિતરત પ્રકૃતિ પર પડદો પડી જવાનું કારણ ઇન્સાનની તરબિયત અને તે માહોલ હોય છે જેમાં રહે છે. આ ફિતરત ઇન્સાનના જીવનમાં કદી પણ ઉજાગર થઇ શકે છે. તે સમયે ઇન્સાન પોતાની ખ્વાહીશાત, નફસની તાબેદારી ન કરે તો ઇસ્લામ ધર્મનો સ્વીકાર કરી લે છે. -

અનુવાદક)

અત્યાર સુધી આપણે જાણ્યું કે ઇન્સાનના વુજુદ, અસ્તિત્વની પેહલી મંઝિલ "આલમે ઝર્ર' છે. અથવા ઇન્સાનના વિશે જારી થવા વાળી સૌથી પેહલી સુન્નતે ઇલાહીયા, ઇલાહી પ્રણાલિકા આલમે ઝર્ર છે.

આપણે જાણ્યું કે અલ્લાહે પોતાના "રબ' હોવા વિશે બંદાઓથી ઇકરાર લીધો, વચન લીધો. અલ્લાહનું પોતાના બંદાઓથી "રબ' હોવાનો ઇકરાર લેવો સર્વમાન્ય છે. આ વિષયમાં કુરઆનની આયત પણ ગવાહ છે. જે કંઇ મતભેદ છે તે આ છે કે

આ ઇકરાર, કબૂલાત કેવી રીતે અને ક્યાં લેવામાં આવ્યો ? અમુક લોકોનું કેહવું હતું કે આ ઇકરાર આદમ (અલ.)ની પૈદાઇશના સમયે તે ઝર્રાઓથી લેવામાં આવ્યો જે આદમ (અલ.)ની પુષ્ટમાં, સુલ્બમાં હતાં. અથવા તે ઝર્રાઓથી જે માટીમાં હતા. અને આ ઇકરાર જાહેરી વાતચીતમાં થયો છે.

જ્યારે બીજા અમુક મુફસ્સિરોનું કેહવું હતું કે આ ઇકરાર આ દુનિયામાં જ થયો છે. અને તે પણ જાહેરી વાતચીત દ્વારા નહીં પણ ઇન્સાનનું સર્જન ખુદ એક અલ્લાહના વુજુદ, અસ્તિત્વ પર ગવાહી આપે છે.

આ બન્ને કૌલ, કથનમાં સહી અને

માન્ય વાત આ છે કે અલ્લાહે ઇન્સાનથી જે ઇકરાર લીધો છે તે દુનિયામાં નથી લિધો બલ્કે આ ઇકરાર આલમે ઝર્રમાં લેવામાં આવ્યો છે. તે આલમ જ્યારે ઇન્સાન નાના નાના રજકણોમાં હતો અને આ ઇકરાર જાહેરી વાતચીતમાં થયો છે. આ કૌલ, કથનના સહી હોવા પર ઘણી બધી હદીસો આવી છે તેમાંથી અમુકને બયાન કરીએ છીએ.

(1) ઉબૈદુલ્લાહ હલબીએ ઇમામ મહંમદ બાકિર અને ઇમામ જાફર સાદિક અલયહિમસ્સલામથી રીવાયત કરી છે કે તેમણે ફરમાવ્યું : હઝરત ઉમર બિન

ખત્તાબ પોતાની ખિલાફતના પહેલા વર્ષે હજ માટે નીકળ્યા. સાથે ઘણા બધા મુહાજિરો, અન્સાર હતા. ઇમામ અલી (અલ.) પણ ઇમામ હસન અને હુસૈન (અલ.) અને અબ્દુલ્લાહ બિન જાફરને લઈને આ લોકો સાથે હજમાં હતા. જ્યારે અબ્દુલ્લાહ બિન જાફર એહરામ બાંધીને આવ્યા તે લાલ માટીથી રંગાએલી એક ઈઝાર અને ચાદર હતી. તે સમયે ખલીફા હઝરત ઉમર બિન ખત્તાબ એક ઈઝાર અને ચાદર ઓઢીને લબ્બૈક કેહતા કેહતા ઇમામ અલી (અલ.)ની બાજુમાં ચાલી રહયા હતા. હઝરત ઉમર બિન ખત્તાબની નજર

અબ્દુલ્લાહ પર પડી ત્યારે પોતાના પાછળના લોકોને કેહવા લાગ્યા: એહરામમાં આ શુ બિદઅત છે ?

ત્યારે ઇમામ અલી (અલ.) એ હઝરત ઉમરની તરફ જોયું અને ફરમાવ્યું : અય ઉમર ! કોઈના માટે પણ આ યોગ્ય નથી કે અમને સુન્નતની તાલીમ આપે ! (અમે એહલેબયત રસૂલ (સલ.) ના ઘરાનાથી છીએ અમે તમારા કરતાં વધુ જાણીએ છીએ કે બિદઅત કોને કેહવાય અને સુન્નત કોને કહેવાય.)

હઝરત ઉમરે કહયું : અય અબુલ હસન (અલ.) આપે સાચુ કહયું, પણ કસમ

બખુદા મને ખબર ન હતી કે આપ નારાઝ થઈ જશો.

રાવી (હદસી વર્ણન કરનાર)નું કેહવું છે કે આ વાત સફરની હતી. પછી જ્યારે એ લોકો મક્કામાં દાખલ થયા ત્યારે તે લોકોએ ખાનએ કાબાનો તવાફ કર્યો. ખલીફા ઉમરે હજરે અસ્વદ્રે ચુમતી વખતે હજરે અસ્વદ્રે સંબોધીને કેહવા લાગ્યા : ખુદાની કસમ, હું વિશ્ર્વાસથી કહું છું તુ એક પથ્થર છે, જે ન નફો પહોંચાડી શકે છે ન નુકસાન, અગર રસૂલે ઇસ્લામ (સલ.) તને ચુમ્યા ન હોત તો હું પણ તને કદી ન ચુમત.

ઇમામ અલી (અલ.) એ ફરમાવ્યું :

રોકાઈ જાવ અય અબુ હફસ, આવું ન કહો, નિ:શંક પૈગંબરે ઇસ્લામ (સલ.) આ પથ્થરને કોઈ ખાસ હુકમના કારણે ચુમતા હતા. જો તમે અલ્લાહના કલામને પઢો તો તમને હજરે અસ્વદ્ની હકીકત ખબર પડી જાત, જેવી રીતે કે બીજાઓને ખબર છે કે આ પથ્થર નફો અને નુકસાન પહોંચાડે છે. આ પથ્થરની બે આંખો છે, બે હોંઠ અને એક ઝબાન છે. આ પથ્થર તેની ગવાહી આપશે જે સહી તરીકાથી તેનો હક અદા કરે.

હઝરત ઉમરે કહયું : અય અબુલ હસન (અલ.)! અલ્લાહની કિતાબમાં આ

વાતનું વર્ણન ક્યાં છે ? ઇમામ અલી (અલ.)એ ફરમાવ્યું : અલ્લાહ-તઆલાએ કુરઆનમાં ફરમાવ્યુ છે : “જ્યારે તમારા પરવરદિગારે આદમની અવલાદ્ની પુશ્ટોમાંથી તેમની ઝુર્રીયત, નસલને હાજર કરી અને તેમને પોતાની ઝાત પર ગવાહ બનાવ્યા અને પુછયું કે શું હું તમારા બધાનો રબ નથી ? તો એ બધાએ કહયું હાં, અમે ગવાહી આપીએ છીએ કે તુ અમારો રબ છે.” (સૂ. અઅરાફ, આ. 172)

જ્યારે આ લોકોએ ફરમાબરદારીથી અલ્લાહના રબ હોવાનો ઇકરાર કરી લીધો ત્યારે અલ્લાહે તેમનાથી ખાનએ કાબાની

હજનો વાયદો લીધો. પછી અલ્લાહ તઆલાએ પાણીથી પણ વધારે સ્વચ્છ, કોમળ, પવિત્ર એક તખ્તો પૈદા કર્યો અને કલમને હુકમ કર્યો કે એ તખ્તા પર મારા તે બંદાઓના નામ લખી દે જે ખાનએ કાબાની હજ અદા કરી તેનો હક અદા કરશે. ત્યારે કલમે તે પવિત્ર, કોમળ તખ્તા પર આદમની અવલાદમાં તે લોકોના નામ લખ્યા જે પોતાના વાયદા, વચનને સંપૂર્ણ રીતે પૂરો કરશે. પછી પથ્થરને કેહવામાં આવ્યું પોતાનું મોં ખોલે, ત્યારે પથ્થરે પોતાનું મોં ખોલ્યુ અને તે સ્વચ્છ, બારીક તખ્તાને ગળી ગયો.

અલ્લાહ-તઆલાએ પથ્થરને ફરીથી હુકમ આપ્યો: હવે આ તખતાની હિફાઝત કરો અને મારા જે બંદાઓ તારો હક અદા કરે તુ તેની ગવાહી આપીશ. તે સમયે હજરે અસ્વદ અલ્લાહના હુકમનું પાલન કરીને જમીન પર ઉતર્યો.

આ સાથે ઇમામ અલી (અલ.)એ ફરમાવ્યું : અય ઉમર, જ્યારે તમે પથ્થરને ચુમ્યો તો શું તમે એમ ન કહયું : મેં મારા વચન, અહદ અને અમાનતને અદા કરી છે. જેથી તુ મારા હકમાં ગવાહી આપે ?

ખલીફા હઝરત ઉમરે કહયું : ખુદા કસમ મેં આવું જ કહયું. ઇમામ (અલ.)એ

ફરમાવ્યું : તો પછી આનાથી શું નતીજો લઈ શકાય ? (બિહાર - ભાગ ૧૧, પેજ 227) (મતલબ આ પથ્થર નફો, નુકસાન પહોંચાડી શકે છે. આ પહેલા હઝરત ઉમરે જે કહયું હતુ તે ખોટું હતું.)

આ હદીસ દલીલ છે આ વાત પર કે ઇન્સાનથી ઇકરાર આલમે ઝર્રમાં લેવામાં આવ્યો હતો જ્યારે ઇન્સાન નાના નાના ઝર્રાત, રજકણોમાં હતો. આ દુનિયામાં ઇકરાર લેવામાં નથી આવ્યો.

(2) હવે આ મુદ્દા પર બીજી હદીસ પેશ કરી રહયા છીએ. સૂરએ નજમ આયત નંબર 56 માં અલ્લાહ-તઆલા ફરમાવી

રહયો છે :

“આ પણ આ પહેલા ડરાવનારાઓની જેમ એક ડરાવવાવાળો પૈગંબર છે.”

અલી ઇબ્ને મુઅમ્મરથી રિવાયત છે કે મેં આ આયત વિશે હઝરત ઇમામ જાફર સાદિક (અલ.)ને પ્રશ્ન કર્યો કે આ આયતનો શું મતલબ છે ? આપે ફરમાવ્યું : બેશક જ્યારે અલ્લાહતઆલાએ આલમે ઝર્રમાં બધી મખલૂકને પૈદા કરી તો બધાને આગળ પાછળ સફોમાં ઊભા કર્યા. પછી મહંમદ (સલ.)ને તેમની સામે લાવ્યા. ત્યારે એક ગિરોહ એમના પર ઈમાન લાવ્યો અને બીજા ગિરોહે ઇન્કાર કર્યો. તે સમયે

અલ્લાહતઆલાએ ફરમાવ્યું : આ પણ આગળના ડરાવવાવાળાઓની જેમ એક ડરાવનારો પૈગંબર છે. આનો અર્થ એ થયો કે હઝરત મુહંમદ (સલ.)એ આલમે ઝર્રમાં પણ લોકોને એક અલ્લાહ ની તરફ દઅવત આપી હતી. (બિહારૂલ અનવાર - ભાગ 5, પેજ 234)

(3) અલ્લાહતઆલા કુરઆનમાં ફરમાવે છે :

"તે ખુદા જેણે તમને પૈદા કર્યા. તમારામાંથી કોઈ કાફિર છે અને કોઈ મોમિન." (સૂ. તગાબુન, આ. 2)

હુસૈન બિન નઈમ સહાફ રિવાયત

કરે છે કે મેં આ આયતના વિષે ઇમામ જાફર સાદિક (અલ.) ને પુછયું તો આપે ફરમાવ્યું : અલ્લાહના બંદાઓ જ્યારે આદમ (અલ.)ની પુષ્ટમાં નાના રજકણો, ઝર્રાઓની શકલમાં હતા ત્યારે અલ્લાહે તેમનાથી અહદ, વચન લીધું અને અમારી વિલાયતની કબૂલિયતને ઈમાન અને વિલાયતના ઇન્કારને કુફ્ર કરાર દિધું. (બિહારૂલ અનવાર - ભાગ 5, પેજ 234)

(4) મુઅલ્લા ઇબ્ને ખુનૈસ કહે છે કે ઇમામ સાદિક (અલ.)એ મને ફરમાવ્યું : અય મુઅલ્લા નવરોઝથી મતલબ તે દિવસ છે જ્યારે અલ્લાહ-તઆલાએ બંદાઓથી

ઇકરાર લિધો, અહદ લીધો કે તેની ઇબાદત કરીએ, કોઈને પણ અલ્લાહનો શરીક કરાર ન દઈએ અને અલ્લાહના રસૂલો અને તેની હુજ્જતોની તાબેદારી કરીએ. (બિહારૂલ અનવાર - ભાગ 5, પેજ 234)

(5) હબીબ સજીસ્તાની રીવાયત કરે છે કે મેં ઇમામ મહંમદ બાકિર (અલ.)થી સાંભળ્યું છે કે જ્યારે અલ્લાહ-તઆલાએ પોતાની રૂબુબીયત (રબ હોવાનો ઇકરાર) અને દરેક પૈગંબરની નબુવ્વતનો ઇકરાર લેવા માટે આદમની અવલાદ્ને તેમની પુષ્ટથી કાઢવામાં આવી તો પહેલાં હઝરત મુહંમદ (સલ.) ની નુબુવ્વતનો ઇકરાર

લીધો. પછી હઝરત આદમ (અલ.) થી કહયું : જરા જોવો તો ખરા તમે શું જોઈ રહયા છો ? હઝરત આદમ (અલ.) એ પોતાની અવલાદ્ની તરફ નજર નાખી જે તે સમયે આલમે ઝર્રમાં હતી અને તેમનાથી આસમાન ભરાઈ ગયું હતું. હઝરત આદમે આશ્ર્ચર્યથી પુછયું : યા રબ મારી આટલી બધી અવલાદ છે. તેં આ લોકોને શા માટે પૈદા કર્યા છે ? પછી આ લોકોથી ઇકરાર, વચન લેવાનો શું મતલબ છે ?

અલ્લાહતઆલાએ ફરમાવ્યું : એટલા માટે કે આ લોકો મારી ઇબાદત કરે, કોઇને પણ મારો શરીક, ભાગીદાર કરાર ન દે.

મારા રસૂલો પર ઈમાન લાવે અને તેમની ઇતાઅત કરે. (બિહારૂલ અનવાર - ભાગ 5, પેજ 235-239)

(6) ઇબ્ને મુસ્કાનથી રીવાયત વર્ણન થઈ છે કે મેં સુરએ અઅરાફની આયત નંબર 172 વિશે ઇમામ સાદિક (અલ.)ને પુછયુ : શુ આ ઇકરાર, વચન બધાની પ્રત્યક્ષ હાજરીમાં થયો હતો ?

ઇમામ (અલ.)એ ફરમાવ્યું : હાં, આ રીતે ઇકરાર લેવાથી અલ્લાહની મઅરેફત નફસોમાં, દિલોમાં છપાઈ જાય છે. નક્શ થઈ જાય છે. તો પણ આપણે આ વાતને ભૂલી ગયા. પણ નજીકમાં જ આ ઘટનાને

યાદ કરીશું. જો આ ઘટના પેશ ન આવત, આ બનાવ ન બન્યો હોત તો કોઈ ન જાણતે કે તેનો પૈદા કરવાવાળો અને તેને રોઝી આપવાવાળો કોણ છે. જો કે આદમની અવલાદમાં અમુક એવા પણ છે જે લોકોએ આલમે ઝર્રમાં ફકત ઝબાનથી ઇકરાર કર્યો અને સાચા દિલથી ઈમાન નહોતા લાવ્યા. (બિહારૂલ અનવાર - ભાગ 5, પેજ 237)

એટલા માટે અલ્લાહે કુરઆનમાં ફરમાવ્યુ છે :

“પણ આ લોકો જેનો પેહલા ઇન્કાર કરી ચુક્યા છે તેના પર કેવી રીતે ઈમાન

લાવવાના હતા...."(સૂ. અઅરાફ, આ. 101)

(7) અબુ સઈદ ખુદરીથી રીવાયત છે કે ઇમામ અલી (અલ.)એ સૂરએ અઅરાફની આયત નંબર 172ની તફસીરમાં ફરમાવ્યું : અલ્લાહ-તઆલાએ જ્યારે હઝરત આદમ (અલ.)ને પૈદા કર્યા અને તેમની પીઠ પર સ્પર્શ કર્યો તો તેમાંથી ઝર્રાઓની શકલમાં ઘણીં બધી અવલાદ નીકળી. પછી અલ્લાહતઆલાએ તેમની અવલાદ્ને અક્કલ આપી અને તેમનાથી ઇકરાર લીધો કે અલ્લાહ તેમનો રબ છે અને તે લોકો અલ્લાહના બંદા છે. આ રીતે તે લોકોએ અલ્લાહના રબ હોવાનો ઇકરાર કરીને

પોતાની જાતની બંદા હોવાની ગવાહી આપી. આ વિષય પર બીજી ઘણી સહી, મુતવાતીર હદીસો છે. (બિહારૂલ અનવાર, કિતાબુલ ઇમામત, બાબ તીનત અને મીસાક - બાબ ખલ્કે અઇમ્મા અને બાબ અખઝે મીસાકેહીમ - કિતાબુન નુબુવ્વત - બાબ અહવાલે આદમ - બાબ ફઝલુલ હજર)

આલમે ઝર્રમાં આ રીતે ઇકરાર લેવું અશક્ય નથી, અક્કલના વિરૂદ્ધ નથી. કારણકે બેશક અલ્લાહતઆલા કુદરત ધરાવે છે કે ઇન્સાનને આ હાલતમાં સમજ, બુદ્ધિ અને બોલવાની તાકત આપે. જ્યારે કે

કુરઆનની અમુક આયતોથી આ પણ સાબિત થાય છે કે દુનિયાની તમામ ચીજો અહીં સુધી કે જમાદાત, નિર્જીવ વસ્તુઓ (પથ્થર વિગેરે)માં પણ સમજ શક્તિ છે. જેવી રીતે કે અલ્લાહનો ઇરશાદ છે :

“અને આખી દુનિયામાં કોઈ વસ્તુ એવી નથી જે અલ્લાહની હમ્દ અને તારીફની તસ્બીહ ન કરતી હોય. પરંતુ તમે લોકો તેમની તસ્બીહને નથી સમજતા. બેશક અલ્લાહ સહનશીલ અને માફ કરવાવાળો છે.” (સૂરએ બનીઇસરાઈલ, આ. 44)

તો પછી જેવી રીતે આપણે ઇન્સાનો

માટે સુન્નતે ઇલાહીયા (ઇલાહી પ્રણાલિકા) નું લાગુ પડવું જાણીતુ છે. એવીજ રીતે બીજી મખલૂકનું તસ્બીહ કરવું પણ એક સુન્નતે ઇલાહિયા છે જે આપણે સમજી નથી શકતા.

(ઉપરોકત ચર્ચામાં હદીસોથી સાબિત થાય છે કે આલમે ઝર્રમાં ફકત અલ્લાહના રબ હોવાનો જ ઇકરાર લેવામાં નથી આવ્યો બલ્કે પૈગંબર (સલ.)ની નબુવ્વત અને પૈગંબર (સલ.)ના જાનશીનો (પ્રતિનિધિ) માસુમ ઇમામોની વિલાયત, ઇમામતનો પણ ઇકરાર લેવામાં આવ્યો હતો અને આ વિષય પર બીજી ઘણી સહી

હદીસો આવી છે. આલમે ઝર્ર વિશેની વધુ જાણકારી માટે અમારી તફસીર તવઝીહુલ કુર્આન (ભાગ-2) પેજ 618 થી 624 પર રજૂ કરો. - અનુવાદક)

# બીજી મંઝિલ
## આલમે અસલાબ

દરેક ઇન્સાનને બાપની સુલ્બ, પુષ્ટમાં રહેવાના સમયગાળાને આલમે અસલાબ કહેવામાં આવે છે અને આ સમયગાળો પૂરો થયા પછી ત્રીજા આલમ અથવા મંઝિલમાં પ્રવેશ કરે છે.

અલ્લાહતઆલા ફરમાવે છે :

“તો પછી ઇન્સાને જોવું જોઈએ કે એને કઇ વસ્તુથી પૈદા કરવામાં આવ્યો છે. તે પૈદા કરવામાં આવ્યો છે ઉછળતા પાણીથી જે રીઢની (કરોડ રજ્જુ) હડ્ડી અને પસલીયોની વચ્ચેથી નીકળે છે.” (ઉછળતું

પાણી એટલે મની, વિર્ય, સુલ્બનો અર્થ હરામ મગ્ઝ છે. તે ગુદો જે કરોડ રજ્જુમાં હોય છે. જાનવરોમાં જેને ખાવું હરામ છે અને તરાઈબ નો અર્થ સ્ત્રીની છાતીની ઊપરવાળી હડ્ડી, આ આયત કુરઆનના મોઅજિઝા હોવાની એક સ્પષ્ટ સાબિતિ છે.) (સૂ. તારિક, આ. 5 થી 7)

આ ઉછળતુ પાણી (વિર્ય) હકીકતમાં બે પાણીથી મળતુ હોય છે. પેહલુ પાણી પુરુષની રીઢની હડ્ડીઓની વચ્ચેથી નીકળે છે અને બીજુ પાણી સ્ત્રીની છાતીની ઊપરની હડ્ડીઓથી નીકળે છે. અને શક્ય છે કે આ બન્ને પાણીને એક પાણી એટલા માટે

કેહવામાં આવ્યુ કે આ બન્ને મળીને એક થઈ જાય છે અને આ તે જ મિશ્રીત નુત્ફો (ગર્ભ) છે જેના વિષે કુરઆનમાં આવ્યુ છે :

"અમે ઇન્સાનને મિશ્રીત નુત્ફાથી પૈદા કર્યો છે." (સૂ. દહર, આ. 2)

કારણકે ઇન્સાનને જે નુત્ફાથી, શુક્રાણુથી પૈદા કરવામાં આવે છે તે પુરૂષ અને સ્ત્રી બન્નેનું મિશ્રીત વિર્ય હોય છે જેથી અલ્લાહે પણ કુરઆનમાં મિશ્રીત વિર્ય ફરમાવ્યુ. અને આ હકીકત આ સદીથી પહેલાનાં લોકોને ખબર ન હતી કે બાળકનો જન્મ પુરૂષ અને સ્ત્રી બન્નેના મિશ્રીત વિર્યથી થાય છે. બલકે લોકો એવું સમજતા હતા કે

બાળક ફક્ત પોતાના બાપના વિર્યથી પૈદા થાય છે. અથવા એવું સમજતા હતા કે છોકરો પુરુષના વિર્યથી અને છોકરી સ્ત્રીના વિર્યથી પૈદા થાય છે. પરંતુ કુરઆને સાબિત કર્યું કે નવજાત બાળક પુરૂષજાતિ હોય કે સ્ત્રીજાતિ બન્નેના મિશ્રીત વિર્યથી પૈદા થાય છે.

આજનું આધુનિક વિજ્ઞાન પણ કહે છે કે પુરૂષનું મની (વિર્ય) તેની રીઢ, કરોડરજ્જુની હડ્ડીયોમાં બને છે અને સ્ત્રીનું મની તેની છાતીની ઊપરની હડ્ડીયોમાં બને છે. પછી જ્યારે આ બન્ને પાણી સ્ત્રીના ગર્ભમાં પહોંચીને એક થઈ જાય છે તો

બાળકના જન્મની શરૂઆત થાય છે અને આ ઉછળતુ પાણી એક અક્કલમંદ અને બોલતા ઇન્સાનની શકલ અપનાવવા લાગે છે.

ઇમામ જાફર સાદિક (અલ.)ની એક હદીસમાં આવ્યું છે કે “કરોડરજ્જુના ગુદાને એટલા માટે હરામ કરવામાં આવ્યુ છે કે દરેક પુરૂષ અને સ્ત્રીમાં ઉછળતુ પાણી અહીંથી જ પસાર થાય છે. આ પદાર્થ (ગુદો) પીઠની સીધી હડ્ડીમાં હોય છે.” આ ઉછળતુ પાણી ઊપરથી નીચે આવે છે અને "હરામ મઝ્ઝ’થી થઈને ખુસ્યતૈન (અંડકોશ)માં દાખલ થાય છે. આ કારણે

હરામ મગ્ઝ (કરોડરજ્જુનો ગુદો) તેની પેહલી મંઝિલ હોય છે અને તે પાણી પુરૂષના નુત્ફાનો, વિર્યનો સૌથી પેહલો પદાર્થ બને છે. જ્યારે કે સ્ત્રીના વિર્યના માટે તેની છાતીની ઊપરની હડ્ડીયો પેહલુ સ્થાન હોય છે અને ત્યાંથી રેહમમાં (ગર્ભમા) દાખલ થાય છે અને કુરઆનની આયતનો ઇશારો પણ આ મંઝિલો તરફ છે.

(ઇમામ જાફર સાદિક (અલ.)એ ફરમાવ્યુ અંડકોશનું ખાવું એટલા માટે હરામ કરવામાં આવ્યું કે આ સંભોગની જગ્યા અને વિર્યનો પસાર થવાનો રસ્તો છે. વિજ્ઞાનિકોએ હવે આ હકીકતને જાણી લિધી

છે કે અંડકોશ (ખુસ્યતૈન) વિર્યના પસાર થવાની જગ્યા છે અને કરોડરજ્જુથી વિર્ય અંડકોશમાં ઉતરે છે.

ઇમામ મુસા કાઝિમ (અલ.)એ પોતાના પૂર્વજોની સનદથી અમીરૂલ મોમેનીન (અલ.)થી આ હદીસ નકલ ફરમાવી છે કે રસૂલૂલ્લાહ (સલ.) ગુરદા હરામ ન હોવા છતાં તેના પૈશાબની જગ્યાએથી નજીક હોવાને કારણે ન ખાતા હતા.)

આ રીતે બીજી મંઝિલ ઇન્સાનના અસ્તિત્વની બાપની પુષ્ટ છે. જ્યાં તેના વિર્યનું સર્જન થાય છે અને આ વાત ઇન્સાન ઘણા સમયથી જાણે છે કે નુત્ફામાં

(વિર્યમાં) એ લાયકાત હોય છે કે મા-બાપના ઘણા બધા ગુણો, સિફાતો મુન્તકેલ કરે.

નુત્ફો ઝાડના "બીજ’ ની જેમ હોય છે કે જ્યારે તે "બીજ’ને જમીનમાં ઉગાડવામાં આવે છે ત્યારે તે વિકાસ, વધવાની સાથે સાથે ધીમે-ધીમે પોતાના ખાસ ગુણો પણ અપનાવતુ જાય છે. આ જ સ્થિતિ જાનવરોમાં હોય છે. આપ જોશો કે પક્ષીઓમાં પોતાના મા-બાપની શકલ અને પાંખોનો રંગ પણ મા-બાપની જેમ હોય છે. ઇન્સાનમાં પણ કંઈક આવુંજ છે. એક હબશીની ચામડીની કાળાશ, વાંકડીયા

વાળ, ચપટું નાક, આંખોના રંગ પોતાના બાપ-દાદાથી સમાનતા ધરાવે છે. એવી જ રીતે દરેક બાળક પોતાના મા-બાપના અવયવો, રંગને પ્રાકૃતિક રીતે પ્રાપ્ત કરે છે.

બીજી રીતે આપણે આમ કહી શકીએ કે તે કોશો (ઠડત્ત્) જેનાથી ગર્ભનું સર્જન થાય છે અને તેમાં બાપ-દાદાના ગુણો હોય છે. જ્યારે કે તે કોશો એટલા નાના, સુક્ષ્મ હોય છે કે તેને સુક્ષ્મદર્શક યંત્ર (ત્રઝદ્રથ્ક્ષ્ઠથ્ક્ષ્રડ) વિના નથી જોઈ શકાતા. તો પણ તે કોશોમાં તે બધા જ પ્રાકૃતિક અને રસાયણિક ગુણો હોય છે જેનાથી

ઇન્સાન ની હકીકત નિશ્ચિત થાય છે. આશ્ચર્ય અહીં છે કે કોશોમાં વારસાગત તત્વો કંઇ રીતે છુપા હોય છે ? તે પ્રોટોપ્લાઝમાનો ક્યો ભાગ હોય છે ? આ તત્વો ક્યાં હોય છે જ્યાં તેમને આ બધું સરખાપણુ પ્રાપ્ત થાય છે ?

# વારસાગત ગુણો

આધુનિક વિજ્ઞાનના વિશેષજ્ઞો અથાગ મહેનત અને સંશોધન પછી આ નતીજા પર પહોંચ્યા છે કે કોશોમાં ઈંડા આકારની કોરવાળી ગાંઠો હોય છે. જેના આંતરિક ભાગમાં ઘણાં નાના નાના જિસ્મ હોય છે. જે કોશોને તોડવાથી જાહેર થાય છે. આ જિસ્મોનું નામ તે લોકોએ "ક્રોમોસોમ' આપ્યુ છે અને આ "ક્રોમોસોમ' માં ઘણાં નાના નાના જિસ્મ હોય છે જેને "જિનિયાત' કહેવામાં આવે છે. અને વિજ્ઞાનના આ વિશેષજ્ઞોએ સાબિત કર્યુ છે કે મા-બાપના વારસાગત ગુણો આ જિસ્મો દ્વારા બાળકમાં

પહોંચે છે.

ઇસ્લામી મુકદ્દસ શરીઅતે પણ આ હકીકત પર ધ્યાન દોરયું છે કે મા-બાપની સીફતો, ગુણો વારસામાં તેમના બાળકો સુધી પહોંચે છે. સૂરએ દહરની બીજી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે : “અમે ઇન્સાનને નુત્ફએ અમશાઝથી પૈદા કર્યો.’’

અમશાઝનો એક અર્થ વિવિધ પ્રકૃતિ ધરાવનાર પણ છે. અમુક તફસીરોમાં અમશાઝ શબ્દની તફસીરમાં કહેવામાં આવ્યુ છે કે આનો અર્થ વિભિન્ન પ્રકૃતિ, સ્વભાવ થાય છે. જેવી રીતે ગરમી, સર્દી, ખુશ્કી

(શુષ્ક), તરી (ભીનુ) વિગેરે, જે વિર્યમાં શામિલ હોય છે. "પછી આજ હૈવાની સિફતોમાં, પશુ સંબંધિત ગુણોમાં અલ્લાહે સંતુલન પૈદા કરીને, સમતોલ લાવીને તેમાં જીવ નાખ્યો અને પછી તેમા શ્રવણ શક્તિ (સાંભળવાની તાકત) અને દ્રષ્ટિ (જોવાની તાકત) અર્પણ કરી. માટે બરકતવાળો તે ખુદા જે રબ્બુલઆલમીન છે."

પૈગંબરે ઇસ્લામ (સલ.)થી હદીસમાં આવ્યું છે કે આપ (સલ.)એ ફરમાવ્યુ : આ વિષે ધ્યાન રાખો કે તમે તમારી અવલાદ્રે ક્યાં સ્થાન આપી રહયા છો ? કઈ જગ્યાએ રાખી રહયા છો ? કારણકે સ્ત્રીઓની રગો

"વસ્સાસ' હોય છે. વસ્સાસ શબ્દની સમજૂતી મશહૂર લુગત (શબ્દકોશ, ડીક્ષનરી) અલ-મુન્જીદના કર્તાએ આ રીતે આપી કે વસ્સાસ નો અર્થ "તે રગો જે મા-બાપના અખલાકને બાળકમાં પહોંચાડે છે.' અને પ્રકૃતિક વારસામાં તેનો જબરદસ્ત અસર હોય છે. આ કારણે પૈગંબરે ઇસ્લામ (સલ.) પોતાના સહાબીઓને નસીહત કરતા હતા કે શાદીના મામલામાં સાવધાનીથી કામ લ્યો, કાળજી રાખો એટલે કે બીજ નાખતા પહેલાં એ જોઈ લો કે જમીન પણ સારી છે કે નથી જેથી અવલાદમાં માં તરફથી અવગુણો ન આવે.

અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી (અલ.)થી રીવાયત છે કે “સારા અખલાક સારા ખાનદાનની નિશાની છે.” આ હદીસ બતાવે છે કે કોઈ પણ વ્યક્તિની સારી આદતો, સદગુણોથી તેના ખાનદાનની પાકીઝગીને જાણી શકાય છે.

ઇમામ હુસૈન (અલ.)ની ઝિયારતે વારેસામાં આપણે પઢીએ છીએ, “હું ગવાહી આપુ છું કે આપ ઉચ્ચ દરજ્જાના સુલ્બમાં, પુષ્ટમાં અને પાકીઝા રેહમમાં નૂર હતા. ઝિયારતનું આ વાક્ય પણ આ બાબત પર દલીલ બની શકે છે કે મર્દની સુલ્બ, પુષ્ટ અને સ્ત્રીના સીનાની (છાતીની) હડ્ડીઓ

વાંસણની જેમ છે. (જેમાં નુત્ફો, વિર્ય રહે છે) અને આ વાત પણ સાબિત થાય છે કે સારા ગુણો મા-બાપથી વારસામાં મળે છે.

અમુક રીવાયતોમાં છે કે હઝરત મહંમદ હનફિયા (રઝિ.) જંગે જમલમાં અમીરૂલ મોઅમેનીન (અલ.)ના અલમબરદાર હતા. પછી અમીરૂલ મોઅમેનીન (અલ.)એ હુકમ આપ્યો કે તેઓ દુશ્મનની સેના પર આગળ વધીને હુમલો કરે, તેઓ થોડા આગળ વધ્યા પણ દુશ્મન તરફથી નેઝા અને તીરોના વરસાદે તેમને વધુ આગળ વધવાથી રોકી લીધા અને તેઓ થોડો સમય પોતાની જગ્યા પર ઉભા

રહયા. આ જોવું હતું કે અમીરૂલ મોઅમેનીન (અલ.) જડપથી તેમની પાસે આવ્યા અને ફરમાવ્યું, “આ નેઝા અને તીરોમાંજ આગળ વધીને હુમલો કરો.” તેઓ સહેજ આગળ વધ્યા પણ ફરી રોકાઈ ગયા. ઇમામે પોતાના બેટાનો આ હાલ જોઈ તેમની પાસે ગયા. પોતાની તલવારનો હાથો તેમના સીના પર માર્યો અને ફરમાવ્યું, “આ તમારામાં તમારી "માં’ ના અસરથી છે.” અને પોતે એવી રીતે હુમલો કર્યો કે દુશ્મનની સફોને ચીરી નાખી.

જનાબ અમીરૂલ મોઅમેનીન (અલ.) ના આ વાક્યથી સાબિત થાય છે કે જે

કમજોરી મહંમદ હનફિયાથી પ્રદર્શિત થઇ તે તેમના બાપ તરફથી વારસામાં ન હતી. કારણકે હૈદરે કર્રારને ત્યાં કમ હિમ્મતીનો કોઈ વિચાર પણ ન કરે. માટે મહંમદ હનફિયાનું રોકાઈ જવું તેમની "માં' ના અસરથી હતું.

# તફરા (આકસ્મિક કુદકો)

મોટેભાગે આપણે જોઇએ છીએ કે મા-બાપના ગુણો બાળકોમાં વારસાગત આવે છે. પણ અમુક એવા પાત્રો પણ જોવા મળશે કે જ્યાં મા-બાપના ગુણો અવલાદમાં નથી આવ્યા. એવા ઘણાં દાખલા જોવા મળશે જ્યાં વિરસાનો કાયદો લાગુ નથી પડયો અને આ વાત ઇન્સાન, જાનવરો, વનસ્પતિ બધામાં જ જોવા મળશે કે સિફતો, ગુણો મંદ પડી જાય છે. એક જગ્યાએ જામી જાય છે અને અગાઊની સિફતો તેના પછીવાળા સુધી નથી પહોંચતી. આને "તફરહ' (આકસ્મિક કુદકો)

કહેવામાં આવે છે. આ માટેના ઉદાહરણ ઘણા મળી આવશે. જેવી રીતે કે આપણે જોઇએ છીએ કે અમુક છોકરાઓ સફેદ ચામડીના, લાલ વાળ, સફેદ આંખોવાળા પૈદા થાય છે. જ્યારે એમના મા-બાપ આવા નથી હોતા. આ તફરા, આકસ્મિક કુદકા માટે નીચે આપેલા બે મોટા કારણો હોઈ શકે છે.

# તફરાના કારણો

સૌથી પેહલાં એ કે તફરાવાળી નસલમાં જે સિફતો જાહેર થાય છે તે અગાઊની નસલોમાં (વંશમાં) હતી. અગરચે દૂરની નસલ હોય તેમાં આ સિફતો હતી પણ જાહેર ન થઈ શકી હતી. છુપી રહી ગઈ હતી. પછી અમુક એવી અનુકૂળ સ્થિતિ, ઉચિત હાલતો પૈદા થઈ કે તે નસલોમાં આ છુપી સિફતો જાહેર થવા લાગી.

ઇમામ અલી રઝા (અલ.) પોતાના અજદાદ્ની (પૂર્વજોની) સનદથી બયાન ફરમાવે છે : પૈગંબર (સલ.) એ એક

વ્યક્તિને પૂછયું, શું પૈદા થયું તારે ત્યાં ? તેણે જવાબમાં કહયું યા રસૂલલ્લાહ, શું પૈદા થવાનું છે છોકરો અથવા છોકરી. પૈગંબર (સલ.)એ પૂછયું, તે કોના જેવો છે ? તે વ્યક્તિએ જવાબ આપ્યો, એની માં જેવો હશે અથવા એના બાપ જેવો. આપ (સલ.)એ ફરમાવ્યું, આવું ન કહો, કેમ કે નુતફો (વિર્ય) જ્યારે માંના ગર્ભમાં કરાર પામે છે ત્યારે અલ્લાહ હઝરત આદમ (અલ.)થી લઈને તે બાળક સુધી જેટલી નસલ ગુજરી ચુકી છે બધાને પેશ કરે છે. શું તમે આ આયત નથી પઢી જેમાં અલ્લાહ ફરમાવે છે :

"જે રૂપમાં અલ્લાહ ચાહે છે તેને બનાવી દે છે." (સૂ. ઇન્ફેતાર, આ. 8)

એટલેકે અલ્લાહ તમારા અને હઝરત આદમ (અલ.) દરમિયાનની બધી શક્લોમાંથી એક શકલ, સૂરત બનાવી દે છે. (બિહારૂલ અનવાર - ભાગ 7, પેજ 94)

બીજુ કારણ આ છે કે પ્રકૃતિમાં અમુક એવા અસબાબ, કારણો પૈદા થાય છે જે જિનીનમાં (ગર્ભમાં) શરૂઆતી ફેરફારનું કારણ બને છે. જેના નતીજામાં નવી સિફતો પૈદા થાય છે. આ રીતે ત્રણ પ્રકારની હાલતો શક્ય છે :

(1) વારસાગત સિફતોનું, ગુણોનું સતત

જાહેર થવું.

(2) અમુક વારસાગત ગુણોનું કોઇ નસલમાં છુપુ રેહવું અને એક મુદ્દત સુધી છુપુ રેહવું.

(3) નવી સિફતોનું જાહેર થવું. આ સિફતોનું ત્યાર પછી પણ નિરંતર રહેવું.

## જિનીનના (તે બાળક જે માંના ગર્ભમાં હોય) સર્જનમાં ખોરાકનો અસર

અમે પ્રકૃતિમાં, તબીઅતમાં અમુક એવા અસબાબ, કારણોનાં પૈદા થવાનું વર્ણન કર્યું જેનાથી વારસાગત ગુણોમાં ફેરફાર આવે છે. આ વાતને હદીસોથી પણ સમર્થન મળે છે. જેમાં બતાવવામાં આવ્યું છે કે અમુક વસ્તુઓમાં અમુક સિફતો પૈદા કરવાની ખાસિયત હોય છે. એટલે કે તેના દ્વારા "તફરા'ના કાનૂન સુધી પહોંચવું શક્ય છે. જેવી રીતે કે અમૂક ખોરાક વિષે આવ્યું છે કે તેનો અસર નુત્ફા સુધી પહોંચે છે. હદીસોમાં છે કે નસ્લ સુંદર પૈદા થવા માટે

સફરજન, નાસપતી અને ખજૂર ખાવું જોઈએ.

કિતાબુલ વસાએલ બાબ અતએમા અને અશરેબામાં પૈગંબર (સલ.)થી હદીસ છે કે આપ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વ સલ્લમે ઝુબૈરને ફરમાવ્યું: “નાસપતી ખાયા કરો કારણકે તેમાં ત્રણ ખુબીઓ છે. તે દિલને સુકુન આપે છે, કંજુસને સખી બનાવી દે છે અને ડરપોકને બહાદુર બનાવે છે.’’ (ઈરાનમાં આ ફળને "બેહ’ કહેવાય છે. જે સફરજન જેવા આકારમાં હોય છે. લીલા રંગનુ હોય છે. નાસપતિ અને બેહના ટેસ્ટમાં ઘણો તફાવત છે. - અનુવાદક)

ઉપરોકત કિતાબમાં અમુક હદીસોમાં છે કે જે વ્યક્તિ ખાલી પેટ, નાશ્તા પહેલાં નાસપતી ખાય છે તેનું વિર્ય પદાર્થ બેહતર થાય છે અને બાળક ખુબસુરત પૈદા થાય છે. અમુક હદીસોમાં છે કે નાસપતી રંગને સાફ કરે છે અને બાળકને ખુબસુરત બનાવે છે.

એક બીજી હદીસમાં છે કે પૈગંબરે ઇસ્લામ (સલ.) એ અમીરૂલ મોમેનીન (અલ.) ને ફરમાવ્યું, “અય અલી, જે ત્રણ દિવસ સતત નાશતા પહેલાં નાસપતી ખાય તો એનું ઝેહન સાફ થાય છે. ઇલ્મ અને સહિષ્ણુતામાં વધારો થાય છે અને

શયતાનોથી સુરક્ષિત રહે છે.”

કિતાબુલ વસાઇલમાંજ બાબ અતએમા અને અશરેબામાં પૈગંબરે ઇસ્લામ (સલ.)એ હઝરત અલી (અલ.)ને ફરમાવ્યું, “અય અલી, નવ ચીજોને ખાવાથી ભૂલવાની બીમારી પેદા થાય છે : (1) ખાટું સફરજન (2) ધાંણા (3) પનીર (4) ઉંદરનું એંઠું ખાવું (5) કબરો પરનું લખાણ વાંચવુ (6) બે સ્ત્રીઓની દરમિયાન ચાલવું (7) માથામાં જુ નું પડવું (8) મકામે નુકરા (નિતંબના ઊપરના એક ભાગમાં)થી શરીરનું દૂષિત લોહી કાઢવું (9) સ્થિર પાણીમાં પેશાબ કરવું.

અનારના (દાડમ) વિશે આવ્યું છે કે જે વ્યક્તિ અનાર ખાય છે તેનું દિલ રોશન થાય છે અને જેનું દિલ રોશન થાય, દિલમાં નૂરાનિયત આવે તેનાથી શયતાન દૂર ભાગે છે.

ઇમામ જાફર સાદિક (અલ.) ફરમાવે છે: "જો હું ઇરાકમાં હોત તો સુરાની દાડમ ખાત અને નેહરે ફૂરાતમાં ગુસ્લ કરત."

આ ફરમાન પણ આપનું જ છે કે અનારને તેના ગુદા સાથે (અંદરૂની પદાર્થ સાથે) ખાયા કરો જેનાથી પેટ સાફ થાય છે અને વ્યક્તિને ઝહીન, હોશિયાર બનાવે છે.

ખજૂરના વિશે ઇમામ જાફર સાદિક

(અલ.)નું ફરમાન છે કે એક વખત પૈગંબરે ઇસ્લામ (સલ.)ની પાસે કોઇ ખજૂર તોહફામાં લાવ્યું. આપ સલ્લલ્લાહો અલયહી વ આલેહી વસલ્લમે લાવવાવાળાને પૂછયું, આ કઈ ખજૂર છે ? તેણે કહ્યું, આ બરની ખજૂર છે. આપ (સલ.)એ ફરમાવ્યું, જુઓ આ જિબ્રઈલ બતાવી રહ્યા છે કે આ પ્રકારની ખજૂરમાં નવ ખૂબીઓ હોય છે :

(1) શયતાનને કમજોર કરે છે.

(2) કમરમાં તાકત મળે છે.

(3) સમાગમની શક્તિમાં વધારો કરે છે.

(4) અલ્લાહથી નજદીક કરે છે.

(5) જોવાની શક્તિ અને સાંભળવાની

શક્તિમાં ફાયદો પહોંચાડે છે.

(6) શયતાનથી દૂર રાખે છે.

(7) ખોરાકને પાચન કરે છે.

(8) બીમારીઓને દૂર કરે છે.

(9) મોંઢામાં ખુશ્બુ પૈદા કરે છે.

અમુક હદીસોમાં છે કે દરેક ખજુરની સાથે એક નેકી છે.

પનીરના વિશે રીવાયતોમાં આવ્યું છે કે પનીર દિવસે ખાવું નુકસાનકારક છે અને રાતે ખાવામાં ફાયદો છે અને પીઠના પાણીમાં વધારો કરે છે. ઇમામ જાફર સાદિક (અલ.) ફરમાવે છે કે પનીર અને અખરોટ સાથે ખાવામાં બન્નેમાં શીફા છે

અને બન્ને અલગ પડે તો દરેકમાં બીમારી છે.

અહીંયા સુધી હદીસોનું વર્ણન હતું અને ફિઝીક્સના વિદ્વાનોએ પણ કહયું છે કે જ્યારે કોઈ વ્યક્તિ સમાગમનો ઇરાદો કરે છે ત્યારે તેના ખોરાકમાં જરૂરી વિટામીનનું હોવું જરૂરી છે. ખાસ કરીને વિટામીન "એ' હોવું જરૂરી છે. તે લોકોનું કેહવું છે કે સંભોગના સમયે બાપના નુતફામાં (વિર્યમાં) ઝેહરીલા તત્વો હોય તો બાળક નુક્સવાળું અથવા બદશકલ પૈદા થાય છે. આ ઝેહરીલા તત્વો ખોરાકની ખરાબીના કારણે પૈદા થાય છે. આ જ રીતે નશાવર, મસ્તી પૈદા કરનારી

ચીજોનું સેવન, શરાબ વિગેરે પણ પેટના બાળક પર ખરાબ અસર કરે છે. કારણકે આ ચીજોનું સેવન બાપના નુત્ફાને ઝેહરીલુ બનાવી દે છે. આ કારણે નિષ્ણાંતો નશાઆવર ચીજોથી દૂર રહેવાનું કહે છે. ઇસ્લામે પણ આ નિષ્ણાંતોના કોઈ નતીજા, નિર્ણય સુધી પહોંચતા પહેલા જ શરાબ અથવા મસ્તી પેદા કરનારી ચીજોના નુકસાનથી લોકોને આગાહ કરી દીધા છે.

જ્યારે ચર્ચા અહીંયા સુધી પહોંચી છે કે નશાવાળી ચીજો નુતફાને (વિર્યને) ઝેહરીલું બનાવી દે છે તો મુનાસિબ છે અહીંયા નશાવાળી ચીજોના અકલી (અક્કલ પર

અસર કરનાર) અખ્લાકી, સામાજિક અને તંદુરસ્તીને લગતા નુકસાનોને બયાન કરવામાં આવે.

જેવી રીતે અમુક વિદ્વાનોએ શરાબના ઇન્સાનની નસલ, વંશવૃદ્ધિ અને અવયવો પર ખરાબ અસરો વિષે લખ્યું છે કે ઘેટાના ચામડા સાથે તૈયાર થયેલી કબાબ, સીસુના વાસણમાં તૈયાર થએલી શરાબ વિર્યને ઝેહરીલું બનાવનાર કારણોમાંથી છે. નિષ્ણાંતોએ લખ્યુ છે કે શરાબ ઇન્સાનની ખ્વાહિશોને કમજોર કરી દે છે. ઇન્સાનને બેશરમ બનાવી દે છે. બિભસ્ત વાતો પર ઉત્તેજના આપે છે. આ સિવાય શરાબના

કારણે ઘણી બધી બીમારીઓ પૈદા થાય છે.

શરાબના સામાજિક નુકસાનોમાં એક આ નુકસાન છે કે ઇન્સાની નસ્લ, વંશ કમજોર પૈદા થાય છે અને અમુક વખત ત્રીજી અથવા ચોથી પેઢીમાં વાંઝિયાપણાનું કારણ બને છે અને પહેલી અથવા બીજી પેઢીમાં કેન્સરની બીમારી લાવે છે.

શરાબ પીવાથી સમાજ પર જે ખરાબ અસરો પડે છે તેનાથી પણ ગફલત ન કરવી જોઈએ. જે લોકો શરાબ પીએ છે તેમના બાળકોની તરબિયત સારા માહોલમાં નથી થતી અને આ માહોલમાં જ આ બાળકો વિકાસ પામે છે. (કિતાબ અલ-

 amillibrary.com

ખમ્ર, શેખ મહંમદ રઝા સમાવી)

શરાબની અસર શરીરમાં લોહીના પરિભ્રમણ પર પણ પડે છે. શરાબના કારણે શરીરની પાતળી અને જાડી નસો પહોળી થઈ જાય છે. શરાબના કારણે શરીરમાં કચરો પૈદા થાય છે. જેથી બદ્નની નસો સખત થઈ જાય છે અને પોતાની પ્રવૃત્તિથી રોકાઈ જાય છે.

શરાબના કારણે પાચન શક્તિ ખરાબ થઈ જાય છે અને પાચન શક્તિ ખરાબ થવાથી પુરા શરીર પર અસર પડે છે. જ્યારે કે ખોરાક જ તંદુરસ્તીને બાકી રાખવાનો સહારો છે. શરાબનો અસર ગુરદા

(મુત્રપિંડ) પર પણ પડે છે. ઘણી વખત શરાબના સેવનથી મુત્રપિંડ પોતાનું કાર્ય છોડી દે છે. ગુરદા (મુત્રપિંડ)નું કામ મુત્રને સાફ કરવાનું હોય છે. શરાબના સેવનથી લોહી પેશાબમાં ભળી જાય છે. જેનાથી લોહીના પરીભ્રમણમાં અવરોધ પૈદા થાય છે. આ રીતે શરીરની રક્ષણાત્મક શક્તિ નાબૂદ થઈ જાય છે. શરાબના સેવનથી શરીરમાં ઘણી બધી બીમારીઓ પૈદા થાય છે.

એક અકલમંદ ઇન્સાન શરાબના આ બધા નુકસાનને જોઈને શરાબના સેવનથી બચવાની કોશીશ કરશે. ઇસ્લામમાં

શરાબના સેવનથી સખત રોકવામાં આવ્યું છે. ત્યાં સુધી કે શરાબનું ખરીદ-વેચાણ અને તેને તૈયાર કરવું પણ હરામ છે. શરાબને નજિસુલ અયન કહેવામાં આવ્યું છે. તો શા માટે તેનાથી પરહેજ ન કરીએ.

અલ્લાહતઆલા ફરમાવે છે :

“અય લોકો જેઓ ઈમાન લાવ્યા છે, શરાબ, અનસાબ અને અઝલામ શયતાની અમલની ગંદી ચીજો છે. માટે તમે લોકો આ ચીજોથી બચો. જેથી તમે કામિયાબી પામશો. નિ:શંક શયતાન તો ઇચ્છે છે કે દારૂ, જુગાર દ્વારા તમારા લોકોની દરમિયાન દુશમની અને કીનો નાખી દે.

અને તમને અલ્લાહના ઝિક્ર અને નમાઝથી રોકે. તો શું તમે લોકો આ ચીજોથી દૂર રહેશો.'' (સૂ. માએદા, આ. 90-91)

એક હદીસમાં પૈગંબર (સલ.) ફરમાવે છે: “અલ્લાહે લઅનત કરી છે શરાબ પર, તેના પીવાવાળા પર, તેના વેચવાવાળા પર, તેના ખરીદ્દાર પર, શરાબ નીચોડવાવાળા પર, શરાબને લઈ જવાવાળા પર, શરાબ ઉઠાવવાવાળા પર, શરાબને મંગાવનાર પર અને શરાબથી કમાઈ કરનાર બધાજ લોકો પર લઅનત કરી છે.''

કેટલીક હદીસો આપ (સલ.)થી વર્ણન

થઈ છે,

“શરાબથી બચો કે તે બુરાઈની ચાવી છે.”

“શરાબથી બચો કે તે તમામ બુરાઈઓની જડ છે.”

“જે વ્યક્તિ અલ્લાહ અને કયામત પર ઈમાન રાખે છે તે શરાબનું સેવન ન કરે અને તે દસ્તરખ્વાન પર ન બેસે જ્યાં શરાબ પીવામાં આવતી હોય.”

“જે શરાબના સેવનની આદતના કારણે મરી જાય તે અલ્લાહની બારગાહમાં બુતપરસ્તની જેમ જશે.”

“ઝિના કરવાવાળો ઝિના કરતી વખતે

મોમિન નથી રેહતો. ચોર ચોરી કરતા સમયે મોમિન નથી રહેતો. શરાબ પીવાવાળો શરાબ પીતી વખતે મોમિન નથી રહેતો.”

ઉપરોકત હદીસો સિવાય પણ ઘણી બધી હદીસો શરાબની બુરાઈમાં આવી છે અને આ હકીકત એટલી સ્પષ્ટ છે કે તેના પર કોઈ દલીલબાજીની જરૂરત નથી.

આપણી ચર્ચા આ વિષય પર ચાલી રહી હતી કે બાળક જ્યારે માં ના ગર્ભાશયમાં હોય છે ત્યારે ખોરાકનો અસર બાળક પર શું થાય છે. કેટલીક ચીજો એવી પણ છે જેનું ખાવું અથવા પીવું જિનીન

(ગર્ભના બાળક) માટે નુકસાનકારક છે. તેના અનુસંધાનમાં શરાબ (દારૂ) પર લાંબી ચર્ચા થઈ.

ઇસ્લામી શરીઅતમાં અમુક સમયે અને અમુક સ્થિતિમાં સંભોગ કરવાનું મના કરવામાં આવ્યું છે. નવા જમાનાનું સંશોધન, વૈજ્ઞાનિક પ્રગતિ કદાચ આ રહસ્યો, ભેદો સુધી પહોંચી શકે છે કે શા માટે મના કરવામાં આવ્યું ? જેવી રીતે કે ખોરાકની અસર વિર્ય પર અને તેનાથી પૈદા થનાર બચ્ચાના ઊપર શું થાય છે. વિજ્ઞાને કેટલીક ખાવાની ચીજો પર આ વિશે જાણી લીધું છે.

# સંભોગ માટે મકરૂહ સમય

ફકીહોએ, આલિમોએ હદીસની રોશનીમાં વર્ણન કર્યું છે કે આઠ એવા સમય છે કે જ્યારે જિમાઅ (સંભોગ) કરવું મકરૂહ છે.

(1) ચંદ્ર ગ્રહણની રાતે.

(2) સૂરજ ગ્રહણના દિવસે.

(3) ઝવાલે આફતાબના સમયે (ગુરૂવાર સિવાય).

(4) ગુરૂબે આફતાબના સમયે. જ્યાં સુધી શફક (સફેદી) ન ચાલી જાય.

(5) મહાકની રાતોમાં (મહાક એટલે ચાંદ્રા મહીનાની તે બે અથવા ત્રણ રાતો જ્યારે

ચાંદ બિલકુલ ગાયબ થઈ જાય છે).

(6) તુલુએ ફજરથી (સુબહ સાદિકથી) તુલુએ આફતાબ (સૂરજ નીકળતા) સુધી.

(7) દરેક ઇસ્લામી મહીનાની પહેલી રાતે (ચાંદરાત), રમઝાન સિવાય.

(8) દરેક ઇસ્લામી મહીનાની પંદરમી રાતે.

આ સિવાય પણ બીજી અમુક સ્થિતિમાં સંભોગ મકરૂહ છે. દષ્ટાંત રૂપે સફરમાં જ્યારે કે ગુસલ માટે પાણી ન હોય. કાળી, પીળી, લાલ આંધી (વાવાઝોડું) ચાલી રહી હોય ત્યારે મકરૂહ છે. ધરતીકંપના સમયે પણ મકરૂહ છે. આવી જ રીતે સંપૂર્ણ

નગ્નાવસ્થામાં સંભોગ કરવું પણ મકરૂહ છે. એહતિલામ (સ્વપ્નદોષ) થયા પછી ગુસલ અથવા વઝુ વગર સંભોગ કરવું મકરૂહ છે. હાં એક વખત સંભોગ કર્યા પછી તુરંત વઝુ વગર સંભોગ કરવું મકરૂહ નથી. છેલ્લા સંભોગ પછી ગુસલ કરે. કારણકે હદીસમાં સ્વપ્નદોષ અને સંભોગમાં આ ફર્ક બયાન થયો છે કે સ્વપ્નદોષ શયતાન તરફથી હોય છે. વારંવાર સંભોગની સ્થિતિમાં શરમગાહ (ગુપ્તાંગો) ને ધોવું અને સંભોગ પહેલાં વઝુ કરવું મુસ્તહબ છે.

આવી જ રીતે મકરૂહ છે સંભોગ કરવું એવી સ્થિતિમાં કે જ્યારે કોઈ સમજદાર

વ્યક્તિના જોઈ શકવાનો ડર હોય, અથવા કોઈ સમજદાર વ્યક્તિ પુરૂષ-સ્ત્રીની વાતોને અથવા શ્ર્વાસને સાંભળતો હોય અને પુરૂષ માટે મકરૂહ છે કે સંભોગ કરતી વખતે સ્ત્રીની શરમગાહ ને જુએ.

ઇમામ જાફર સાદિક (અલ.)થી રીવાયત થઈ છે કે પૈગંબર (સલ.)એ ફરમાવ્યું, "તેની કસમ જેના હાથમાં મારી જાન (આત્મા) છે. જો કોઈ પુરૂષ પોતાની પત્નીથી સંભોગ કરે જ્યારે કે તે ઘરમાં કોઈ બાળક જાગી રહ્યું છે, એવી રીતે કે આ બન્નેને જોઈ રહયું છે અને આ બન્નેની વાતો અને શ્ર્વાસને સાંભળી રહયું છે તો આ

વ્યક્તિ કદી કામ્યાબ નહીં થાય. આ બાળક છોકરો હોય કે છોકરી ઝિનાકાર (વ્યભિચારી) બનશે.

ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)ના વિષે આવ્યું છે કે જ્યારે આપ પોતાની પત્નીથી સમાગમનો ઇરાદો ધરાવતા તો રૂમના દરવાજાને તાળું લગાવતા. પછી દરવાજા પર પડદો નાખી દેતા અને પછી કોઇ પણ નોકરને ઓરડાની નજીક આવવાની રજા ન હતી. (ઇલલુશરાએઅ શેખ સદૂક રહ.)

આ વાત યાદ રાખવામાં આવે કે બાળક ગમે તેટલું નાનું હોય, નાસમજ હોય

તો પણ પોતાની પત્ની સાથે સમાગમ કરતી વખતે એહતેયાત-સાવચેતી જરૂરી છે. બાળક સુતુ હોય તો પણ તે રૂમમાં સંભોગ ન કરવો જોઇએ. નહીં તો બાળકનું ઝિનાકાર, વ્યભિચારી બનવાનો ખતરો છે.

આપણી ચર્ચા સંભોગના મકરૂહ સમય વિશે ચાલી રહી હતી. અમુક રીવાયતોમાં આવ્યું છે કે ઝોહરના સમય પછી સંભોગ કરવું મકરૂહ છે. કારણકે આ સમયે સંભોગ કરવાથી બાળક ત્રાસી આંખવાળુ પૈદા થવાનો ડર છે. હાં ગુરૂવારના દિવસે ઝોહર પછી મકરૂહ નથી. અને આ પણ મકરૂહ છે કે કોઇ પરાઈ સ્ત્રીને જોઈને અથવા

વિચારોમાં રાખીને જે શહવત (વાસના) પૈદા થાય છે આ જ શેહવતમાં (વાસનામાં) પોતાની પત્નીથી સંભોગ

કરે. કારણકે આમ કરવાથી બાળક પથારી પર પૈશાબ કરે છે. બકરી ઈદ્ની રાતના પણ સંભોગ મકરૂહ છે કારણકે બકરી ઈદ્ની રાતના સંભોગ કરવાથી બાળક જ્યારે પૈદા થાય છે તો તેની એક આંગળી ઓછી અથવા વધારે હોય છે.

ફળદ્રુપ ઝાડ નીચે સંભોગ કરવું મકરૂહ છે. કારણકે તેનાથી બાળક હત્યારો, ક્રુર, કાતિલ અથવા "અરીફ'ાૈદા થાય છે. સૂરજના કિરણો પડતા હોય ત્યાં પડદો

નાખ્યા વગર સંભોગ કરવું પણ મકરૂહ છે કારણકે તેનાથી બાળકને જિન્દગીભર ફકીરી નસીબ થાય છે. આવી જ રીતે અઝાન અને ઇકામત દરમિયાન સંભોગ કરવું મકરૂહ છે જેનાથી બાળક બીજાનું ખૂન કરવા પર રૂચિ, રગબત ધરાવનાર પૈદા થાય છે. વઝુ કર્યા વગર સંભોગ મકરૂહ છે. કારણકે તેનાથી બાળક બસીરત વગરનું (દીનમાં સમજશક્તિ ન હોવી) અને કંજુસ પૈદા થાય છે. ખુલ્લી છત (ધાબા) પર સંભોગ કરવું એટલા માટે મકરૂહ છે કે બાળક મુનાફિક અને દંભી (રીયાકાર) બની શકે છે. આવી જ રીતે ખિઝાબની હાલતમાં (વાળને રંગ

કરવું) અથવા ભરપેટ જમ્યા પછી તરત સંભોગ કરવું પણ મકરૂહ છે. સંભોગ કરતી વખતે અલ્લાહના ઝિક્ર સિવાય વાત કરવી પણ મકરૂહ છે. વધુ માહિતિ માટે ફિકહ અને હદીસની કિતાબોનું વાંચન કરો.

# જિમાઅ (સંભોગ) માટેના મુસ્તહબ સમય

સંભોગ વખતે બિસ્મિલ્લાહ કેહવું અને વઝુ સાથે હોવું મુસ્તહબ છે. સોમવારની રાતે (રવિવારના દિવસ પસાર થયા પછી) સંભોગ કરવું મુસ્તહબ છે. જેનાથી બાળક કુરઆનનો હાફિઝ અને અલ્લાહની રઝા (પસંદ) પર રાઝી રહેનારો થાય છે. મંગળવારની રાતે (સોમવારનો દિવસ પસાર થયા પછી) પણ જિમાઅ મુસ્તહબ છે. કારણકે આ રાતે જિમાઅ કરવાથી જો બાળક પૈદા થાય તો શહાદતનો દરજ્જો પણ પામી શકે છે અને અલ્લાહ આ

બાળકને અઝાબ નથી કરતો. આ બાળકના શરીર અને મોઢામાં એક પ્રકારની ખુશબુ હોય છે. રહમદિલ (દયાળું) સખી હોય છે. ગીબત અને બીજા પર તોહમત નાખવાથી પાકીઝા હોય છે.

ગુરૂવારના દિવસે ઝવાલે આફતાબ (ઝોહરની પહેલા) ના નજીક જિમાઅ મુસ્તહબ છે. આ બાળક શયતાનની શરારતોથી હિફાઝતમાં હોય છે અને અલ્લાહ આ બાળકને દીન અને દુનિયામાં સલામતી અતા કરે છે. જુમ્આના દિવસે અસરના સમયે જિમાઅ મુસ્તહબ છે. જેનાથી બાળક પ્રખ્યાત આલિમે દીન બને

છે અને શબે જુમ્આ ઇશા પછી સંભોગ કરવાથી બાળક અબદાલ, દુનિયાદારીથી બિલકુલ દૂર રહેનારો, પરહેઝગાર પણ બની શકે છે.

આ ચર્ચાને બીજા શબ્દોમાં આ રીતે કહી શકાય કે મુસ્તહબ સમયને અપનાવવાથી અને મકરૂહ સમયથી બચીને વ્યક્તિ પોતાના બાળકની પૈદાઇશમાં નેકી અને ભલાઈ તરફ "તફરા'ની ઉમ્મીદ કરી શકે છે. "તફરા' એટલે આકસ્મિક છલાંગ જેની ચર્ચા આ પહેલાં પેજ 27-28 પર થઈ ચુકી છે.

આગળ અમે ચર્ચા કરીશું કે

વારસાગત ગુણો (સિફતો) બે પ્રકારની હોય છે. તેમાં અમુક નિશ્ચિત હોય છે અને અમુકમાં ફેરફાર શક્ય છે. એટલેકે આ વસ્તું શક્ય છે કે જો તે બુરી હોય તો બાળકને તેનાથી બચાવી શકાય છે અને સારી હોય તો તેમાં વિકાસ, સ્થિરતા માટે કોશીશ કરી શકાય છે. હઝરત નૂહ (અલ.)નો બેટો આ માટેની બેહતરીન સાબિતિ છે જેના માટે શક્ય હતું કે હકને અપનાવીને પોતાને અલ્લાહના અઝાબથી બચાવી શકત.

# ત્રીજી મંઝિલ

## "મા' નું પેટ

ઇન્સાન બાપની પુષ્ટથી મુન્તકિલ થઈને "મા' ના પેટમાં આવે છે. આ મંઝિલમાં ઇન્સાન ત્રણ અંધકારમાં ઘેરાયેલો હોય છે. સૌ પ્રથમ તે પાતળા પડનું અંધારૂં જેમાં બાળકની પૈદાઇશ થાય છે. રેહમ એટલેકે ગર્ભાશયનું અંધારૂં અને પેટનું અંધારૂં, મતલબ ત્રણ અંધકારમાં અથવા પરદામાં બાળક હોય છે.

કોઈ પણ વ્યક્તિની પૈદાઇશમાં જે ચીજો અસર નાખે છે તેમાંથી કેટલીક મા ના ગર્ભાશય (બચ્ચાદાની) માં એવી જ

રીતે હોય છે જેવી રીતે કે તેમાંથી કેટલીક બાપની પુષ્ટમાં હોય છે. ઇલ્મી સંશોધનોથી આ વાત સાબિત થઈ ચુકી છે કે ઇન્સાનની ખુશનસીબી અને બદ્નસીબી માટે આ સમયગાળો ઘણો જ મહત્ત્વ ધરાવે છે. આ હકીકતને અમે કુરઆનકરીમ, હદીસો તથા આલીમોના કૌલ (કથન) ની રોશનીમાં સંક્ષિપ્તમાં બયાન કરીએ છીએ.

કુરઆનની આયતો : અલ્લાહતઆલા ફરમાવે છે :

"અને નિ:સંશય અમે ઇન્સાનને ભીની માટીના તત્વોથી પૈદા કર્યો. પછી અમે તેને નુત્ફો (વિર્ય) બનાવીને એક સુરક્ષિત

જગ્યાએ રાખ્યો. પછી અમે આ નુત્ફાને જામેલું લોહી બનાવ્યુ. પછી આ જામેલા લોહીને અમે મુઝગા (માંસનો લોચો) બનાવ્યો. પછી આ માંસના લોચામાં હડ્ડીઓ પૈદા કરી અને હડ્ડીઓ પર અમે ગોશ્ત ચઢાવ્યું. પછી અમે ઇન્સાનને એક બીજુ જ સર્જન બનાવ્યું. બરકતવાળો છે તે અલ્લાહ જે સૌથી બેહતર પૈદા કરવાવાળો છે.'' (સૂ. મોઅમેનૂન, આ. 12-14)

આ આયતે કરીમા વિશે અલ્લામા મહંમદહુસૈન તબાબતાઇ પોતાની તફસીર અલ-મીઝાન ના પંદરમાં ભાગમાં લખે છે કે "નુતફો' થોડા પાણીને કહેવામાં આવે છે

અને શબ્દ "કરાર’ રોકાવાની જગ્યા અર્થ લેવામાં આવ્યો છે. અને શબ્દ "મકીન’નો અર્થ "મુતમક્કીન’ એટલે કે કુદરત રાખવાવાળો, કારણકે બચ્ચાદાની નુત્ફાને નાશ પામવાથી અથવા ફાસિદ (બગડવાથી) થવાથી બચાવે છે. અથવા મુતમક્કીન એ અર્થમાં કે નુતફો પોતે બચ્ચાદાનીમાં સુરક્ષિત રહી શકે છે.

હવે આયતનો અર્થ આ થશે કે અમે ઇન્સાનને નુતફાની હાલતમાં એક સુરક્ષિત જગ્યા એટલે કે રેહમમાં રાખ્યો. જ્યારે કે શરૂઆતમાં માટીથી પૈદા કર્યો હતો. મતલબ એક હાલતથી બીજી હાલતમાં

બદલવામાં આવ્યો.

સ્પષ્ટ છે કે સુન્નતે ઇલાહી (ઇલાહી પ્રણાલિકા) માં કોઈ ફેરફાર નથી થતો. જેવી રીતે કે અલ્લાહનું ફરમાન છે :

“કદી પણ તમે અલ્લાહના તરીકામાં કોઈ ફેરફાર ન જોશો અને કદી પણ અલ્લાહની પ્રણાલિકા (સુન્નત)માં ફેરફાર થશે નહી.” (સૂ. ફાતિર, આ. 43)

જેથી કરીને ઇન્સાન દરેક ઘડીએ કુદરતના કાનૂન પ્રમાણે એક હાલતથી બીજી હાલતમાં માના રેહમમાં (બચ્ચાદાનીમાં) પૈદાઇશ સુધી બદલાતો રહે છે અને ડગલે ને પગલે ધીમે ધીમે

કમાલનો રસ્તો (પુર્ણતાનો રસ્તો) અલ્લાહના હુકમથી પસાર કરતો રહે છે. પછી તે માંસના લોચાની જેમ બને છે. ત્યાર બાદ અલ્લાહના કાનૂન પ્રમાણે ગોશ્ત અને હાડકાં મળીને એક માળખુ બની જાય છે. પછી દુનિયાને પૈદા કરવાવાળો અલ્લાહ તેમાં રૂહ ફૂંકે છે. આ ફેરફારો જે "મા'ના રેહમમાં બાળક પર લગાતાર પેશ આવે છે, તેના કારણે ઇન્સાનમાં ખુશનસીબી અને બદ્નસીબીની કાબેલિયત પૈદા થાય છે.

## જનીન (ગર્ભાશયના બાળક) ની જિન્દગીની શરૂઆત કોશથી થાય છે

અલ્લાહતઆલા ફરમાવે છે :

“અલ્લાહ તે જ છે જેણે રહિમ (ગર્ભાશય)માં તમારી સૂરત (મૂખાકૃતિ) જેવું ઇચ્છે છે બનાવે છે. અલ્લાહના સિવાય કોઇ બંદગીના લાયક નથી. તે સર્વશક્તિમાન અને હિકમતવાળો છે.” (સૂ. આલે ઇમરાન, આ. 6)

કેટલાક વિદ્વાનોએ આ આયતની તફસીરમાં લખ્યું છે કે જેવી રીતે આજના સમયમાં ઉપરોકત આયતનો મતલબ જેટલો સ્પષ્ટ છે તેવો પહેલાં ન હતો.

કારણકે હવે જીવશાસ્ત્ર અને જનીન (પૈદાઇશ પહેલાં માં ના પેટમાં ઙ્ગગર્ભાશયમાંઝ બનતા બાળક) વિશે ઘણી બધી હકીકતો જાણી લેવામાં આવી છે. જેવી રીતે ખબર પડી કે જનીન (ગર્ભાશયનું બાળક) હકીકતમાં કોશો હોય છે. જેમાં ન ઇન્સાનની શકલ હોય છે કે ન અવયવો વિગેરે. પછી ઘણી જલ્દી તેમાં ફેરફાર થાય છે જ્યારે કે તે રહિમ (ગર્ભાશય) ના અંધારામાં હોય છે. દરરોજ નવી શકલ બનતી જાય છે. અને ધીમે ધીમે જાહેરમાં એક સુંદર ચેહરો અને શરીરના અંદરથી પણ એક મજબૂત સીસ્ટમ સાથે ઇન્સાન

બની જાય છે.

આશ્ચર્યજનક વાત આ છે કે આ બધો શૃંગાર, સજાવટ પાણી પર થાય છે. જ્યારે કે આ વાત પ્રખ્યાત છે કે પાણી પર કોઇ આકૃતિ નથી બનતી અને કહેવામાં આવે છે કે પાણી પર કોણ તસ્વીર બનાવી શકે છે ?

છેવટે જનીન જ્યારે પ્રારંભિક ફેરફારની મંઝિલો પસાર કરીને પોતાની સૌપ્રથમ સૂરત અપનાવે છે ત્યારે તેની શકલ શહતૂતના ફળ જેવી હોય છે. જેના દાણા એક બીજાથી ચોટેલા હોય છે. વિશેષજ્ઞો તેને "મરોલા' કહે છે. આ તે જ સમય હોય છે જ્યારે જનીનની નાભિ (દૂંટી)

તેની માં ના હૃદયની રક્તવાહિનીઓથી (લોહીની નળીઓથી) મળે છે. અને જનીનને "માં' ના લોહીથી ખોરાક મળવાનું શરૂ થાય છે. જનીનના કોશો બાહરની તરફ વધે છે અને અંદરના ભાગમાં ધીમે ધીમે ખાલી જગ્યા બનતી જાય છે. આ સમયે વિશેષજ્ઞોની પરિભાષામાં તેને "બલાસ્તોલા' કહેવાય છે. પછી કોશોમાં સખતાઈ ઉત્પન્ન થાય છે અને ચતુષ્કોણ (સમચોરસ) કોર (કિનારી) ધરાવતી શકલમાં બને છે. પછી વચ્ચેના ભાગમાં ઘેરાવ ઉત્પન્ન થાય છે. જેનાથી જનીનનું પેટ અને છાતી અલગ અલગ જાહેર થાય છે.

એક બીજી આશ્ચર્યજનક બાબત આ છે કે આ બધી મંઝિલોમાં જનીનના (ગર્ભાશયના બાળકના) બધા જ કોશો એક જ પ્રકારના હોય છે. પરંતુ જ્યારે બાળકની આકૃતિ બનવા લાગે છે ત્યારે આ કોશોમાં એક બીજા સાથે ફેરફાર, જુદાઇગી પૈદા થાય છે અને અલગ અલગ પ્રકારના કોશોથી શરીરના અલગ અલગ અવયવો બનવાની શરૂઆત થાય છે. દષ્ટાંત રૂપે શરીરની નસો, આંતરડી વિગેરે અવયવો જાહેર થાય છે. અહીંયા સુધી કે સંપૂર્ણ ઇન્સાન તૈયાર થાય છે.

આ સિવાય કેટલાક જીવશાસ્ત્ર

(બાયલોજી)ના વિશેષજ્ઞોએ આ વિષય પર જે કંઇ લખ્યુ છે તે આ પ્રમાણે છે.

ઇન્સાનનું શરીર (હાડપીંજર) બે અતિશય કમજોર કોશોથી બને છે. એક પુરૂષના સુક્ષ્મ શુક્રાણુ (જરસુમા)થી જે પુરૂષના વિર્યમાં હોય છે અને અતિશય નાના સ્ત્રીબીજથી. પુરૂષના વિર્યમાં પચાસ કરોડ સુક્ષ્મ જીવાણુ હોય છે જે રહિમ (ગર્ભાશય)માં જઈને સ્ત્રીબીજના ઉત્પન્ન થવાની જગ્યા તરફ દોડે છે. જ્યાં લગભગ ત્રણ લાખ સ્ત્રીબીજ હોય છે. આ પ્રક્રિયા એવી જ રીતે થાય છે જેવી રીતે કોઈ સૈન્ય કોઈ કિલ્લા (કોટ) પર હુમલો (આક્રમણ)

કરે છે અને ઘણા બધા સુક્ષ્મ શુક્રાણુઓ સ્ત્રીબીજના બાહરના પડદા (કવર) વિગેરેથી ટકરાઈને નાબુદ થઈ જાય છે. એટલે સુધી કે નાબુદ થનારા સુક્ષ્મ શુક્રાણુના કારણે રસ્તો બને છે અને કોઈ એક શુક્રાણુ પડદાની અંદર દાખલ થઈને સ્ત્રીબીજ સાથે જોડાઈ જાય છે અને બાળકના સર્જનની પ્રક્રિયા શરૂ થાય છે.

આ વાત ધ્યાનાકર્ષક છે કે સામાન્ય રીતે ઇન્સાનનું શરીર કોઈ પણ અપરિચિત વસ્તુ (જિસ્મ)ને બાહર ફેંકી દે છે જે તેનામાં દાખલ થયું હોય. પરંતુ અહીંયા તેનાથી ઉલટું થાય છે. જેના માટે આજનું વિજ્ઞાન

કહે છે કે સ્ત્રીનું શરીર આ પ્રક્રિયા માટે શરૂઆતથી જ તૈયાર હોય છે અને તેની પ્રકૃતિમાં (મિઝાજમાં) એવો ફેરફાર થાય છે કે તે પુરૂષના વિર્યના સુક્ષ્મ શુક્રાણુને સુરક્ષિત સ્ત્રીબીજ સુધી પહોંચાડી દે છે જેથી બાળકના સર્જનની પ્રક્રિયા અંત સુધી પહોંચે.

પુરૂષના વિર્યના શુક્રાણુ અને સ્ત્રીબીજના મિલનથી હશીમા (પાતળું ચામડીનું પડ જેમાં બાળક તૈયાર થાય છે) બને છે. પછી તેમાં ફેફસા, હૃદય, લોહી અને ખોરાક પહોંચાડનારી નસો, લોહી સાફ કરનાર ગુર્દા, હોરમોન્સને ભેગા કરનાર

ગ્રંથો પૈદા થાય છે. જે ખોરાકના પાચન અને નુકસાનકારક ચીજોથી બચવાનો સબબ બને છે.

જિન્દગી કોશોમાં હોય છે અને જિન્દગીની શરૂઆત અહ્યાંથી જ છે. કોશોથી જિન્દગીના તબક્કાઓ પસાર થાય છે. આ જોવામાં આવ્યુ છે કે જિન્દગીની શરૂઆત એવી ભીની રગો (નસો)થી થાય છે જેને "ફિરોસાત' કહેવામાં આવે છે. આ રગો જમાદાત (જેમાં વિકાસ અને જીવ ન હોય, પથ્થર વિગેરે) અને જાનવરો કરતા વચલાગાળાની હોય છે. મતલબ જમાદાતની જેમ સાફ, સ્પષ્ટ હોય છે અને

જાનવરોની જેમ તેમાં વિકાસ થાય છે, વધે છે અને એવું લાગે જાણે જિન્દગીનું રહસ્ય આ પુલમાં જ છુપાએલું છે.

સ્ત્રીબીજ જો અમુક કલાકમાં પુરૂષના શુક્રાણુથી મળીને ગર્ભ ધારણ ન કરે તો તે મૃત્યુ પામે છે અને ત્રણથી પાંચ દિવસમાં પુરૂષના શુક્રાણુઓ સ્ત્રીબીજથી ન મળે તો તે પણ નાબુદ થઈ જાય છે. મતલબ જુદાએગી, અલગ રેહવું મોત છે અને એકતા, સંગઠનમાં જિન્દગી છે.

સ્ત્રીબીજ અને પુરૂષના વિર્યના શુક્રાણુનું જ્યારે મિલન થાય છે અને ગર્ભ ધારણ કરે છે ત્યારે ગર્ભના બાળકનો

વિકાસ સળંગ નથી થતો. બલકે કેટલીક વખત એક સરખા બધા કોશો એક જગ્યાએ ભેગા થઈ જાય છે પછી તેમાં જુદાએગીની પ્રક્રિયા શરૂ થાય છે અને કોશોના એક સમૂહથી અલગ અલગ અવયવો જાહેર થાય છે. અહીંયા સુધી કે સંપૂર્ણ ઇન્સાની શરીર બની જાય છે. ત્યાર પછી તેનું વજન વધે છે અને છેલ્લા તબક્કામાં તેમાં સુંદરતા આવી જાય છે અને એક સારી શકલમાં રેહમથી (મા ના પેટથી) બાહર આવે છે. (અત્તિબ મેહરાબુલ ઈમાન - ડો. ખાલિસ જલબી)

# મુકદ્દસ (પવિત્ર) હદીસો

આ વાત છુપી ન રહે કે સઆદત (ખુશનસીબી) અને શકાવત (બદ્નસીબી) ઇન્સાન "મા' ના રેહમ (ગર્ભાશય-પેટ) થી પ્રાપ્ત કરી લે છે. તેના બે પ્રકાર હોય છે. પહેલો પ્રકાર જેને કઝાએ હતમી (નિશ્ચિત તકદીર) કહેવાય છે. મતલબ ઇન્સાન માટે તેની પૂરી જિંદગીમાં જરૂરી હોય છે. તેનાથી અલગ, જુદા નહીં થાય. દષ્ટાંત રૂપે ઇન્સાનની મોત કે જે નક્કી સમય પર આવીને રહેશે. તેમાં આઘુંપાછું નહીં ચાલે સિવાય કે અલ્લાહ ચાહે.

આ પ્રકારમાં "મા' નું પેટ જાણે

ઇન્સાન માટે સંપૂર્ણ કારણ (મૂળ કારણ)ના સ્થાને છે. આ તે પ્રકાર છે જે ન અંબિયાની તાલીમ (શિક્ષણ)થી બદલી શકાય છે ન દુન્યવી સાધનોથી. હવે તેનો સંબંધ શરીરથી હોય જેવી રીતે શરીરના અમુક અવયવોનું નુક્સ, કમી અથવા શરીરનો રંગ વિગેરે અને જો રૂહથી સંબંધ હોય તો તે પણ બદલી શકાતું નથી. આ માટેનું દષ્ટાંત પાગલપન અથવા અક્કલની કમજોરી, કુદરતી રીતે બેવકુફ હોવું વિગેરે. એટલા માટે અમીરૂલ મોમેનીન (અલ.)એ ફરમાવ્યું, "હિમાકત (બેવકુફી) કમઅકલી એવી બીમારી છે જેની કોઈ દવા નથી અને

આ તે બીમારી છે જે દૂર નથી થતી.”

બીજો પ્રકાર કે જેને કઝાએ ગૈરહતમી (અનિશ્ચિત તકદીર) કહેવામાં આવે છે. તેમાં ઇન્સાનની તકદીર બદલી શકે છે. આ પ્રકારમાં "મા’નું ગર્ભાશય એક યોગ્ય માટીની જેમ હોય છે. આ કારણે ખુશનસીબી અથવા બદનસીબી તે સ્થિતિ, માહોલ પર અવલંબિત છે જેમાં તે પરવરીશ પામે છે. આ બીજા પ્રકારમાં ફેરફાર શક્ય છે. મતલબ તરબિયતથી બદબખ્તીનો ખાતેમો થઇ શકે છે અથવા સઆદતમાં વધુ પ્રગતિ થઇ શકે છે. દષ્ટાંત રૂપે બહાદુરી અને સખાવત અથવા ડરપોકતા કે કંજુસી આ

સિફતો (ગુણો) બાળક "મા' ના પેટથી વારસામાં પ્રાપ્ત કરે છે. તેમાં સારી સિફતોને તરબિયત દ્વારા વધારી શકાય છે અને બુરી સિફતોને નાબુદ કરી શકાય છે. આ કોઇ નિશ્ચિત તકદીર નથી. કારણકે તરબિયતના સાધનોથી બદલી શકાય છે. જેવી રીતે એક બાળક કેટલીક શારિરીક બીમારીઓ વારસામાં લઈને આવે છે તો સહી ઇલાજ દ્વારા તેને દૂર કરી શકાય છે. બાળકના માતા પિતા નેક હોય તો બાળક પૈદાઇશી રીતે નેક અને ખુશબખ્ત હોય છે. પરંતુ પૈદાઇશ પછી બાળકને માહોલ સારો ન મળે તો આ પ્રાકૃતિક રીતે નેક બાળકનું

ભાવિ બદ્બખ્તીમાં ફેરવાઈ જાય છે અને બુરા મા-બાપનું બાળક સહી તરબિયત અને સારા માહોલના કારણે નેક બની જાય છે.

બેશક "મા'ના રેહમ (ગર્ભાશય-પેટ)માં બાળકની ખુશનસીબી કે બદ્નસીબીની કાબેલિયત હોય છે. પરંતુ પૈદાઇશ અને બાલિગ થયા પછી ખુશનસીબી અને બદ્નસીબી ના રસ્તા પર ચાલવા માટે જે સૌથી મહત્ત્વનું પ્રેરક બળ છે તે ઇન્સાનનો પોતાનો ઇરાદો છે. આ ઇરાદાથી જ ઇન્સાન પોતાનો સારો કે બુરો અંજામ નક્કી કરે છે.

ઇમામ જાફર સાદિક (અલ.)એ આ હકીકતને આ રીતે બયાન ફરમાવી છે કે,

“સઆદતની હકીકત આ છે કે ઇન્સાનના અમલની પુર્ણાહુતિ (ખાતેમો) સઆદત (ખુશનસીબી) પર થાય અને શકાવતની (બદ્નસીબીની) હકીકત આ છે કે ઇન્સાનના અમલનો ખાતેમો (સમાપ્તિ) શકાવત પર થાય.’’ (મતલબ છેવટે તો ઇન્સાનનો અમલ જ સઆદત કે શકાવત પર લઈ જાય છે. ઇન્સાન પોતાના અમલમાં મજબૂર નથી - અનુવાદક)

આથી ખબર પડે છે કે જો કોઇ બાળક "મા’ ના પેટથી વારસામાં બદ્નસીબી લઈને આવે છે તો આ બદ્નસીબીનો અસર આથી વધારે કંઈ નથી કે તે બાળકમાં ફસાદ

કબૂલ કરવાની લાયકાત એવી જ હોય છે જેવી રીતે કોઈ માટીમાં બીજને વિકાસ આપવાની કાબેલિયત હોય છે. પણ જ્યાં સુધી તે બાળકનો ઇરાદો બુરાઈ અને ફસાદ અંજામ આપવાનો ન હોય ત્યાં સુધી ફસાદ અમલમાં જાહેર નહીં થાય.

ઉપરોકત બાબતની પૃષ્ટિ પૈગંબર (સલ.)ની આ હદીસથી પણ થાય છે કે, "કોઇક વખત સઈદ (નેકબખ્ત) ઇન્સાન શકી (બદ્બખ્ત) બની જાય છે અને કદી શકી ઇન્સાન નેકબખ્ત બની જાય છે." (તફસીર રૂહુલ બયાન)

અમીરૂલ મોઅમેનીન (અલ.) નહજુલ

બલાગામાં ફરમાવે છે, “નેકબખ્ત ઇન્સાન તે છે જે બીજાઓથી બોધપાઠ (નસીહત) પ્રાપ્ત કરે અને બદ્બખ્ત તે છે જે પોતાની નફ્સની ઇચ્છાઓ અને ઘમંડના ફરેબમાં આવી જાય.”

ઉપરોકત પૈગંબર (સલ.)ની હદીસનો મતલબ આ છે કે કદી એક વ્યક્તિ જે "મા’ના પેટથી સઆદત, ખુશનસીબીની કાબેલિયત લઇને આવે છે તે જવાન થઈને ખરાબ રસ્તો અપનાવીને બદ્બખ્ત બની જાય છે અને કદી એક વ્યક્તિ "મા’ના પેટથી બુરાઈ વારસામાં લઈને આવે છે. પણ અક્લ, હોશ પ્રાપ્ત કર્યા પછી સારો માહોલ

અપનાવે છે અને નેક આમાલના ઝરીયાથી ખુશનસીબ બની જાય છે. આ જ રીતે અમીરૂલ મોઅમેનીન (અલ.)ની હદીસ આ બાબતની સ્પષ્ટતા કરે છે કે બદકાર, નાફરમાન લોકોનો બુરો અંજામ આ કાબેલ છે કે અન્ય લોકો તેનાથી નસીહત પ્રાપ્ત કરે અને પોતાનામાં નેક ઇરાદો પૈદા કરીને સહી રસ્તો અપનાવે. જેથી પોતે નેક બની જાય અગરચે વારસામાં તેને બદ્બખ્તી કેમ ન મળી હોય.

કાફીમાં ઇમામ મોહંમદ બાકિર (અલ.)થી રીવાયત વર્ણન થઈ છે કે જ્યારે અલ્લાહતઆલા તે નુત્ફાને (વિર્યને) જેનાથી

હઝરત આદમ (અલ.)ની સુલ્બ (પુષ્ટ)માં મીસાક (વચન) લેવામાં આવ્યો હતો, આ દુનિયામાં પેદા કરવાનો ઇરાદો કરે છે તો સૌથી પેહલા પુરૂષમાં જિમાઅ (સંભોગ) ની ઇચ્છા ઉત્પન્ન કરે છે જેના સુલ્બમાં તે નુતફો છે અને તેની પત્નીના રેહમ (ગર્ભાશય)ને હુકમ આપે છે કે પોતાના મુખને, દરવાજાને ખોલે, જેથી તે બાળકની પૈદાઇશના વિષે તકદીરનો હુક્મ લાગુ કરે. પછી રેહમ (ગર્ભાશય)નો દરવાજો ખુલી જાય છે અને નુત્ફો તેમાં દાખલ થઈ જાય છે. પછી ચાલીસ દિવસ સુધી નુત્ફો ત્યાં એક હાલતથી બીજી હાલતમાં બદલાતો રહે છે.

પછી તે એવા માંસનો લોચો બની જાય છે જેમાં રગોની જાળ હોય છે. પછી અલ્લાહ બે ફરીશ્તાઓને મોકલે છે જે સ્ત્રીના "મોં'ના રસ્તાથી તેના રેહમમાં દાખલ થઈ જાય છે. જ્યાં તે લોકો પૈદાઇશની ક્રિયા અંજામ આપે છે. આ માંસના લોચામાં તે જુની રૂહ હોય છે જે પુષ્ટ દર પુષ્ટ મુન્તકિલ થતી આવી છે અને તેમાં કાબેલિયત, લાયકાત હોય છે. પછી ફરીશ્તાઓ તેમાં જિન્દગીની રૂહ ફૂંકે છે અને અલ્લાહની રજાથી તેમાં આંખ, કાન અને બીજા તમામ અવયવો બનાવે છે. પછી અલ્લાહ આ બન્ને ફરીશ્તાઓને વહી કરે છે કે “આ રૂહ પર મારી કઝા વ કદર

(તકદીર) અને જે હુક્મ લાગુ થશે લખી દો અને જે કંઈ લખો તેમાં મારા તરફથી બદાઅની શરત પણ લગાવશો.” (બદાઅની ચર્ચા, અર્થ આગળ આવશે.) ત્યારે ફરીશ્તાઓ કહે છે, “અય પરવરદિગાર અમે શું લખીએ ?” અલ્લાહતઆલા ફરીશ્તાઓને હુકમ આપે છે, ”પોતાના માથાને ઉઠાવો અને તેની "મા’ના માથા ઊપર જુઓ. ફરીશ્તાઓ જ્યારે બાળકની "મા’ તરફ જુએ છે તો ખબર પડે છે કે લોહે તકદીર (તકદીરની તખ્તી) તેની પૈશાનીથી ટકરાઈ રહી છે. જેમાં નવજાત શીશુની સુરત, ખુબસુરતી, તેની જિન્દગીની

મુદ્દત અને તેના ખુશનસીબ કે બદ્નસીબ હોવા વિશે બધુ જ લખ્યુ હોય છે. પછી આ ફરીશ્તાઓમાંથી એક બીજાને પઢી સંભળાવે છે અને બન્ને તે બધી જ ચીજો લખે છે જે નવજાત શીશુની તકદીરમાં થવાનું હોય છે અને બદાઅની શરત પણ લખે છે. (કુરૂએ કાફી - ભાગ 4, પેજ 14)

આ જગ્યા પર અમે ઉપરોકત હદીસના કેટલાક શબ્દોની સ્પષ્ટતા આપીએ છીએ. હદીસમાં આવ્યું કે નવજાન શીશુની તકદીરની તખ્તી "માં'ની પૈશાનીથી ટકરાય છે. તેનો મતલબ આ છે કે "માં'ની માનસિક સ્થિતિ, તેના છુપા વિચારો, તેનું ઝેહન,

અક્કલ, ગુણો અને "માં'ના અખ્લાકનો નવજાત શીશુ પર ઘણો અસર પડે છે અને ફરીશ્તાઓનું લખવું તેનો મતલબ આ છે કે નવજાત શીશુમાં ઘણા બધા ગુણો, સિફતો "મા' તરફથી મુન્તકિલ થાય છે. આથી ખબર પડે છે કે બાળક પોતાના શરીરની ઘણી બધી સિફતોમાં તેના વાલેદૈનના તાબે હોય છે. ખાસ કરીને "મા'ની સિફતોમાં, કારણકે "મા'નું પેટ જ તે મકામ છે જ્યાં પૈદાઇશી ફેરફાર ઉત્પન્ન થાય છે.

આજના વિજ્ઞાને આ વાત સાબિત કરી છે કે ઇન્સાન પર જે માનસિક સ્થિતિ ઉત્પન્ન થાય છે જે તેના નિયંત્રણમાં હોય કે ન હોય

તેનો અસર સ્ત્રી, પુરૂષ બન્ને પર પડે છે અને આ અસર સ્ત્રી, પુરૂષ દ્વારા તેમના બાળક પર પણ પડે છે અને અમુક વખત કેટલાક એવા અસર હોય છે જે નવજાત શીશુની પૈદાઇશમાં ખામીનું કારણ બને છે. આ કારણે આ ઇલ્મના વિશેષજ્ઞો સુચન કરે છે કે સંભોગ કરતી વખતે પતિ-પત્નિ બન્નેએ ખુબ જ ઇત્મેનાન, ખુશી અને આનંદીત સ્થિતિમાં હોવું જોઇએ. કારણકે જો ગર્ભ ધારણ થાય તો બુરા અસરોથી સુરક્ષિત રહે.

જ્યાં સુધી ઉપરોકત હદીસમાં ઇમામ (અલ.)નું આ ફરમાન કે ફરીશ્તાઓ જે કંઇ લખે છે તેમાં બદાઅની શરત પણ લગાવે

છે. તો આ સ્પષ્ટ દલીલ છે આ વાત પર કે "મા'ના રેહમ (ગર્ભાશય)માં ખુશનસીબી અને બદ્નસીબીની જે કંઈ કાબેલિયત-લાયકાત પૈદા થાય છે તે નિશ્ચિત, જરૂરી નથી હોતી, એવી રીતે કે બાળક આ ખુશનસીબી કે બદ્નસીબી પર અમલ કરવા મજબુર થઇ જાય. બલકે તેનું સ્થાન ફક્ત લાયકાતની હદ સુધી હોય છે. જે અમલી કોશીશ અથવા માહોલથી બદલી શકે છે.

આ સિવાય આ વાત વર્ણન થઈ ચુકી છે કે "મા' ના રેહમમાં નવજાત શીશુમાં જે સિફતો-ગુણો પૈદા થાય છે તે બે પ્રકારના હોય છે. પહેલો પ્રકાર કે જે નિશ્ચિત હોય

છે, જરૂરી હોય છે અને બીજો પ્રકાર અનિશ્ચિત હોય છે. બીજા પ્રકારની સિફતો બદલી શકે છે. બીજા પ્રકાર માં "મા'ના પેટનું દ્રષ્ટાંત એક ખેતરની જેમ છે જ્યાં મુનાસિબ માટી મળે અને બીજા અસબાબ પણ ભેગા થાય તો બીજ વિકાસ પામે છે.

હદીસમાં આ બીજા પ્રકારના ગુણો તરફ ઇશારો છે જેમાં ફેરફાર શક્ય છે. કારણકે ઇન્સાન મુખત્યાર, આઝાદ પૈદા કરવામાં આવ્યો છે. પોતાના અમલનો ઝિમ્મેદાર છે. તેની અમલી જિન્દગીમાં તેના ઊપર કોઈ જબરદસ્તી કરવામાં નથી આવતી.

અલ્લામા મજલિસી (રહ.)એ ફરમાવ્યું છે કે કુરઆન કરીમની કેટલીક આયતો અને માસૂમીન (અલ.)ની હદીસોથી સાબિત છે કે અલ્લાહતઆલાએ બે લૌહ (તખ્તી) પૈદા કરી છે. જેમાં સમગ્ર દુનિયામાં બનતી ઘટનાઓનું વર્ણન છે. તેમાંથી એકનું નામ "લૌહે મહફૂઝ' છે જેમાં લખાએલી વાતોમાં બિલકુલ ફેરફાર નથી થતો. બલકે આ બધુ અલ્લાહના ઇલ્મેઅઝલી (અલ્લાહનું ઇલ્મ હંમેશાથી છે) મુજબ નિશ્ચિત રૂપે પેશ આવે છે. જ્યારે કે બીજી લૌહનું નામ "લૌહે મહવ વ ઇસ્બાત' છે. (મહવ - ભુસાય જવું, ઇસ્બાત - સાબિત રહેવું, બાકી રહેવું) જેમાં

એક ચીજ લખવામાં આવે છે અને પછી હિકમત અને મસલેહતના કારણે મિટાવી પણ શકાય છે. તેના ફાયદાઓ અક્કલ, સમજશક્તિ ધરાવનાર લોકોથી છુપા નથી. આ માટેનું દષ્ટાંત આ છે કે જેવી રીતે આપણે કહીએ કે આ "લૌહ'માં (મહવ વ ઇસ્બાતમાં) ઝૈદની ઉમર પચાસ વરસ લખવામાં આવી છે. તેનો મતલબ આ છે કે હિકમતનો તકાદો આ જ છે કે તેની ઉમર પચાસ વરસ હોય. શરત આ છે કે ઝૈદ ઉમર વધવાનું કે ઘટવાનું કોઈ કાર્ય અંજામ ન આપે. હવે ઝૈદે સિલે રેહમી (રીશ્તેદારો સાથે રાબેતો રાખવો, સારો વ્યવહાર

કરવો) કરી તો પચાસ વરસ ઉમરને મિટાવીને સાઈઠ વરસ કરી દેવામાં આવી. અને જો કતઅ રેહમી (રીશ્તેદારો સાથે રાબેતો તોડવો, સારો વ્યવહાર ન રાખવો) કરી તો તેની ઉમર ચાલીસ વરસ કરી દેવામાં આવી, ઘટાડવામાં આવી. પરંતુ "લૌહે મહ્ફુઝ'માં આ વાત આ રીતે લખી છે કે તે સિલે રેહમી કરશે અને તેની ઉમર સાઈઠ વરસ હશે.

બીજું દ્દષ્ટાંત લૌહે મહ્વ-ઇસ્બાત માટે આ છે કે એક ડોકટર દર્દીનું નિરિક્ષણ કરીને કહે છે કે આ હજું બીજા બે વરસ સુધી જીવશે. હવે તે દર્દી કોઇ ઝહેર પી લે

અથવા તેને કોઈ મારી નાખે તો તેની ઉમર ઓછી થઈ જાય. અથવા કોઈ એવી દવા ખાધી હોય કે તેની તબીયત બીલકુલ સેહતમંદ થઈ જાય અને તેની ઉમર વધી જાય. કોઈ પણ રીતે ડોકટરના મત વિરૂદ્ધ વાકેઆ પેશ નથી આવ્યો.

લૌહે મહવ વ ઇસ્બાતમાં જે ફેરફાર થાય છે તેને બદાઅ કહેવામાં આવે છે. આ શબ્દ અલ્લાહના માટે મુજાઝન (અવાસ્તવિક) રીતે કહેવામાં આવે છે. અથવા બદાઅ એટલામાટે કહેવામાં આવે છે કે તેનાથી મલાએકા અને મખલૂકને પેહલી ખબર મળ્યા પછી નવું ઇલ્મ પ્રાપ્ત

થાય છે જે પેહલાં તેમને પ્રાપ્ત ન હતુ.

આ પ્રકારનું બે લોહનું હોવું અશક્ય નથી. જો આ બાબતની હિકમત (તત્વજ્ઞાન) આપણા માટે જાહેર નથી થઈ તો સમજી લેવું જોઈએ કે આપણી અક્કલ આ હિકમતોને સમજવાથી અશક્ત છે, લાચાર છે.

# બદાઅનો મસઅલો

બદાઅનો મસઅલો મુસલમાનો દરમિયાન હંમેશા મતભેદભર્યો રહયો છે. એટલા માટે મુનાસિબ છે કે અહીંયા બદાઅનો અર્થ તથા અલ્લાહતઆલા તરફ બદાઅની નિસ્બત વિશે કેટલીક હકીકતો સ્પષ્ટ કરીએ.

"બદાઅ' અરબી ભાષાનો શબ્દ છે. અને અરબી વ્યાકરણમાં "બદઅ' ક્રિયાપદનું મૂળ (મસદર) છે. (જુઓ શબ્દકોષની કિતાબ તાજુલ ઊરૂસ, ભાગ 10, પેજ 31)

આ ક્રિયાપદ (ઘડવ્રઠ)ના બીજા મસદર (મૂળ) "બદાવતુન' અને "બદવન' પણ

આવ્યા છે. જે પણ હોય બદઅનો અર્થ જાહેર થવું, ખુલી જવું, કોઈ વસ્તુનું છુપાઈ ગયા પછી જાહેર થવું.

કુરઆનમાં અલ્લાહ ફરમાવે છે :

"જાહેર થઇ ગઇ તેમના માટે (આખેરતમાં) બુરાઈઓ તે આમાલની જેને તેઓ અંજામ આપતા હતા." (સૂ. ઝુમર, આ. 48) જ્યારે કે દુનિયામાં આ બુરાઈઓ તેમના પર છુપી હતી. જાહેર થવાના અર્થમાં જ અલ્લાહતઆલા એ ફરમાવ્યું :

"અને જાહેર થઈ તેઓ માટે અલ્લાહ તરફથી તે ચીજો જેનો તેઓ ગુમાન પણ નથી કરતા." (સૂ. ઝુમર, આ. 47)

ઉપરોકત આયતોથી ખબર પડી કે બદાઅનો અર્થ જાહેર થવાના અર્થમાં છે. પરંતુ આ અર્થની નિસબત ફક્ત ઇન્સાનના માટે સહી છે. અલ્લાહ-અઝઝ વ જલ્લ ની તરફ આ અર્થને નિસ્બત આપવી અશક્ય છે, ખોટું છે. કારણકે આવી નિસ્બત અલ્લાહ તરફ આપવી એવું છે જાણે અલ્લાહે કોઈ વસ્તુને જાણી લીધી જ્યારે કે તે પહેલાં અજાણ હતો, નઊઝુબિલ્લાહ. અને આ અશક્ય છે, ફુઝુલ વાત છે. એટલા માટે કે અલ્લાહ રબ્બુલ ઇઝઝત તમામ ચીજોને અઝલથી (હંમેશાથી) જાણે છે. આ ચીજોના પૈદા થવા પહેલાથી પણ જાણે છે.

આ વાત યાદ રહે કે અલ્લાહનું ઇલ્મ અયને ઝાત છે. (મતલબ અલ્લાહનું ઇલ્મ તેની ઝાતથી અલગ નથી. ઇન્સાનોની જેમ નથી કે ઇલ્મ પછીથી આવ્યું) અને તે જાત વાજીબુલ વુજુદ છે. (જેનું અસ્તિત્વ વાજીબ, જરૂરી છે.) દરેક વસ્તુનું કારણ (ઇલ્લત) છે. જેથી દરેક ઇલ્લત માટે મઅલૂલ (કારણસહિત-મખલૂક) નું ઇલ્મ હોવું જરૂરી છે. આ કારણથી દરેક મઅલુલ (મખલૂક) અથવા દરેક વસ્તુ અલ્લાહના ઇલ્મમાં છે. મકસદ આ છે કે તમામ મૌજુદાત (અસ્તિત્વ ધરાવતી ચીજો)નું ઇલ્મ અલ્લાહને છે. અને તે અલ્લાહે પોતાના

ઇલ્મ અને કુદરતથી (તાકતથી) તમામ મખલૂકને ઘેરી લીધી છે. જ્યારે કે તે પોતે અમર્યાદિત છે. તેની કોઈ સિમા નથી. લા મહદૂદ છે. આ કારણથી અલ્લાહ માટે કોઈ પણ પ્રકારે અજ્ઞાનતાની નિસ્બત આપવી સહી નથી.

આ હકીકત અક્કલથી પણ સાબિત છે. અને કુરઆન પણ દલીલ છે. અલ્લાહનું ફરમાન છે :

“અલ્લાહ નજરોની (દષ્ટિ-આંખ) ખિયાનત (બેવફાઈ-આંખના ગુનાહ)ને પણ જાણે છે અને તે ચીજોને પણ જાણે છે જે દિલોના પરદામાં હોય છે.” (સૂ. મોમિન,

આ. 19)

"અને અલ્લાહે દરેક વસ્તુને ઘેરી લીધી છે."(સૂ. નિસાઅ, આ. 126)

"અલ્લાહ તે તમામ ચીજોને જાણે છે જે જમીન અને દરિયામાં છે. અને એક પાંદડું પણ એવું નથી પડતું કે જેને તે જાણતો ન હોય." (સૂ. અન્આમ, આ. 59)

જેથી શીઆ મઝહબમાં અલ્લાહની તરફ બદાઅ શબ્દની નિસ્બત કદી પણ એ અર્થમાં નથી કે કોઇ વસ્તુ અલ્લાહની નજરોથી, તેની કુદરતથી છુપી હતી, પછી જાહેર થઇ. અથવા આ કે કોઇ ચીજ અલ્લાહને ખબર ન હતી અને પછી ખબર

પડી - મઆઝલ્લાહ. અમે આ પ્રકારના કોઈ પણ વિચાર-ખ્યાલથી નફરત કરીએ છીએ.

હવે બદાઅ શબ્દનો સંબંધ અલ્લાહની સાથે કઈ રીતે જોડવામાં આવે છે તે સમજવા જેવું છે. ઇન્સાનના માટે આ દુનિયામાં અલ્લાહ તરફથી બે પ્રકારના એહકામો છે. એક ઉમૂરે તશરીઈ અને બીજું ઉમૂરે તકવીની. તશરીઈ ઉમૂર એટલે અલ્લાહ તરફથી શરીઅત, કાનૂનનું નાઝિલ થવું અને તે કાનૂન મુજબ ઇન્સાન જિન્દગી ગુજારે છે. ઉમૂરે તકવીની એટલે તે એહકામ જે અલ્લાહ તરફથી જ હોય છે પણ કાનૂનની સૂરતમાં નથી હોતા. દષ્ટાંત રૂપે

રિઝક, મૌત, બીમારીઓ, આફતો અને રેહમતો વિગેરે.

આપણી ચર્ચા બદાઅના વિષય પર હતી. બદાઅની નિસ્બત અલ્લાહ તરફ એવી જ રીતે છે જેવી રીતે ઉમૂરે તશરીઈમાં નસ્ખની નિસ્બત અલ્લાહ તરફ આપવામાં આવે છે. નસ્ખ એટલે એક હુકમે શરઈનું રદ્બાતલ થવું અને તેની જગ્યાએ બીજા હુકમે શરઈનું આવવું. મતલબ એક હુકમે શરઈનો જમાનો પૂર્ણ થયો. જ્યારે કે એમ લાગતુ હતું કે આ હુકમ દરેક જમાના માટે છે. પણ અલ્લાહ અને તેનો રસૂલ જાણતા હતા કે આ હુક્મ એક મર્યાદિત

મુદ્દત (અવધિ) માટે છે. નસ્ખનો અર્થ આ નથી કે એક હુક્મે શરઈ હકીકતમાં દરેક જમાના માટે હતો પરંતુ પછી અલ્લાહને તેના નાદુરસ્ત હોવાની જાણ થઈ તો તે હુક્મને રદ્બાતલ કર્યો. નસ્ખ માટેનું દષ્ટાંત શરીઅતોનું બદલવું, હઝરત મુસા (અલ.)ની શરીઅત પછી હઝરત ઈસા (અલ.) ની શરીઅતનું આવવું અને છેલ્લે આપણા પૈગંબર હઝરત મુહંમદ (સલ.)ની શરીઅત આવી. અલ્લાહતઆલા તો જાણતો જ હતો કે આ શરીઅત એક નિશ્ચિત મુદ્દત સુધીની છે. અલ્લાહે પોતાની હિકમત, મસલેહતના મુજબ તે શરીઅતો માટે એક

મુદ્દત કરાર દીધી હતી. શરીઅતના એહકામ, કાનૂનમાં ફેરફાર, રદ્દાતલને નસ્ખ કહેવામાં આવે છે. આ જ રીતે તકવીની હુકમનું કુદરતી રીતે સમાપ્તિ સુધી પહોંચવું તેને બદાઅ કહેવાય છે. અલ્લાહના ફૈઝ અને તેની રહેમતનું કોઇના વિશે એક મુકર્રર મુદત સુધી પહોંચી જવું તેને બદાઅ કહેવાય છે. આ માટેના દાખલા આ પહેલાં વર્ણન થઇ ચુક્યા છે. જેવી રીતે સિલે રહેમી કરવાથી ઉમરમાં વધારો થવો, સદકો આપવાથી કોઇ મુસીબતનું ટળી જવું, દૂર થઇ જવું. હવે આ અર્થમાં અલ્લાહ માટે ન કોઇ છુપી વાતનું જાહેર થવું છે અને ન

જહાલત પછી ઇલ્મનું આવવું છે. બલ્કે બદાઅ હકીકતમાં કોઇ ચીજના અસ્તિત્વની અવધિ, સમયનું નક્કી થવું અથવા સમાપ્ત થવું છે અને બદાઅ આ અર્થમાં "લૌહેમહવ વ ઇસ્બાત'માં જારી થાય છે. તે નિશ્ચિત કિતાબમાં નહીં જેને "લૌહે મહફૂઝ' કહેવાય છે.

ખબર પડી કે અલ્લાહની બારગાહમાં બે કિતાબો છે. એક "લૌહે મહફૂઝ' જેમાં કોઇ ફેરફાર નથી થતો અને બીજી કિતાબ "મહવ-ઇસ્બાત' છે. જેમાં ફેરફાર તબ્દીલી થાય છે અને તેમાં બદાઅ પેશ આવે છે. કુરઆનમાં પણ અલ્લાહતઆલાએ આ બન્ને

કિતાબો તરફ ઇશારો ફરમાવ્યો છે :

"અલ્લાહ જેને ચાહે છે મિટાવે છે અને જેને ચાહે છે સાબિત (બાકી) રાખે છે અને અલ્લાહની પાસે ઉમ્મુલ કિતાબ (લૌહે મહ્ફૂઝ) પણ છે." (સૂ. રઅદ, આ. 39)

(ઉપરોકત એક મુશ્કેલ ચર્ચામાં આપણે જાણ્યું કે લૌહે મહવ વ ઇસ્બાતમાં બદાઅ પેશ આવે છે. લૌહે મહ્ફૂઝમાં નહીં. લૌહે મહ્ફૂઝમાં એક નિશ્ચિત ફેસલો હોય છે. તેમાં ફેરફાર નહીં થાય. તે અલ્લાહ જાણે છે. હવે આપણા દિમાગમાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે જ્યારે લૌહે મહ્ફૂઝમાં એક નિશ્ચિત ફેસલો હોય છે અને તે મુજબ

થાય છે, તો લૌહે મહવ વ ઇસ્બાત શા માટે હોય છે ? લૌહે મહફૂઝમાં એક નિશ્ચિત ફેંસલો હોય છે તો ઇન્સાન નાઉમ્મીદ થઈ જાય છે કે મારી તકદીરમાં તો આ થવાનું જ છે. હું ગુનેહગારોમાં લખાએલો છું તો શા માટે નેક અમલ કરૂં ? અને કોઇની તકદીરમાં નેકી અને ભલાઈ જ લખાએલી હોય તો તે પણ કંઈ ન કરે કે મારે તો જન્નતમાં જવાનું જ છે. આ પ્રકારના પ્રશ્નો ઉત્પન્ન થાય છે તેને સમજવાની જરૂર છે. એમાં શક નથી કે અલ્લાહતઆલા દરેક ઇન્સાનની હકીકતથી વાકેફ છે. અલ્લાહનું ઇલ્મ અઝલી (હંમેશાથી) છે. આપણા જેમ

નથી કે પછીથી ઇલ્મ મળ્યુ હોય. નહીં તો નઊઝુબિલ્લાહ એવું કહેવાય કે એક સમયે અલ્લાહ જાહિલ હતો. આ કારણે એક નિશ્ચિત તકદીર હોવું, લૌહે મહફૂઝનું હોવું સહી છે. કુરઆન અને હદીસથી પણ આ વાત સાબિત છે.

હવે ઇન્સાન માટે એક નિશ્ચિત તકદીર હોવાનો મતલબ આ નથી કે ઇન્સાન પોતાની અમલી જિન્દગીમાં મજબુર હોય. કારણકે ઇન્સાનને પોતાની નિશ્ચિત તકદીરનું ઇલ્મ નથી. લૌહે મહફૂઝમાં તેના માટે શું લખ્યુ છે તેને ખબર નથી. તો પછી શા માટે તે નાઉમ્મીદ થઈ

જાય ? ઇન્સાનને ખબર નથી કે તે જન્નતમાં જશે કે જહન્નમમાં તો તે પોતાને ગુનેહગાર સમજીને નાઉમ્મીદ કેમ થઈ જાય, અથવા પોતાને નેક સમજીને, જન્નતી સમજીને કંઇ પણ અમલ અંજામ ન આપે, તો આ બન્ને રસ્તા ખોટા છે, ગલત છે. અને અલ્લાહનું આપણી નિશ્ચિત તકદીરથી આગાહ હોવું એ અર્થમાં નથી કે અલ્લાહ આપણને કોઇ કામ પર મજબૂર કરે, ગુનાહ પર મજબૂર કરે. આ પહેલાં ચર્ચામાં આવ્યું કે ઇન્સાન પોતાના અમલમાં મુખ્તયાર-સ્વતંત્ર છે. અલ્લાહતઆલા આલેમુલ ગૈબ છે. આપણા અમલ અંજામ આપતા પેહલા

વાકેફ છે કે આ નેકી કરશે કે બુરાઈ. અમલ તો ઇન્સાન પોતાની સ્વતંત્રતાથી જ અંજામ આપશે. નેકી કે બુરાઇનો રસ્તો પોતાના ઇખ્તેયારથી જ અપનાવશે અને આ પહેલાં વર્ણન થયું કે અલ્લાહને જો હંમેશાથી આલિમ ન કહેવામાં આવે તો નઊઝુબિલ્લાહ, અલ્લાહની તરફ જહાલતની નિસ્બત થઇ જાય છે.

લૌહે મહવ વ ઇસ્બાત મખલૂકાત માટે છે. એક વ્યક્તિ પર અલ્લાહનો અઝાબ આવવાનો હતો, સદકો આપ્યો મુસીબત ટળી ગઈ. દુઆથી પણ આફતો દૂર થાય છે. બદાઅ લૌહે મહવ વ ઇસ્બાતમાં પેશ

આવે છે અને બદાઅ ઇન્સાનો માટે એક છુપી ચીજનું જાહેર થવું છે. એક વાતથી અજાણ હોવું, જાહિલ હોવું પછી ઇલ્મ આવવું આ રીતે બદાઅનો અર્થ ઇન્સાનો માટે છે. ઇન્સાન નેકી કરે છે દુઆ કરે છે આફતો, અઝાબ દૂર થાય છે. તો લૌહે મહવ વ ઇસ્બાત ઇન્સાનો માટે તો ફાયદાકારક જ છે. અલ્લાહે ઇન્સાનોને કહ્યુ નેક અમલ કરો, ગુનાહ ન કરો. હવે કદી ઇન્સાનથી ગુનાહ થઈ જાય છે, પછી ઇન્સાન સાચા દિલથી દુઆ કરે છે, અઝાબ હટી જાય છે. આપણે પોતાની અમલી જિન્દગીમાં પણ અનુભવીએ છીએ કે સાચે

જ ઘણી વખત અલ્લાહનો અઝાબ ઇન્સાનના અમલના (ગુનાહના) કારણે હોય છે. ઘણી વખત આપણી દુઆઓ અલ્લાહની બારગાહમાં કબૂલ થાય છે. અલ્લાહ તરફથી એક વસ્તુ અર્પણ થાય છે. લૌહે મહવ વ ઇસ્બાત ની થીયરી સમજમાં ન આવે તો શું વાંધો છે પ્રેકટીકલી, અમલી જિન્દગીમાં તો આપણે સમજી શકીએ છીએ. લૌહે મહવ વ ઇસ્બાત માટે બીજી ઘણી હિકમતો (તત્વજ્ઞાન) મસલેહત હોય શકે છે જે આપણા માટે સ્પષ્ટ ન હોય. - અનુવાદક)

"કિતાબ' શબ્દ કુરઆનમાં ઘણી સૂરતોમાં આવ્યો છે. સૂ. ઝુખરૂફ, આ.4, સૂ.

ફાતિર, આ. 11, સૂ. યુનુસ, આ. 61 અને સૂ. હદીદ, આ 22 - આ બધી આયતોમાં આ જ કહેવામાં આવ્યું છે કે "આ કિતાબ'માં બધી જ અસ્તિત્વ ધરાવતી નાની-મોટી ચીજોનું વર્ણન છે. આ જગ્યા પર અમે "કિતાબ'નો મતલબ બયાન કરવા નથી માંગતા. બલકે આ વર્ણન કરવું છે કે અલ્લાહની બારગાહમાં બે કિતાબો છે. કિતાબ "મહવ વ ઇસ્બાત' અને "લૌહે મહફૂઝ' જેને ઉમ્મુલ કિતાબ પણ કહેવામાં આવ્યું. પેહલી કિતાબ (મહવ વ ઇસ્બાત) માં ફેરફાર શક્ય છે. પરંતુ બીજી કિતાબ (લૌહે મહફૂઝ)માં નહીં. જેવી રીતે સૂ. રઅદ્રી

આયત 4 આ પહેલાં વર્ણન થઈ ચુકી છે.

તફસીર મજમઉલ બયાનમાં છે કે "મહવ વ ઇસ્બાત'ના વિષે ઘણા કૌલ (કથન) છે. એક કૌલ પ્રમાણે આ પ્રક્રિયા દરેક વસ્તુમાં જારી થાય છે. રિઝક, મૌત, સઆદત, શકાવત બધામાં જ મહવ વ ઇસ્બાત પર અમલ થાય છે. અબુ કુલાબા હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદથી રીવાયત કરે છે કે તે દુઆમાં કહ્યા કરતા હતા "ખુદાયા જો મને બદ્નસીબોમાં લખ્યો છે તો તેને મિટાવી દે. અને મને સઆદતમંદોમાં લખી લે. કારણકે તુ જે કંઇ ચાહે મિટાવી દે છે અને જેને ચાહે છે

સાબિત રાખે છે અને તારી પાસે ઉમ્મુલ કિતાબ પણ છે.'' (યાદ રહે આ આયતનો મતલબ આમ નથી થતો કે અલ્લાહ કોઇને સઆદતમંદ અથવા શકાવતમંદ થવા માટે મજબુર કરે છે. વધુ વિસ્તૃત જાણકારી માટે આયતની તફસીરમાં જુઓ.)

સૂરએ દુખાન ની આયત નં. 4 માં છે: “અને તે રાતે દરેક અમ્રે હકીમ (હિકમતવાળી વાત - હુકમ) નો ફેંસલો કરવામાં આવે છે.'' આ આયતની તફસીરમાં તફસીર મજમઉલ બયાનના કર્તાએ જે કંઈ લખ્યું છે તેનો ખુલાસો આ છે કે "અલ્લાહતઆલા દર વરસે શબે કદરમાં

દરેક બાબતનો ફેંસલો જારી કરે છે પરંતુ બદાઅ અને મશીય્યતની શરત સાથે, મતલબ મૌત, રિઝક, બીમારીઓ અને મુસીબતો વિગૈરેને તે ચાહે તો આગળ પાછળ અથવા વધારો, ઘટાડો કરી શકે છે. અલ્લાહતઆલા આ ફેંસલાઓને રસૂલુલ્લાહ (સલ.) અને અમીરૂલમોમેનીન તરફ મોકલે છે. અને અમીરૂલમોમેનીન અલી (અલ.) બીજા ઇમામો તરફ મોકલે છે. અહ્યાં સુધી કે છેલ્લે ઇમામે ઝમાના (અલ.) સુધી આ ફેંસલાઓ પહોંચે છે અને તેમાં બદાઅ, મશીય્યત અને આગળ પાછળ થવાની શરત હોય છે.” (તફસીર મજબઉલ

બયાન)

જેથી ખબર પડી કે નિશ્ચિત તકદીરમાં કોઇ બદાઅ પેશ નથી આવતો. હાં અનિશ્ચિત તકદીરમાં (જેમાં શરત હોય છે) બદાઅ જારી થાય છે. જેવી રીતે ઇમામોની દુઆઓથી પણ ખબર પડે છે.

આ કારણે બદાઅનું સ્થાન મંઝિલે તકવીનમાં તે જ રીતે છે જેવી રીતે તશરીઅની મંઝિલમાં નસ્ખ હોય છે. સૈયદ દામાદ (રહ.)એ પણ ફરમાવ્યું છે કે અમ્રે તકવીનમાં બદાઅ એવી રીતે છે કે જેવી રીતે એક શરઈ હુકમ મનસૂખ (રદ્બાતલ) થાય છે. તકવીનમાં અલ્લાહ માટે એવું

નથી કે કોઇ છુપી ચીજ જાહેર થઈ હોય અથવા અલ્લાહ અજાણ હોય અને પછી જાણ થઇ, આ રીતે નથી. (ઉપરોકત પેરેગ્રાફમાં જે મુશ્કેલ શબ્દો આવ્યા છે તેના અર્થ પહેલા વર્ણન થઇ ચુક્યા છે. કહેવાનો અર્થ આ છે કે જેવી રીતે શરીઅતના એક કાનૂનમાં ફેરફાર થાય છે તેને નસ્ખ (મીટાવવું) કહેવામાં આવે છે. એવી રીતે તકવીની બાબતો એટલે રિઝક, મૌત, બીમારીઓ, રેહમતો વિગેરેમાં ફેરફાર થાય તેને બદાઅ કહેવામાં આવે છે. -અનુવાદક)

અલ્લાહના મુકર્રબ બંદાઓ નબીઓ

અને તેમના અવસિયાઓ માટે કેટલીક વખત છુપી બાબતો જાહેર થાય છે અને તે મુજબ તેઓ હુક્મ લાગુ કરે છે. પછી તેમના હુક્મ વિરૂદ્ધ જો કોઇ બાબત જાહેર થાય તો તે ફકત આ કારણે છે કે જે શરતના કારણે તેમણે હુક્મ લગાવ્યો હતો તે શરત બાકી ન રહી. આ પ્રકારના ઘણા ઉદાહરણો છે.

દષ્ટાંત રૂપે તે યહુદીનો કિસ્સો જે ઇમામ જાફર સાદિક (અલ.)થી વર્ણન થયો છે. આપ (અલ.)એ ફરમાવ્યું : એક યહુદી પૈગંબર (સલ.) પાસેથી પસાર થયો તેણે આપ (સલ.)ને આ રીતે સલામ કરી,

“’’ જેનો અર્થ “તમારી મોત-મૃત્યુ આવે’’

થાય છે. આપ (સલ.)એ ફરમાવ્યું, “” (તારી પણ). આપ (સલ.)ના સહાબાઓએ કહ્યુ : તેણે આપના માટે મોતની બદ-દુઆ કરી છે. આપ (સલ.)એ ફરમાવ્યુ : મેં તેના પર મોત પલટાવી છે. એક કાળો સાંપ તેની ગરદનની પાછળ કરડી ખાશે અને તે હલાક થઈ જશે.

તે યહુદી જંગલમાં ગયો અને તેણે ઘણી સૂકી લાકડીઓ ભેગી કરી. પછી તેને બાંધીને પોતાના માથા પર મૂકીને જીવતો પાછો ફર્યો. આપ (સલ.)એ તેને ફરમાવ્યું : આ લાકડીઓને જમીન પર મૂકી દે. યહુદીએ જ્યારે લાકડીઓના જથ્થાને જમીન

પર નાખ્યો તો તેમાંથી એક કાળો સાંપ નીકળયો. જે લાકડીઓ પર દાંત મારી રહયો હતો. આપ (સલ.)એ પુછયુ : શું તે કોઇ નેક કામ કર્યું છે ? તેણે કહયુ : મેં તો બસ આ લાકડીઓ ભેગી કરી અને તેને ઉઠાવી લાવ્યો છું. હાં આટલુ જરૂર કે મારી પાસે બે મીઠી રોટીઓ હતી. જેમાંથી એક મેં ખાધી અને બીજી એક મીસ્કીનને સદકામાં આપી. આપ (સલ.)એ ફરમાવ્યું : આજ કારણથી અલ્લાહે તારાથી મોતને હટાવી લીધી. બેશક સદકો બુરી મોતને દૂર કરી દે છે. (બિહારૂલ અનવાર - ભાગ 4)

આ જ રીતે ઇબ્રાહીમ (અલ.)નો કિસ્સો

છે કે તેમણે સ્વપ્નમાં જોયું કે પોતાના ફરઝંદ ઇસ્માઈલ (અલ.)ને ઝબહ કરી રહયા છે. એ ખ્વાબ ઇબ્રાહીમ (અલ.) માટે વહી સમાન હતુ. આ કારણથી તેમણે પોતાના ફરઝંદ્રે ખ્વાબ સંભળાવ્યુ. જનાબ ઇસ્માઈલ (અલ.)એ કહયુ : જે બાબતનો આપને હુકમ આપવામાં આવ્યો છે તે પૂરો કરો. અને તેઓ ઝબહ થવા માટે તૈયાર થઈ ગયા. હઝરત ઇબ્રાહીમ (અલ.) પણ પોતાના અઝીઝ ફરઝંદ્રે ઝબહ કરવા માટે તૈયાર થઈ ગયા અને બેટાને સુવડાવ્યો. પણ રબ્બે જલીલની આવાઝ આવી :

"ઇબ્રાહીમ ! તમે અમારો હુકમ અંજામ આપી દીધો. હવે પોતાના ફરઝંદ ઇસ્માઈલને ઝબહ ન કરો. અમે તેનો ફિદયો ઝિબ્હે અઝીમ (મોટી કુરબાની) થી આપી દીધો છે." (સૂ. સાફ્ફાત, આ. 104-107)

આથી ખબર પડે છે કે હઝરત ઇસ્માઈલ (અલ.)ના ઝબહનો હુક્મ ફિદયો ન આપવા પર અવલંબિત હતુ. પરંતુ હઝરત ઇબ્રાહીમ (અલ.)ને આ શરત ખબર ન હતી. આજ રીતે આપ (સલ.)નું તે યહુદીને મોતનો હુક્મ લાગુ કરવો સદકો ન આપવાની સ્થિતિમાં મુકર્રર હતુ. જ્યારે તેણે સદકો આપ્યો તો મોત ટળી ગઈ.

અહ્યાં જો આ એતેરાઝ કરવામાં આવે કે બદાઅ હકીકતમાં નિશ્ચિત ઇલાહી તકદીરમાં નથી હોતું બલકે તે ફકત નબી અને માસુમ ઇમામોના ઇલ્મમાં હોય છે તો પછી બદાઅને અલ્લાહની તરફ નિસ્બત શા માટે આપવામાં આવે છે અને કહેવાય છે કે ફલાણા મામલામાં અલ્લાહના માટે બદાઅ પેશ આવ્યુ ?

આ એતેરાઝનો જવાબ આ રીતે છે કે આ જિસ્માની આલમ (દુનિયા), માદ્દી આલમમાં જેટલી ઘટનાઓ પેશ આવે છે તેની નિસ્બત અલ્લાહ તરફ એવી જ રીતે હોય છે જેમ કે કોઇને પોતાના સંબંધિ

(સ્વજન) ની સિફત સાથે જોડવામાં આવે. દૃષ્ટાંત રૂપે કોઇ કહે કે મારી પાસે તે વ્યક્તિ આવ્યો જેનો બાપ કરીમુન નફ્સ (સખી-ઉદાર) છે. ()

આ દૃષ્ટાંતમાં બેટાને બાપની સિફત સાથે જોડવામાં આવ્યો. (અરબી ગ્રામર, વ્યાકરણ મુજબ દૃષ્ટાંત બંધ બેસતુ, યોગ્ય છે. અનુવાદમાં શક્ય છે દૃષ્ટાંત બરાબર ન લાગતું હોય. - અનુવાદક) આ દુનિયામાં જે કંઇ બને છે તે અલ્લાહના ઇરાદાથી થાય છે. આથી જે કાર્યો આપણાથી પ્રગટ થાય છે તેને મજાઝી (અવાસ્તવિક) રીતે અલ્લાહ તરફ નિસ્બત આપી શકાય છે.

જેથી આ રીતે કહેવું કે “અલ્લાહતઆલાને ફલાણી બાબતમાં બદાઅ પેશ આવ્યો” તેનો અર્થ આ છે કે ઇન્સાનો માટે આ બાબતમાં તે વસ્તુ જાહેર થઇ જે પહેલાં છુપી હતી. મતલબ આ જાહેર થવું હકીકતમાં ઇન્સાનો માટે છે. અલ્લાહ માટે નથી. તો યાદ રાખવું જોઇએ કે બદાઅ જાહેર થવાના અર્થમાં ઇન્સાનો માટે છે. અલ્લાહ માટે નથી. (અલ્લાહને અઝલથી દરેક ચીજનું ઇલ્મ છે.)

આ હકીકતને સમીઅ () અને બસીર () જેવી સિફતોથી પણ સમજી શકાય છે. સમીઅ એટલે સાંભળવાવાળો, બસીર

એટલે જોવાવાળો. આ સિફતો ઇન્સાન સાથે પણ જોડવામાં આવે છે અને અલ્લાહ સાથે પણ, જ્યારે કે આ સિફતો જે રીતે ઇન્સાનમાં હોય છે, અલ્લાહ માટે હરગીઝ આ રીતે નથી. કારણકે ઇન્સાન શારિરીક અવયવો દ્વારા સાંભળે છે  અને જુએ છે. પણ અલ્લાહ (અજ્જ વ જલ્લ) જિસ્મ-શરીરથી પાક છે. આપણા જેમ શરીર નથી ધરાવતો. અલ્લાહ સમીઅ-સાંભળનારો છે પોતાના ઇલ્મથી, બસીર-જુએ છે પોતાના ઇલ્મથી અને અલ્લાહનું ઇલ્મ અયને જાત છે. મતલબ તેનું ઇલ્મ અને જાત બે અલગ અલગ ચીજો નથી. બલકે તેની સિફતો ન

તેની જાતથી જુદા છે અને ન જાત સિવાય છે. બલકે જે જાત છે તે જ ઇલ્મ પણ છે.

ઉપરોકત ચર્ચામાં દષ્ટાંતો દ્વારા આ બાબત સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે ઘણા બધા એવા શબ્દો છે જે અલ્લાહ માટે પણ બોલવામાં આવે છે. તેમાંથી એક શબ્દ “બદાઅ’’ પણ છે.

બદાઅના વિષે આટલી લાંબી ચર્ચા પછી આ હદીસનો મતલબ સ્પષ્ટ થઇ ગયો હશે કે જેમાં ઇમામ (અલ.)એ ફરમાવ્યુ છે કે “મા’ના પેટમાં બે ફરીશ્તાઓ બદાઅની શરત સાથે નવજાત શીશુની તકદીરનો ફેંસલો લખે છે.’

ઇમામ (અલ.)ના આ ફરમાનનો મતલબ આ છે કે નવજાત શીશુની બદ્બખ્તી અથવા ખુશનસીબી જે તકદીરના હુકમથી પોતાના મા-બાપ દ્વારા વારસામાં પ્રાપ્ત કરે છે. તેનું કાયમી હોવું જબરદસ્તી અને નિશ્ચિત તકદીરના અર્થમા નથી. (ખાસ કરીને આમાલ અને કિરદાર કે જેમાં ઇખ્તિયાર હોય છે.) આથી જરૂરી નથી કે જો વાલેદૈન બદ્બખ્ત (બુરી સિફાત ધરાવનાર હોય) તો બાળક પણ બદ્બખ્ત જ બને. કારણકે અલ્લાહ તરફથી બદાઅ જાહેર થઇ શકે છે.

આ જ હકીકત આપણા ઇમામોની

દુઆઓથી જાહેર થાય છે. જેમાં કહેવામાં આવ્યુ છે : “ખુદાયા જો તેં મારી ગણતરી બદ્બખ્તો માં કરી છે તો તે મીટાવી દે અને મને ખુશબખ્તોમાં શામીલ કરી દે. કારણકે તુ જે ચીજને ચાહે મીટાવી શકે છે અને જે ચીજને બાકી રાખવા માંગે છે તેને બાકી રાખે છે અને તારી પાસે ઉમ્મુલ કિતાબ (લૌહે મહ્ફૂઝ) પણ છે.

જે આયતો અને હદીસો જે નિશ્ચિત તકદીર અને અનિશ્ચિત તકદીરના વિષયમાં આવી છે તેમાં આ જ હકીકતને બયાન કરવામાં આવી છે.

# ચોથી મંઝિલ

## આલમે દુનિયા

એટલે કે તે દુનિયા જેમાં આપણે જિન્દગી પસાર કરી રહયા છીએ અને તે જમીન, પાણી અને હવા વિગેરેથી મિશ્રિત છે. જેમાં બધી નેકી, બદી, સઆદત (ખુશનસીબી) શકાવત (બદ્નસીબી) શામેલ છે.

આ દુનિયામાં ઇન્સાન માટે મહત્ત્વનું આ છે કે તે એક ભરપૂર અને લાંબુ જીવન પસાર કરે. એટલા માટે તે પોતાના મકસદ્ને પ્રાપ્ત કરવા માટે દોડભાગ કરતો રહે છે. ભલે પછી તેનો મકસદ માદ્દી જીવન માટે

હોય કે રૂહાની જીવન માટે, તે પોતાના મકસદને પ્રાપ્ત કરવા માટે દરેક પ્રકારના વસીલાનો ઉપયોગ કરે છે. જેથી કામ્યાબી સુધી પહોંચી શકે. કોઇ માદ્દી રસ્તો અપનાવે છે તો કોઇ રૂહાની.

માદ્દી ગિરોહ : માદ્દી (દુન્યવી) રસ્તો ઇખ્તિયાર કરનારાઓને ત્રણ ગિરોહમાં વહેંચી શકાય છે.

(1) પહેલો ગિરોહ તે લોકોનો છે જે કમાલ (પરિપૂર્ણતા) અને જિન્દગીમાં સ્થિરતા, મજબૂતાઈ ફકત માલ ભેગું કરવામાં સમજે છે. તે લોકો ખ્યાલ કરે છે કે માલ દ્વારા ઇન્સાનની જાતમાં નિરપેક્ષતા આવે છે.

અપેક્ષા રહિત (બીજાઓથી કોઇ આશા, ઉમ્મીદ ન હોવી) બને છે અને જિન્દગીમાં પરિપૂર્ણતા, મજબૂતાઈની ચાવી નિરપેક્ષતા છે.

(2) બીજો ગિરોહ તે લોકોનો છે જેઓ ઇઝઝત અને ઊંચો મકામ પ્રાપ્ત કરવામાં જ કમાલ સમજે છે. જિન્દગીના રહસ્યો તેમાં જ છુપાએલા સમજે છે. પરંતુ આ વસ્તુ કોઇ મોટા ખાનદાન કે કબીલાથી નિસ્બત વગર પ્રાપ્ત થવાની ઉમ્મીદ ઓછી છે.

(3) ત્રીજા ગિરોહમાં તે લોકો શામેલ છે જેઓ સમજે છે પ્રતિષ્ઠીત-બાઇઝઝત લોકો

અથવા મોટી જમાઅતો સાથે સંબંધ કાયમ કરવાથી જ કમાલ, નિરપેક્ષતા પ્રાપ્ત થાય છે. આ લોકો પોતાનો મકસદ પ્રાપ્ત કરવા માટે ઘણો બધો માલ પણ ખર્ચી નાખે છે અને પોતાના સંબંધો બનાવવા માટે ખૂબ કોશીશ કરે છે. આવા લોકો યોગ્ય-મુનાસિબ સમયને હાથથી જવા નથી દેતા.

ઉપરોકત ત્રણેય રસ્તાઓ ફક્ત માદ્દી, ભૌતિક છે. તેમાં રૂહાનિયતને કોઈ મહત્ત્વ નથી. બલકે આવા લોકોનું દ્રષ્ટિબિન્દુ ફક્ત માદ્દી હોય છે.

રૂહાની ગિરોહ : જે લોકો રૂહાનિયતને મહત્ત્વ આપે છે તેઓ કમાલ, પરિપૂર્ણતાને

આ બાબતમાં છુપાએલી સમજે છે કે રૂહાનિયતમાં ઉચ્ચ મકામ પ્રાપ્ત કરવા માટે દુન્યવી જિન્દગીની સખ્તીઓ સહન કરવી પડશે. આ લોકોના પણ ત્રણ ગિરોહ છે :

(1) પ્રથમ ગિરોહ તે લોકોનો છે જેઓ એરીસ્ટો પહેલાના યુનાની ફિલોસોફરોની તાબેદારી કરે છે અને તેમનો મત, ખ્યાલ આ છે કે જિન્દગીમાં કમાલ, ખુશબખ્તી પ્રાપ્ત થઇ શકવાની બુનિયાદ ચાર ચીજો પર છે. આ ચાર ચીજો હિકમત (તત્વજ્ઞાન, ડહાપણ), શુજાઅત (બહાદુરી), ઇફ્ફત (પાકદામની) અને અદાલત (ઇન્સાફ) છે. હવે જે વ્યકિત પણ આ ચાર સિફતો,

ગુણોને પોતાનામાં ભેગી કરે તે આ લોકોના મત પ્રમાણે સંપૂર્ણ ખુશનસીબ અને રક્ષિત હોય છે. આ લોકો જિસ્માની (શારિરીક) ખૂબીઓ, વિશિષ્ટાઓને રૂહાની પરિપૂર્ણતા, કમાલ સુધી પહોંચવામાં અસરકારક નથી સમજતા. જેથી જો કોઇ વ્યક્તિ પોતાના બદ્નના કોઇ અવયવથી વંચિત હોય, શરીરનો કોઇ અવયવ ન હોય અથવા તે વ્યક્તિ બીમાર હોય તો પણ તેના માટે ઉપરોકત ચાર સિફતો સુધી પહોંચવામાં શારિરીક ખામીઓ રૂકાવટ નથી બનતી. તેમના મત પ્રમાણે સઆદતના રસ્તામાં બીમારીઓ, શારિરીક ખામીઓ રૂકાવટ નથી

બની શકતી.

(2) બીજો રૂહાની ગિરોહ તે લોકોનો છે જેમને "મુરતાઝીન' કહેવાય છે. મુરતાઝીન એટલે રીયાઝત, તપસ્યા, નફ્સની સાથે જેહાદ કરવાવાળા, નફ્સને દ્બાવી રાખનારા. આ લોકો દુન્યવી લઝઝતોથી પોતાની જાતને રોકી રાખવામાં જ સઆદત, કમાલ પ્રાપ્ત કરવાનો દરવાજો સમજે છે. આ કારણથી જ આ લોકો પોતાના શરીરને તકલીફ આપે છે. કદી નોકદાર ખીલીઓ પર સૂઈ જઇને, તો કદી ઝાડની ડાળીઓ પર પોતાને લટકાવીને અને કદી સખત ધૂપ (તડકા)માં બેસીને પોતાની જાતને કષ્ટ

આપે છે. આ સિવાય આ લોકો ખાવા-પીવાનું છોડીને પણ તપસ્યા કરે છે. આ લોકો એરીસ્ટો પહેલાના ફિલોસોફરોથી પણ ચઢિયાતા છે. કારણ કે તે ફિલોસોફરો શરીરના વૃદ્ધિ વિકાસથી બેપરવા હતા પણ આ લોકો (બીજો ગિરોહ) તો એક કદમ આગળ વધીને જિસ્મને તકલીફ પહોંચાડીને રૂહાની સઆદત પ્રાપ્ત કરવા માંગે છે.

(૩) ત્રીજા ગિરોહમાં તે લોકો શામેલ છે જેઓ સઆદત અને કમાલ સુધી પહોંચવાનું રાઝ-રહસ્ય આ બાબતમાં સમજે છે કે ઇન્સાન પોતાને તે ચીજોમાં બુલંદ, ઉચ્ચ રાખે જેમાં ઇન્સાન અને જાનવરો સમાન છે.

દષ્ટાંત રૂપે જિન્સી ખ્વાહીશાત (કામેચ્છાઓ)ના ગાલિબ આવવાથી ઇન્સાન જાનવરોથી પણ પસ્ત, નીચલા દરજ્જા સુધી પહોંચી જાય છે અને આ ચીજ ઇન્સાનને સઆદતના રસ્તાથી બાહર લઈ જાય છે. માટે ઇન્સાન અને જાનવરની આ સમાન સિફતોમાં ઇન્સાન બુલંદ દરજ્જા પર હોવો જોઈએ. આ લોકો કહે છે કે જે ચીજોમાં ઇન્સાન અને બીજા જાનવરો બરાબર-સરખા હોય તેમાં ઇન્સાનો માટે કોઈ સઆદત નથી.

સ્પષ્ટ છે કે આ છેલ્લો ગિરોહ ઉપરોકત ગિરોહ કરતા કંઇક અંશે

મધ્યમમાર્ગી છે. વચલો રસ્તો અપનાવ્યો છે. કારણકે આ લોકો કહે છે કે શરીર, જિસ્મથી ન તો ગફલત વર્તવી જોઈએ અને ન શરીરને તકલીફમાં નાખવું જોઈએ.

આ રીતે આ વાત પણ સાબિત થાય છે કે આ ત્રણેય ગિરોહ આ વાતમાં સમાન દ્દષ્ટિકોણ ધરાવે છે કે શારિરીક પ્રગતિ, વિકાસના મુકાબલામાં રૂહાની પ્રગતિ અને કમાલ (પરિપૂર્ણતા) તરફ વધારે ધ્યાન આપવું જોઈએ. જો કે રૂહાનિયત સુધી પહોંચવા માટે તેના અસબાબ અને વસીલાના વિષયમાં ત્રણેય ગિરોહમાં મતભેદ છે.

(રૂહાની ગિરોહના આ ત્રણ પ્રકાર શેખ મહંમદ તકી ફલસફીની કિતાબ  માં થી લેવામાં આવ્યુ છે.)

## જિન્દગીમાં કમાલ (પરિપૂર્ણતા, પ્રગતિ) પ્રાપ્ત કરવાનો રસ્તો

ઉપરોકત ચર્ચાથી ખબર પડે છે કે સઆદત અને જિન્દગીમાં કમાલ પ્રાપ્ત કરવા વિષે બે વિરોધાભાસી પાઠશાળાઓ છે. એક તે જે માદ્દીયત (ભૌતિકવાદ) પર ચણાએલી છે અને બીજી રૂહાનિયતની તરક્કી પર કાયમ છે. પેહલી પાઠશાળા માદ્દી પ્રગતિમાં સઆદત અને પરિપૂર્ણતા સમજે છે અને બીજી રૂહાની પ્રગતિને.

આજના જમાનાની સંસ્કૃતિ, સમાજ ભૌતિકવાદ તરફ વધારે ઝુકેલી છે અને માદ્દી ઇચ્છાઓ, લઝઝતોને પુરી કરવામાં જ સાચી જિન્દગી ખ્યાલ કરે છે. એટલે સુધી કે માદ્દીયત ઇન્સાનની અક્કલ અને ફિકર પર પણ પ્રભુત્વ પામી ચુકી છે.

પરંતુ આ માદ્દી અને રૂહાની દષ્ટિકોણમાં જે અતિરેક કે અલ્પતા (કમી), વધઘટ થાય છે, તેનો દરમિયાની રસ્તો સાચી હકીકતને સ્પષ્ટ કરે છે. જે સઆદત અને જિન્દગીના કમાલનો સાચો રસ્તો છે. મતલબ ઇન્સાન રૂહ અને માદ્દા બન્નેની પ્રગતિ માટે બેહતરીન રસ્તો અપનાવે. આ

જ સહી ફિતરત-પ્રકૃતિ છે અને આ જ ફિતરત, કુદરતનો કાનૂન કહે છે. અને ઇન્સાનની તબીયત પણ સ્વીકારે છે. કારણકે નેકી કરવા માટે અને પેદા કરવાવાળાની મરજી પ્રાપ્ત કરવા માટે શરીર પર ધ્યાન દેવું રૂહાની પ્રગતિના રસ્તામાં કોઇ રૂકાવટ નથી અને તેનાથી નફ્સ-રૂહ પર કોઇ ઝુલમ નથી થતો. બલકે આજ તે બેહતરીન તરીકો છે જેનાથી રૂહને પણ રાહત મળે છે અને શરીરને પણ.

# પોતાની જાતને કમાલ (પુર્ણતા) સુધી પહોંચાડવું

આપણે આ વાત ન ભૂલવી જોઈએ કે રૂહાનીયતની તરક્કી અને રૂહાનીયતમાં કમાલના દરજ્જા સુધી પહોંચવું આ વાત પર નિર્ભર છે કે અલ્લાહ-તઆલાએ જે વાજીબાત આપણા પર લાગુ કર્યા છે તેને અદા કરવામાં આવે અને તેના માટે શરીરનું તંદુરસ્ત હોવું જરૂરી છે. જેથી અલ્લાહના હુકમ પર અમલ થઈ શકે. આથી પોતાની જાતમાં નિરપેક્ષતા પૈદા કરવી માદ્દી પ્રગતિ વગર શક્ય નથી. કારણકે જાતી રીતે બેનિયાઝ (અપેક્ષા

રહિત) હોવું એક રૂહાની, અંદરૂની એહસાસ (અનુભુતિ) નું નામ છે. (પોતાની જાતને અન્યોથી બેનિયાઝ કરવું, કોઈની જરૂરત ન હોવી, દુનિયાથી બેપરવાહી, તેનું નામ જાતી રીતે બેનિયાઝી) જે એહસાસ ન ફકત માદ્દી પ્રગતિથી પ્રાપ્ત થઈ શકે છે અને ન ફકત જિસ્મ, શરીરથી અસંબંધિત રહીને પ્રાપ્ત થઈ શકે છે. (એટલે કે જિસ્મના તકાદાઓને પુરા ન કરે. ઇચ્છાઓને મારી નાખે.) આથી જે લોકો આ રૂહાની એહસાસ (પોતાની જાતમાં બેનિયાઝી) ને ફકત માદ્દી સાધનોથી પ્રાપ્ત કરવા માંગે છે તેઓ પ્યાસની હાલતમાં મૃગજળ (સરાબ) ની

તરફ દોડવાની જેમ અમલ કરી રહયા છે. (મૃગજળ એટલે દૂરથી એવું લાગે કે ફલાણી જગ્યાએ પાણી છે અને નજીક જઇએ તો કંઈ ન હોય. આવી સ્થિતિ રણ પ્રદેશમાં પેશ આવે છે.) કારણકે ફકત માદ્દીયત પર ભરોસો ઘણી જલ્દ નિસ્તેજ થઈ જાય છે અને નાઉમ્મીદી સિવાય કંઇ હાથ નથી લાગતુ. આ વાત થોડું ઘણુ ચિંતન-મનન કરવાથી પણ સમજી શકાય છે.

જેથી માદ્દી સાધનોને ભેગા કરવું અને શારીરીક તકાદાઓને પુરા કરવાની સાથે રૂહાનીયતની પ્રગતિ ઇન્સાનને સીધા રસ્તાથી ભટકવા નથી દેતી અને તેના

તમામ જિસ્માની અને રૂહાની બાજુને તરક્કી અને કમાલના રસ્તા પર લગાવી દે છે. કારણકે માદ્દી લઝઝતો ચાહે કેટલી પણ કેમ ન હોય છેવટે ફના થાય છે. જ્યારે કે સાચો કમાલ (પૂર્ણતા) કાએનાતના રબથી નજદીકી અને તેના નૂરથી મુનવ્વર થવામાં છુપાએલુ છે.

## જાતી રીતે કમાલનું દ્દષ્ટાંત

આ બાબતનું બેહતરીન ઉદાહરણ હઝરત સુલેમાન બિન દાઊદ અલેયહીસ્સલામ નું છે. જેમને અલ્લાહ-તઆલાએ નુબુવ્વતના દરજ્જાની સાથે ઘણી મોટી બાદશાહત પણ આપી હતી. જે તેમના પેહલા કોઈને નસીબ થઈ ન હતી.

હઝરત અમીરૂલ મોમેનીન (અલ.) નહ્જુલ બલાગામાં ફરમાવે છે, “જો કોઇ વ્યક્તિ દુનિયામાં હંમેશા બાકી રહેવા માટેની સીડી અને મોતને દૂર કરવાનો રસ્તો પામી શકતો હોત તો તે સુલેમાન બિન દાઊદ (અલ.) હોઇ શકતા હતા.

જેમના માટે અલ્લાહે નબુવ્વત અને મોટી કુરબત, નજદીકીની સાથે સાથે જિન્નાત અને ઇન્સાનો પર હુકુમત પણ આપી હતી. પરંતુ જ્યારે તેમનું રિઝક પુરૂ થઈ ગયુ અને તેમની જિન્દગીની મુદ્દત પુરી થઈ ગઈ તો કઝાએ ઇલાહીથી તેઓ પણ ફના થયા. મેહલો અને ઘરોથી ખાલી થઈ ગયા અને બીજાઓને વારસામાં મળ્યા.

મહંમદ બિન કઅબથી રીવાયત છે કે અમને આ ખબર પહોંચી છે કે હઝરત સુલેમાન બિન દાઊદ (અલ.)નું લશકર સો ફરસખમાં (એક ફરસખ સાડા પાંચ કિલોમીટર થાય છે.) ફેલાએલું હતું.

પચ્ચીસ ફરસખ ઇન્સાનો માટે હતુ. પચ્ચીસ જિન્નાતો માટે, પચ્ચીસ વહશી જાનવરો માટે અને પચ્ચીસ પક્ષીઓ માટે અને તેમનો મહેલ કાચ અને લાકડાઓથી બનેલો હતો. જેમાં એક હજાર ઓરડા (રૂમ) હતા. જેમાં ત્રણસો મેહર અદા થએલી બીબીઓ રેહતી હતી અને સાતસો નોકરાણી હતી. હઝરત સુલેમાન (અલ.) ઝડપી હવાને હુકમ આપતા હતા તો તે તેમના મેહલને ઉઠાવી લેતી હતી. પછી નરમ (હલકી) હવા તેને લઈને ચાલતી હતી. એક દિવસ સુલેમાન (અલ.) જમીન અને આસમાનની વચ્ચે હવા પર ચાલી રહયા

હતા. અલ્લાહતઆલાએ તેમને પૈગામ મોકલ્યો કે “મેં તમારી હુકુમતમાં આટલો વધારો કરી દિધો છે કે હવે મખલૂકમાંથી જે પણ કોઇ વાત કરશે હવા તેની ખબર તમને આપી દેશે.”

મકાતિલ કહે છે કે : શયતાનોએ હઝરત સુલેમાન (અલ.) માટે એક ફરસખ લાંબો ગાલીચો બનાવ્યો હતો કે જેમાં રેશમના તારોમાં સોનાની મિલાવટ હતી. આ ગાલીચાની વચ્ચે સોનાનું એક ટેબલ રાખવામાં આવ્યુ હતુ. જેના પર સુલેમાન (અલ.) બેસતા હતા અને તેમની આસપાસ સોના ચાંદીની ત્રણ હજાર ખુરસીઓ હતી.

સોનાની ખુરસીઓ પર નેક લોકો બેસતા હતા. અને ચાંદીની ખુરસીઓ પર આલિમો બેસતા હતા. પક્ષીઓ તેમના ઊપર પોતાની પાંખોથી છાંયડો કરતા હતા. જેથી તેમના પર તડકો ન પડે. અને હવા આ પૂરા ગાલીચાને પોતાના ખભા પર લઈને ચાલતી હતી. સવારથી સાંજ સુધી એક મહીનાનું અંતર પુરુ થતુ હતું. અને સાંજથી સવાર સુધી એક મહીનાનું.

પરવરદિગારે આલમ કુરઆનમાં ફરમાવે છે :

“અને અમે સુલેમાન (અલ.) માટે તેજ હવાને મુસખ્ખર (વશીભૂત) કરી દિધી હતી.

જે તેમના હુકમથી આ જમીન પર ચાલતી હતી. જેમાં અમે બરકત આપી હતી. અને અમે દરેક વસ્તુને જાણીએ છીએ અને શયતાનોમાં કેટલાક એવા હતા જે તેમના માટે દરીયામાં ડુબકી મારતા હતા અને બીજા કામો પણ કરતા હતા અને અમે જ આ બધાની હિફાઝત કરવાવાળા હતા.'' (સૂ. અંબિયા, આ. 81-82)

અલ્લાહે આ પણ ફરમાવ્યુ :

"અને અમે દાઊદ અને સુલેમાનને કેટલુંક ઇલ્મ આપ્યુ તો તે બન્નેએ કહ્યુ : બધી તારીફ તે અલ્લાહ માટે છે જેણે અમને પોતાના ઘણા બધા મોમિન બંદાઓ પર

ફઝીલત આપી અને સુલેમાન દાઊદ (અલ.)ના વારીસ બન્યા અને તેમણે કહ્યુ : અય લોકો અમને પક્ષીઓની ભાષાનું ઇલ્મ આપવામાં આવ્યુ છે અને અમને દરેક વસ્તુ આપવામાં આવી છે. યકીન જાણો આ જ અલ્લાહનો સ્પષ્ટ ફઝલ છે.'' (સૂ. નમલ, આ. 15-16)

અને ફરમાવ્યુ :

“અને અમે (તાબે કરી દીધુ) સુલેમાનના માટે હવાને, જેની સવારની (ચાલ) એક મહીનાની (બરાબર) અને સાંજની (ચાલ) એક મહીના (બરાબર) અને અમે તેમના માટે તાંબાને પીગળાવ્યુ અને જિન્નાતોમાંથી

કેટલાક એવા હતા જે તેમની સામે કામ કરતા હતા તેમના રબની પરવાનગીથી અને જો તેમનામાંથી કોઈ વાંકો રસ્તો અપનાવશે તો અમે તેને જહન્નમનો અઝાબ ચખાડીશું. જિન્નાતો તેમના માટે બનાવતા હતા જે કંઇ પણ હઝરત સુલેમાન ચાહતા હતા. મેહરાબ, તસ્વીર, પાણીના હોજ જેટલા મોટા પ્યાલા અને મોટી મોટી દેગો. અય આલે દાઊદ ! અલ્લાહનો શુક્ર કરો, જ્યારે કે મારા બંદાઓમાંથી ઘણા ઓછા છે શુક્ર અદા કરવાવાળા.” (સૂ. સબા, આ 12-13)

ફરમાવવામાં આવ્યુ :

“અમે તાબે કરી દીધું તેમના માટે (હઝરત સુલેમાન માટે) હવાને જે તેમના હુકમથી નરમીની સાથે ચાલતી હતી જ્યા પણ સુલેમાન ઇરાદો ધરાવતા હતા અને અમે સુલેમાન માટે વશીભૂત કરી દીધુ હતુ બધાજ બાંધકામ કરનારા અને દરીયામાં ડૂબકી મારનારા શયતાનોને અને બીજા કેટલાક શયતાનો તેમની સામે લોખંડની ઝંજીરો (સાંકળ)માં બાંધેલા હતા. અય સુલેમાન, આ અમારી બક્ષિસ છે. ચાહો તો એહસાન કરી કોઇને આપી દો અને ચાહો તો તેને પોતાની પાસે હિસાબ વગર રાખો

અને અમારી પાસે સુલેમાન માટે નઝદીકી મરતબો પણ છે અને સારો અંજામ પણ.”
(સૂ. સાદ, આ. 36-40)

# હઝરત સુલેમાન (અલ.)ની પરહેઝગારી અને કનાઅત (થોડાક પર રાજી રહેવું)

હઝરત સુલેમાન (અલ.)ને આટલી મોટી હુકુમત, સત્તા હોવા છતાં પણ વગર ચાળેલા જવના આટાની રોટલી ખાતા હતા અને પોતાના મહેમાનોને ઘઉંના બેહતરીન આટાની રોટલી ગોશ્ત સાથે ખવડાવતા હતા.

ઇમામ જાફર સાદિક (અલ.)એ ફરમાવ્યુ છે કે હઝરત સુલેમાન (અલ.) પોતાના મેહમાનોને ગોશ્ત અને મેંદાની

રોટલી ખવડાવતા હતા, પોતાના ઘરવાળાઓને વગર ચાળેલા આટાની રોટલી ખવડાવતા હતા અને પોતે વગર ચાળેલા જવની રોટીઓ પર ગુજારો કરતા હતા.

ઇમામ જાફર સાદિક (અલ.) ફરમાવે છે, “તે એક તસ્બીહ કે જેને અલ્લાહ કબુલ કરી લે આલે દાઊદ (અલ.)ને મળેલી તમામ નેઅમતોથી બેહતર છે.” એક બીજી રીવાયતમાં ઇમામ (અલ.) તેનું કારણ બતાવતા ફરમાવે છે કે તસ્બીહનો સવાબ બાકી રહે છે જ્યારે કે સુલેમાન (અલ.)ની હુકુમત ફના થવાવાળી ચીજ છે.” (દઅવાતે

જો આમ કહેવામાં આવે કે અલ્લાહતઆલાએ હઝરત સુલેમાન (અલ.)ની આ દુઆ કુરઆનમાં વર્ણન કરી છે કે "અય પરવરદિગાર મને એવી હુકુમત આપ કે મારા પછી કોઇના માટે ન હોય." તો તેમણે એવી હુકુમત શા માટે માંગી જ્યારે કે તેમને અલ્લાહની બારગાહમાં એટલો ઊચો મરતબો પ્રાપ્ત હતો કે તેમના વિષે કહેવાય છે કે તેઓ સામાન્ય ઊનના કપડા પહેરતા હતા. જ્યારે અંધારૂં થઈ જતુ તો પોતાના હાથોને પોતાની ગરદન પર બાંધીને આખી રાત અલ્લાહની બારગાહમાં

ઉભા રડતા હતા અને તેઓ ખજૂરની ચટાઈ પર સુતા હતા જે ચટાઈ પોતે જ વણતા હતા. મતલબ આટલું સાદગી ભર્યું જીવન જીવતા હતા તો પછી અલ્લાહ પાસે હુકુમત શા માટે માંગી ? તે પણ એવી હુકુમત કે જે બીજા કોઈને ન મળે ?

આ પ્રશ્નનો પેહલો જવાબ આ છે કે તેમણે આવી મોટી હુકુમત કાફિર બાદશાહો પર પ્રભુત્વ, ગલબો પ્રાપ્ત કરવા માટે માંગી હતી અને આવી હુકુમતનો સવાલ કરતા પહેલા આપે કનાઅત (થોડા પર સંતોષ કરવો) માંગી લીધી હતી. (બિહારૂલ અનવાર - ભાગ 14)

બીજો જવાબ આ છે કે કેટલાક લોકો આવુ સમજે છે કે દુન્યવી લઝઝતોથી પરહેઝ કરવું ઘણુ સખત કામ છે. કારણકે દુન્યવી લઝઝતો તરત મળી જાય છે અને આખેરતની સઆદત પછીથી મળનાર ફાયદો છે. આથી સ્પષ્ટ છે કે રોકડા વેપારના મુકાબલામાં ઉધારને પ્રાથમિકતા આપવી મુશ્કેલ હોય છે. આ કારણે હઝરત સુલેમાન (અલ.)એ દુઆ કરી : અય પરવરદિગાર, મને તે હુકુમત આપ જે ઇન્સાનોથી પણ ઉચ્ચ હોય કે હું સંપૂર્ણ તાકત ધરાવતો હોવા છતાં દુનિયાથી પરહેઝની હાલતમાં બાકી રહું અને લોકો

પર આ બાબત જાહેર થઇ જાય કે માલે દુનિયા નું હોવું અલ્લાહની ફરમાબરદારીથી નથી રોકી શકતુ. (બિહારૂલ અનવાર - ભાગ 14)

આ સહી જવાબથી આ શક-સંદેહ પણ દૂર થઈ જાય છે કે હઝરત સુલેમાન (અલ.) જે અલ્લાહના એક માસુમ નબી હતા મઆઝલ્લાહ કંજુસીથી કામ લેતા હતા.

આ શક, સંદેહનો આ રીતે પણ જવાબ દઈ શકાય છે કે હુકુમત-સત્તા બે પ્રકારની હોય છે. એક તે સત્તા જે ઝુલમ દ્વારા લોકોને મજબૂર કરીને પ્રાપ્ત કરવામાં આવે છે. જેવી રીતે ફિરઓન, નમરૂદ

જેવાની હુકુમત અને બીજી હુકુમત તે છે જે અલ્લાહના તરફથી પ્રતિનિધિ તરીકે આપવામાં આવે છે. જેવી રીતે આલે ઇબ્રાહીમ, હઝરત તાલુત અને ઝુલકરનૈન વિગેરેની હુકુમતો. હઝરત સુલેમાન (અલ.)એ આ દુઆ કરી હતી : “પરવરદિગાર! મને તે હુકુમત આપ જે મારા પછી કોઈના માટે ન હોય.’’ તેમનો મતલબ આ હતો આ ઝુલમ દ્વારા પ્રાપ્ત થયેલી હુકુમત ન હોય, જેથી આવી હુકુમત તેમની નબુવ્વતનો મોઅજિઝો પણ હોય અને તેમના અલ્લાહના તરફથી પ્રતિનિધિ હોવાની દલીલ પણ બને અને આવી

હુકુમત ઝાલિમ બાદશાહોને ઝુલમથી પ્રભુત્વ પામીને કદી પણ પ્રાપ્ત નથી થઈ શકતી. આથી સાબિત થાય છે કે હઝરત સુલેમાન (અલ.) પછી બીજા નબીઓ અને વસીઓ માટે તેમના જેવી હુકુમત પ્રાપ્ત થવાનો ઇન્કાર ન થઇ શકે. (હઝરત સુલેમાન (અલ.)એ ઝાલિમ બાદશાહોના મુકાબલામાં આવી દુઆ માંગી હતી. જે એક પ્રકારનો મોઅજિઝો હોય અને પોતાના અલ્લાહ તરફથી પ્રતિનિધી હોવાની દલીલ, હવે આવો મોઅજિઝો બીજા પૈગંબરે માટે પણ શક્ય છે.)

કોઈપણ રીતે એક માસુમ નબી માટે

કંજુસી જેવી પસ્ત સિફતનો વિચાર પણ ન કરવો જોઈએ. કારણકે માસુમ હોવું અને કંજુસી આ બે સિફતો એક જગ્યાએ ભેગી નથી થઈ શકતી. (મતલબ માસુમ નબી આ રીતે દુઆ ન માંગે કે ખુદાયા મને એવી સલતનત આપ કે જે મારા પછી કોઇના માટે ન હોય. આ એક પ્રકારની કંજુસી છે. અને કુરઆનમાં હઝરત સુલેમાનની જે દુઆ વર્ણન થઈ તેનો અર્થ-મતલબ ઊપર અમે વર્ણન કરી ચુક્યા છીએ.)

હઝરત સુલેમાન (અલ.) વિશે હદીસમાં આવ્યુ છે કે આપ જ્યારે સવારે ઉઠતા હતા તો સમાજના સજ્જનો,

માલદારો પર નજર પડતી તો આગળ નીકળી જતા અહ્યાં સુધી કે મીસ્કીન, ગરીબો સુધી પહોંચતા તો તેમની વચ્ચે બેસી જતા અને ફરમાવતા : “મીસ્કીનોની સાથે એક બીજો મીસ્કીન પણ આવીને બેઠો છે.’’ (બિહારૂલ અનવાર - ભાગ 14, પેજ 83)

# વાસ્તવિક, સાચા કમાલ (પૂર્ણતા) સુધી પહોંચવાનું રહસ્ય

આથી ખબર પડે છે કે વાસ્તવિક કમાલ અને કાયમી નિસ્વાર્થતાનું રહસ્ય અલ્લાહથી સંબંધ રાખવામાં અને ગૈરખુદા (અલ્લાહ સિવાય)થી બેપરવા થઇ જવામાં છુપાએલું છે. જ્યારે ઇન્સાન ગુનાહોથી દૂર થઈને તકવાના પોશાકથી સુશોભિત થઈ જાય છે. જેવી રીતે અમીરૂલ મોમેનીન અલી (અલ.)એ ફરમાવ્યુ : "જો તમે તમારા કબીલાની હિમાયત વગર ઇઝઝત ચાહો છો તો ગુનાહની ઝિલ્લત, રૂસ્વાઈમાંથી નીકળીને અલ્લાહની ઇતાઅત,

ફરમાંબરદારીની ઇઝઝતમાં દાખલ થઈ જાવ.''

જેથી એક જ રસ્તો છે એકેશ્ર્વરવાદી (અલ્લાહને એક માનનાર) પુરૂષ માટે, તે ખુદાપરસ્ત મર્દ જે પોતાની દરેક સ્થિતિમાં પોતાના પરવરદિગારથી સંબંધ કાયમ રાખે છે. અલ્લાહની ફરમાંબરદારીમાં ઇઝઝતની જિન્દગી ગુજારે છે અને પોતાના નફસને માદ્દી ચીજોના વિષે અન્યોનો ગુલામ બનીને ઝલીલ નથી કરતો. પોતાના કોઇ પણ માદ્દી, રૂહાની મામલામાં અલ્લાહના સિવાય બીજા કોઇનો પોતાની જાતને મોહતાજ નથી સમજતો. કારણકે ઇન્સાનનો સૌથી

મોટો જિન્દગીનો મકસદ હંમેશાની જિન્દગી છે અને તે આખેરત છે.

# પાંચમી મંઝિલ

# આલમે બરઝખ

શબ્દકોશ (ડીક્ષનરી) માં બરઝખ શબ્દના અર્થમાં આવ્યુ છે : તે વસ્તુ જે બે ચીજોના દરમિયાન એવી રીતે પડદો બને કે તેમને એકબીજાની મુલાકાતથી રોકી રાખે.

કુરઆનમાં આવ્યુ છે :

“તેણે (અલ્લાહે) બે દરિયાને એવી રીતે વહાવ્યા છે કે જે આપસમાં મળે છે. પરંતુ તેમના દરમિયાન એક એવી રૂકાવટ (આડ) છે જેના કારણે એકબીજામાં દાખલ નથી થતા.” (સૂ. રહમાન, આ. 19-20)

 amillibrary.com

મતલબ મીઠા અને નમકીન (ખારા) પાણીના દરીયા છે અને જે આડ રૂકાવટ બન્નેની વચ્ચે છે તેને બરઝખ કહેવાય છે. બરઝખનો પરિભાષિક અર્થ તે સ્થળ જે આલમે દુનિયા અને આલમે આખેરતની વચ્ચે છે.

રાગિબ અસ્ફહાનીએ "મુફરદાતુલ કુરઆન' માં લખ્યુ છે કે બરઝખ તે ઝમાનાને કહેવાય છે જે મોત અને કયામતના દરમિયાન છે.

મુહક્કિક ફૈઝ કાશાનીએ "અલ વાફી' ભાગ 3 પેજ 93માં લખ્યુ છે કે બરઝખનો મતલબ તે હાલત (સ્થિતિ) છે જે મોત અને

બઅસ (કયામત) ના દરમિયાન હોય છે. આ સ્થિતિ રૂહની શરીરથી જુદાએગી પછી ફરીવાર શરીરમાં પલટવા સુધી હોય છે. મતલબ કબ્રની સ્થિતિ જેમાં રૂહ એક મિસાલી શરીરમાં રહે છે અને ઇન્સાન પોતાને ઊંઘની હાલતમાં જુએ છે. પૈગંબર (સલ.)થી એક હદીસમાં આવ્યુ છે “ઊંઘ મૃત્યુનો ભાઈ છે.”

કુરઆનમાં છે કે :

“અલ્લાહ ઇન્સાની નફસોને તેમના મૃત્યુના સમયે વફાત આપે છે અને તે નફસોને પણ જે ઊંઘમાં નથી મરતા, જેથી તે નફસો જેમની મોતનો સમય આવી ગયો

છે તેમને અલ્લાહ રોકી લે છે અને જે ઊંઘમા નથી મરતા તેમને એક નક્કી મુદ્દત માટે જિસ્મ (શરીરની) તરફ મોકલી આપે છે.'' (સૂ. ઝુમર, આ. 42)

જનાબ શેક સદૂક (રહ.)એ પૈગંબર (સલ.) થી રીવાયત વર્ણન કરી છે કે આપ (સલ.)એ ફરમાવ્યુ : અય અબ્દુલ મુત્તલિબના સંતાનો, બેશક એક પ્રતિનિધિ પોતાના ખાનદાનવાળાઓને જૂઠ નથી બોલતો. તે હસ્તીની કસમ જેણે મને હકની સાથે મોકલ્યો છે. જેવી રીતે તમે સૂઈ જાવ છો એવીજ રીતે મૃત્યુ પામશો અને જેવી રીતે તમે જાગો છો એવી જ રીતે ફરીવાર

ઉઠાવવામાં આવશો અને મોત પછી જન્નત અથવા જહન્નમ સિવાય કોઈ ઘર નથી.

# મિસાલી શરીર

બરઝખની ગણતરી ન દુનિયામાં થાય છે ન આખેરતમાં, દુનિયામાં એટલા માટે નથી કે ત્યાંની જિન્દગી દુન્યવી જિન્દગીની જેમ નથી. કારણકે ઇન્સાનની રૂહ એક મિસાલી જિસ્મમાં હોય છે. જે હવાની જેમ પાતળું અને માદ્દી શરીરથી બારીક હોય છે. બરઝખી શરીરમાં ન માદ્દા જેવું ઘાટાપણું (ઘટ્ટ) હોય છે ન મુજર્રદ (માદ્દો ન હોય) જેવું બારીકપણું, બલકે તે (બરઝખી શરીર) આ બે સ્થિતિના દરમિયાન હોય છે.

આલમે બરઝખને આલમે મિસાલ એટલા માટે કહેવામાં આવે છે કે તે શકલ,

સુરતમાં આલમે દુનિયા જેવું હોય છે. માદ્દી રીતે નહીં, માદ્દી રીતે બરઝખની ખુસુસિયાત (વિશિષ્ટાઓ) અલગ પ્રકારની હોય છે. આલમે બરઝખની વિશાળતાને સમજવી હોય તો તે માટેનું દષ્ટાંત રેહમે માદર (મા નું પેટ) અને દુનિયાની વિશાળતામાં જે ફર્ક છે તેવો જ ફર્ક આલમે દુનિયા અને બરઝખના દરમિયાન છે. જેવી રીતે "મા'ના પેટમાં રેહતો ઇન્સાન દુનિયાની વિશાળતાનો અંદાજો નથી લગાવી શકતો એવી જ રીતે આ દુનિયામાં રેહતો ઇન્સાન આલમે બરઝખની વિશાળતાનો અને તેની ખુસુસિયાત

(વિશિષ્ટાઓ) નો અંદાજો નથી લગાવી શકતો. આ સિવાય આલમે બરઝખમાં ઇન્સાની રૂહ એક મિસાલી શકલ, બનાવટમાં હોય છે. જેથી કોઇ જુએ તો આજ સમજે કે તે જ દુનિયામાં રહેતો વ્યક્તિ છે પરંતુ હકીકતમાં તેનું મિસાલી શરીર હવાથી પણ વધારે બારીક, સુક્ષ્મ હોય છે. આજ કારણે તેના માટે ચીજોને ઘેરી લેવામાં, સમાવી લેવામાં કોઇ મુશ્કેલ પેશ નથી આવતી.

# આલમે બરઝખમાં આનંદ અને તકલીફની સંવેદ્ના

આલમે બરઝખને આલમે આખેરતમાં ન ગણવુ ફકત એટલા માટે છે કે આલમે બરઝખ ઇન્સાનની છેલ્લી મંઝિલ નથી. બલકે તેના પછી બઅસ અને નુશુર (એટલે કે ફરીવાર અસલ શરીરમાં રૂહનું દાખલ થવું અને કબ્રમાંથી ઉઠાવવું)ની મંઝિલો છે. ત્યાર પછી દુનિયાના આમાલનો હિસાબ અને જન્નત, દોઝખની મંઝિલો છે. આથી ખબર પડે છે કે આલમે બરઝખ દુનિયા અને આખેરતની વચ્ચે એક પડાવ છે. જ્યાં બદઆમાલીના અઝાબની સખતી થોડીક

ઓછી અને નેકી કરનારાઓને નેઅમતોની લઝઝત-મજા પણ ઓછી હશે. પરંતુ દુનિયાના મુકાબલામાં આ બન્ને વધારે જ હશે.

# આલમે બરઝખના અસ્તિત્વ પર દલીલો

આલમે બરઝખના અસ્તિત્વ પર કુરઆની આયતો, રીવાયતો, ઇજ્માએ મુસ્લેમીન, અક્કલ અને આલીમો ના કથન (કૌલ) થી દલીલ કાયમ કરવામાં આવે છે. જ્યાં સુધી કુરઆની આયતો જે આલમે બરઝખના અસ્તિત્વ અને સવાબ અને અઝાબના હોવા પર દલીલ બને છે તે ઘણી બધી છે. તેમાંથી કેટલીક આ છે :

(1)

“અય નફસે મુતમઇન્ના પોતાના રબની તરફ રાજી, પસંદ થઇને પાછો આવી જા,

જેથી મારા (ખાસ) બંદાઓમાં શામેલ થઈ જા અને મારી જન્નતમાં દાખલ થઈ જા.'' (સૂ. ફજર, આ. 27-30)

એમાં શક નથી કે પાછા ફરવાનો મતલબ મોત છે અને મૃત્યુ પછી તરત જ નેક બંદાઓમાં શામેલ થઈ જવાનો હુકમ આ વાતની પુષ્ટિ કરે છે કે આ સ્થિતિ મોત પછી કયામત સુધી રહેશે.

(2)

“તે લોકો જેઓ અલ્લાહના રસ્તામાં કતલ થાય છે તેમને મરણ પામેલા ન કહો, બલકે તેઓ જિન્દહ છે પરંતુ તમે નથી સમજતા.'' (સૂ. બકરહ, આ. 154)

આ આયતના વિષે બિહારૂલ અનવારની રીવાયત મુજબ અલ્લામા તબરસીએ પોતાની તફસીર મજમઉલ બયાનમાં ફરમાવ્યુ છે કે આ જિન્દગી વિષે કેટલાક કોલ (કથન) વર્ણન થયા છે. જેમાં સહી આ છે કે અલ્લાહના રસ્તામાં શહાદત પામનારાઓ સાચે જ જિન્દહ છે કયામત સુધી. ઇબ્ને અબ્બાસ, મુજાહિદ, કતાદહ અને બીજા ઘણા બધા મુફસ્સિરોનું મંતવ્ય પણ આ જ છે. શહીદોનું નામ આયતમાં વિશિષ્ટ રીતે આવ્યું એક પ્રકારની ખુશખબરી છે. જો કે એક રીતે બીજા મોમેનીન પણ જિન્દહ જ છે.

બીજી આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે :

“અને તમે કદી પણ તે લોકોને જેઓ અલ્લાહના રસ્તામાં શહીદ થયા છે મુડદા ન સમજો બલકે તેઓ જિન્દહ છે અને પોતાના પરવરદિગારની પાસે રિઝક પ્રાપ્ત કરે છે.” (સૂ. આલે ઇમરાન, આ. 169)

ફખરૂદ્દીન રાઝીએ પણ આજ કથનને માન્ય રાખ્યો છે અને લખ્યુ છે કે બહુમતિ મુફસ્સેરીનનો મત પણ આ જ છે અને આ આયતો આ બાબત દલીલ છે કે અલ્લાહના ફરમાંબરદારોને તેમની કબ્રમાં પણ સવાબ મળે છે. ફખરૂદ્દીન રાઝી લખે છે કે આ

હકીકત પર ઘણી આયતો દલીલ બની શકે છે. દષ્ટાંત રૂપે તે આયતો જે કબ્રના અઝાબ વિશે આવી છે. જેવી રીતે અલ્લાહે ફરમાવ્યુ :

"આ લોકોએ કહ્યુ : અમારા પરવરદિગાર, તેં અમને બે વખત મૃત્યુ આપ્યુ અને બે વખત જીવંત કર્યા." (સૂ. મોમિન, આ. 11)

અને બે વખત મૃત્યુ સાબિત નહીં થઇ શકે જ્યાં સુધી કબ્રની જિન્દગીને સ્વીકાર કરવામાં ન આવે.

શેખ તૂસી (રહ.) એ તફસીર તીબયાનમાં અલ્લામા સુદયનો કૌલ

(કથન) વર્ણન કર્યો છે : બીજી વાર મૃત્યુ આલમે બરઝખમાં થાય છે, જ્યારે કયામત પહેલા બંદાને તેનાથી પૂછતાછ કરવા માટે જીવંત કરવામાં આવશે.

ત્યાર પછી શેખ તૂસી (રહ.) કહે છે : આ આયતમાં અલ્લામા સુદયના કથન સિવાય રજઅત પણ મતલબ હોય શકે છે અને યકીન સાથે એક જ કૌલ મતલબ ન લઇ શકાય.

તફસીર તીબયાનમાં સૂરએ બકરહ આયત 28ના વિશે ઇબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ અને ઝહાકનો કૌલ વર્ણન થયો છે કે આ આયત પણ બરઝખની જિન્દગી

માટેની દલીલ છે.

“કઈ રીતે તમે અલ્લાહનો ઇન્કાર કરી શકો છો ? અને તમે બેજાન હતા તો તેણે તમને જીવંત કર્યા. તે જ તમને મોત આપશે અને તે જ તમને જીવંત કરશે પછી તેની તરફ પાછા ફરીને જવાનું છે.” (સૂ. બકરહ, આ. 28)

આ આયતમાં કાફિરોને ચેતવણી આપવી અને તેમના કુફ્રના વિરૂદ્ધ દલીલ કાયમ કરવી છે. એટલે કે કઇ રીતે આ લોકો અલ્લાહની નેઅમતોનો ઇન્કાર કરે છે જ્યારે કે આ લોકો મા ના રહિમ (પેટ)માં આવતા પેહલા બાપની પીઠમાં નુત્ફાની

શકલમાં નિર્જીવ હતા. પછી અલ્લાહે તેમને જિન્દગી બખ્શી. તે તેમને કબ્રમાં જિન્દહ કરશે. જેથી તેમની પૂછતાછ કરવામાં આવે અને કયામતના દિવસે ફરીવાર ઉઠાવવામાં આવશે. (તફસીર તીબયાન - ભાગ 1)

સૂરએ મોમિનની અગીયારમી આયત કે,

“તેં અમને બે વખત મૃત્યુ આપ્યુ અને બે વખત જીવંત કર્યા.” ના વિશે તફસીર મજમઉલ બયાનમાં ત્રણ કૌલ (કથન) આવ્યા છે. તેમાં પેહલા અને ત્રીજા કથન મુજબ આયતમાં જીવંત કરવાથી મતલબ આલમે બરઝખમાં જિન્દહ કરવું છે.

આ જ રીતે અલ્લાહતઆલા કોમે નૂહ (અલ.) વિશે ફરમાવે છે :

“તે ડુબાડી દેવામાં આવ્યા અને આગમાં નાખવામાં આવ્યા.’’ (સૂ. નૂહ, આ. 25)

અહી તેમના તરત જ આગમાં નાખવાનું વર્ણન છે કારણકે આયતમાં "’ પર જે "’ છે તે તરત જ આગમાં દાખલ થવાનો અર્થ ધરાવે છે. મતલબ બરઝખની આગ છે. જો જહન્નમની આગ મતલબ લેવામાં આવે તો અહીંયા "’ ની જગ્યાએ "’ આવ્યુ હોત.

સૂરએ મોમિનની આયત 46 માં છે :

“આ લોકો દરેક સવાર, સાંજ આગમાં નાખવામાં આવે છે અને કયામતના દિવસે અલ્લાહ ફરમાવશે : અય આલે ફિરઔન સખત અઝાબમાં દાખલ થઈ જાવ.”

આ આયતોથી સાબિત થાય છે કે ગુનેહગારો માટે કયામતના પહેલાં પણ અઝાબ હશે. એટલા માટે આલમે બરઝખનું અસ્તિત્વ જરૂરી છે અને જ્યારે કયામત પહેલા અઝાબ હોવું સાબિત છે તો ફરમાબરદારી માટે સવાબ પણ સાબિત છે. કારણકે અઝાબ અને સવાબ અલ્લાહ તરફથી છે અને આ બન્ને કબ્રમાં આવશે. ફરમાબરદારો માટે અલ્લાહ ફરમાવે છે :


amillibrary.com

“અલ્લાહે પોતાના ફઝલ વ કરમથી જે કંઈ તેમને આપ્યુ છે તેનાથી ખુશ છે. અને જે લોકો હજી સુધી તેમને મળ્યા નથી તેમના માટે ખુશખબર રાખે છે કે તેમના માટે પણ ન કોઈ ડર છે અને ન કોઈ ગમ.” (સૂ. આલે ઇમરાન, આ. 170)

આ આયત પણ દલીલ છે આલમે બરઝખની જિન્દગી પર. (બિહારૂલ અનવારના લેખકની વાત અહીંયા પૂર્ણ થાય છે.)

# રીવાયતો, હદીસોથી આલમે બરઝખ પર દલીલો

જ્યાં સુધી રીવાયતો અને હદીસોની વાત છે તો બિહારૂલ અનવારના કર્તા ફખરૂદ્દીન રાઝીના સંદર્ભથી આ હદીસ પૈગંબર (સલ.)થી વર્ણન કરે છે કે આપ (સલ.)એ ફરમાવ્યુ : "કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા જહન્નમના ખાડાઓમાંથી એક ખાડો છે." રાઝીએ આ પણ લખ્યુ છે કે સવાબ અને અઝાબની ઘણી બધી સહી રીવાયતો આવી છે. પૈગંબર (સલ.) પોતાની નમાઝો પછી આ રીતે દુઆ કરતા હતા: "ખુદાયા હું અઝાબે

કબ્રથી તારી પનાહ માંગુ છું.”

રાઝીએ છેલ્લે આ દલીલ પેશ કરી કે લોકો શહીદોની કબ્રોની ઝિયારત તથા એહતેરામ કરે છે જે બરઝખની જિન્દગીના વુજુદ (અસ્તિત્વ) પર એક દલીલ છે.

બિહારૂલ અનવારના ભાગ 6 માં આ હદીસો વર્ણન થઈ છે :

(1) રીવાયત આવી છે કે પૈગંબરે અકરમ (સલ.) ગઝવએ બદરમાં કુરેશના મુશરેકીન જે કતલ થયા હતા તેમના નામ લઇને પુકારતા હતા અને ફરમાવ્યુ હતુ : “શું તમે પોતાના પરવરદિગારના વાયદાને હક પામ્યો ?” લોકોએ કહ્યુ : યા રસૂલલ્લાહ !

આ તો મૃત્યુ પામેલા છે આપ તેમને કઇ રીતે પુકારો છો ? આપ (સલ.)એ ફરમાવ્યુ: આ તમારાથી વધારે સાંભળે છે. (પેજ 207)

(2) આપ (સલ.)એ એક રીવાયતમાં ફરમાવ્યુ : અલ્લાહના નબીઓ મરતા નથી બલકે એક ઘરથી બીજા ઘરે મુન્તકેલ થાય છે.'' (પેજ 207)

(3) આપ (સલ.)થી જ આ રીવાયત છે કે હુઝુરે અકરમ (સલ.)એ હઝરત જાફરે તય્યાર (જેઓ ગઝવએ મૌતામાં શહીદ થયા હતા. તેમના બે હાથ પણ આ જંગમાં કપાઇ ગયા હતા.) વિશે ફરમાવ્યુ: "મેં

તેમને આ હાલતમાં જોયા કે તેમને બે પર (પાંખો) આપવામાં આવ્યા જેનાથી તેઓ ફરીશ્તાઓ સાથે પરવાઝ (ઉડે) કરે છે.” (પેજ 214)

(4) અઝાબે કબ્ર વિશે આ હદીસ જે ઉસૂલે કાફીમાં ઇમામ જાફર સાદિક (અલ.)થી વર્ણન થઇ છે : આપ (અલ.)એ ફરમાવ્યુ : “પરંતુ હું આપ લોકો માટે બરઝખના અઝાબથી ડરૂં છું.” પુછવામાં આવ્યુ: બરઝખ શું છે ? આપે ફરમાવ્યુ : “તે કબ્ર છે. મોતથી કયામત સુધી.” આપે જ ફરમાવ્યુ : “અલ્લાહની કસમ હું તમારા લોકો વિશે ફક્ત આલમે બરઝખથી ડરૂં છું.

ત્યાર પછી જ્યારે મામલો અમારા સુધી પહોંચશે તો અમે (તમારી મદદ માટે) તમારા માટે સૌથી યોગ્ય છીએ.'' (બિહારૂલ અનવાર - ભાગ 6, પેજ 214)

અમ્ર બિન યઝીદથી રીવાયત વર્ણન થઇ છે કે તેમણે હઝરત અબુ અબ્દુલ્લાહ ઇમામ જાફર સાદિક (અલ.)ને કહયુ કે મેં આપથી આ રીતે સાંભળ્યુ છે કે અમારા બધા શીઆઓ કોઇ પણ રીતે જન્નતમાં જશે. તો ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : "તમે સાચુ કહયુ, ખુદા કસમ તે બધા જન્નતમાં હશે.'' અમ્ર બિન યઝીદે કહયુ : હું આપ પર કુરબાન થઇ જાઉં, કેટલાક ગુનાહ તો

કબીરા પણ હોય છે. ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : "જ્યાં સુધી કયામતના દિવસનો સંબંધ છે તો તમે બધા જ જન્નતમાં જશો. જે નબીની ઇતાઅત, ફરમાબરદારી કરો છો તેમની શિફાઅતથી અથવા તેમના વસી જાનશીનની શિફાઅતથી. (મતલબ ગુનાહે કબીરા અથવા ઘણા મોટા ગુનેહગારો પણ શક્ય છે જહન્નમમાં થોડોક સમય રહે પછી નબી અથવા ઇમામોની શિફાઅતથી જન્નતમાં દાખલ થાય.) પરંતુ ખુદા કસમ, હું તમારા વિશે બરઝખથી ડરૂં છું.'' અમ્ર બિન યઝીદે કહયુ : બરઝખ શું છે ? ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : "તે કબ્ર છે મોતથી

કયામત સુધી.” (સફીનતુલ બિહાર - ભાગ 1, પેજ 71)

ઇમામ જાફર સાદિક (અલ.)એ કુરઆનની આ આયત :

“અને તેમના પછી એક બરઝખ તે દિવસ સુધી છે જ્યારે ફરી વાર ઉઠાવવામાં આવશે.” (સૂ. મોમેનૂન, આ. 100)

ફરમાવ્યુ છે : બરઝખનો મતલબ કબ્ર છે જ્યાં દુનિયા અને આખેરત વચ્ચે સવાબ અને અઝાબ મળશે. (બિહારૂલ અનવાર - ભાગ 6, પેજ 218)

સ્પષ્ટ છે કે આયતે કરીમા, સહી હદીસોથી અને યકીની દલીલોથી જે કંઇ

સાબિત થાય છે તે આ જ છે કે મોત પછી ઇન્સાનની રૂહ બાકી રહે છે. જો તે સંપૂર્ણ કાફિર રહયો તો અઝાબમાં ફસાએલો રહેશે અને પૂરો મોમિન હશે તો નેઅમતોથી ફાયદો ઉઠાવશે. પરંતુ જે કમજોર અક્કલના છે તો એને છોડી દેવામાં આવશે અને આ બધુ મિસાલી શરીર (બરઝખના શરીર)માં થશે. (બિહારૂલ અનવાર - ભાગ 6, પેજ 370)

સૈયદ જઝાએરીએ અનવારે નોઅમાનીયા (પેજ 457)માં લખ્યુ છે : તે લોકો જેમના વિષે રીવાયત, હદીસોમાં આવ્યુ છે કે “આલમે બરઝખમાં તેમને છોડી

દેવામાં આવશે અને કયામતના દિવસે તેમના માટે આગ સળગાવવામાં આવશે અને તેમને કેહવામાં આવશે તેમાં દાખલ થઇ જાવ.” તો આ નાસમજ અને પાગલ (ગાંડા) લોકો છે અને તે લોકો છે જેઓ અંબિયાની ફતરતના જમાનામાં (એટલેકે તે જમાનો જ્યારે બે નબીઓના દરમિયાન અંતર વધારે હતુ) પૈદા થયા અને અક્કલના કમજોર બૂઢા લોકો અને તેમની જેવા જેમણે ન ઇમાનને સમજયુ અને ન કુફ્રને, આ લોકોને કબ્રમાં તેમની હાલત પર છોડી દેવામાં આવશે. અહીં સુધી કે કયામતના દિવસે અલ્લાહતઆલા તેમને

અક્કલ, સમજશક્તિ આપશે અને પછી ઉપરોકત રીવાયત મુજબ તેમની આઝમાઇશ થશે. (અનવારે નોઅમાનીયા)

# ઇજમાઅની દલીલ

ઇજમાઅ વિશે અલ્લામા મજલિસી (રહ.) ફરમાવે છે : અને જાણી લો કે આલમે બરઝખના સવાબ અને અઝાબ તે છે જેના પર શરૂઆતથી આજ સુધી ઉમ્મતે ઇસ્લામીયા એકમત છે અને બહુમતિ તેનો સ્વિકાર કરે છે, મુસલમાનોમાં દુર્લભ કોઇ હોય કે જે તેનો ઇન્કાર કરે. પહેલાંના લોકો અને પછીના બધાનો જ ઇજમાઅ છે. એહલેસુન્નત અને શીઆ બન્નેને ત્યાં સહી હદીસો આવી છે.

# અલ્લાહને માનનારા ફિલોસોફરોના કથનો

જ્યાં સુધી અલ્લાહની ઓળખ ધરાવનાર ફલસફીઓની વાત છે તો તેમનો એક ગિરોહ એટલે કે અફલાતૂન અને તેની પેરવી કરનારા લોકોનો દષ્ટિકોણ આ છે કે કાએનાત (દુનિયા)માં આલમે હિસ્સી (માદ્દી દુનિયા) સિવાય એક આલમે મિકદારી (મિસાલી) પણ છે જે આલમે માદ્દી અને આલમે મુજર્રદાત (જે માદ્દો ન હોય, દુનિયા જેવું શરીર ન હોય દષ્ટાંત રૂહ)ના દરમિયાન છે. ન તેમાં માદ્દીયાત જેવી કસાફત (ઘાટા પણુ, ઘટ્ટ) છે અને ન

મુજર્રદાત જેવી લતાફત (બારીકપણુ) છે અને આ મિસાલી શરીર (બરઝખના શરીર)માં હરકત, સુકુન, આવાઝ, સ્વાદ, ખુશ્બુ વિગેરેની સંવેદ્ના, એહસાસ બધુ જ હોય છે. કોઇ પણ માદ્દી શરીરમાં ન હોવા છતા પોતાની જાત પર કાયમ હોય છે. આ ખૂબ જ વિશાળ દુનિયા છે અને તેમાં રહેવાવાળા લતાફત (બારીકપણા) અને કસાફત (ઘટ્ટ, ઘાટાપણુ) અને નેકી, ખરાબીની રીતે અલગ અલગ દરજ્જામાં હોય છે અને તેમના મિસાલી શરીરમાં બધી જ જાહેરી અને બાતિની (અંદરૂની) હવાસ (ઇન્દ્રિયો) હોય છે. જેથી તે દરેક પ્રકારની

શારિરીક અને રૂહાની તકલીફોથી દુખી પણ થાય છે અને નેઅમતોથી પ્રફુલ્લીત અને ખુશ પણ થાય છે.

શેખ બહાઈ (રહ.) ફરમાવે છે કે આ બાબતો પર અક્કલથી દલીલ કાયમ નથી થઈ શકતી પરંતુ નકલી દલીલો એટલે કુરઆન અને હદીસથી સાબિત છે અને જે લોકો અલ્લાહની મઅરેફતના ઉચ્ચ દરજ્જે હોય છે. મુત્તકી, પરહેઝગાર, આલિમો, અલ્લાહના વલીઓએ પોતાના મુકાશેફામાં (મુકાશેફા એટલે રહસ્ય સ્ફોટ થવું, પ્રગટ થવું, એવી ચીજો જોવી જે સામાન્ય રીતે જાહેરી આંખોથી ન દેખાતી હોય) ઉપરોકત

બાબતોની તેહકીક અને સમર્થન આપ્યુ છે. સ્પષ્ટ છે કે રૂહાની તેહકીક (શોધ) કરવાવાળા માદ્દી શોધ કરનારાઓથી કઈ ગણા બુલંદ અને શ્રેષ્ઠ છે. તો પછી જેવી રીતે તમે માદ્દી શોધખોળ કરનારાઓના (વૈજ્ઞાનિકોના) દષ્ટિકોણ, મતને માની લો છો એવી જ રીતે તમારે રૂહાની શોધ, તપસ્યા કરનારાઓની વાતોને સ્વીકારવી જોઇએ. રૂહાની આલમ (દુનિયા) વિશે આ લોકો જે કંઇ કહે તેને કબૂલ કરવું જોઇએ. અલ્લામા હિલ્લી (રહ.)એ કિતાબ શરહે હિકમતુલ ઇશરાકમાં આલમે બરઝખના અસ્તિત્વને અંબિયા, અવલિયાના કથન

અને અલ્લાહની ઓળખ ધરાવનાર હકીમો, ફિલોસોફરો તરફ નિસ્બત આપી છે. (અનવારૂન નોઅમાનીયા - પેજ 460)

## આલમે બરઝખ પર અકલી દલીલ

અલ્લાહતઆલાએ ઇન્સાનને ભીની માટીથી પૈદા કર્યો. પછી તેને એક હાલતથી બીજી હાલતમાં પલટાવતો રહયો. અહીં સુધી કે તે એક ઉચ્ચ દરજ્જાની શકલમાં સંપૂર્ણ ઇન્સાન બની ગયો અથવા બીજા શબ્દોમાં આ રીતે કહો કે ઇન્સાની શરીર મનીના નુત્ફાથી પેદા થયો, નુત્ફો (વિર્ય) લોહીથી, લોહી ખોરાકથી અને ખોરાક માટી, હવા, ભીનાશ અને ગરમી વિગેરે◌ેથી

અસ્તિત્વમાં આવી.

પછી જ્યારે નુત્ફો "કરારે મકીન' (મજબૂત જગ્યા) પર રોકાઈ ગયો તો અલ્લાહે તેને અલકા એટલે કે જામેલા લોહીમાં ફેરવી નાખ્યુ. પછી તેને માંસનો લોચો બનાવ્યો. પછી તેમાં હડ્ડીઓ પૈદા કરી. પછી હાડકાઓને ગોશ્ત અને ચામડીનો પોશાક પેહરાવી દીધો.

આ બધી છ મંઝિલોના ફેરફાર પછી એક નવું સર્જન આપ્યુ. એટલે કે રૂહ ફૂંકીને તેને જીવતો જાગતો ઇન્સાન બનાવી દિધો. જેવી રીતે અલ્લાહે ફરમાવ્યુ છે :

“પછી અમે તેને એક બીજુ સર્જન આપ્યુ. તો બરકતવાળો છે તે અલ્લાહ જે બેહતરીન પેદાકરવાવાળો છે.” (સૂ. મોમેનૂન, આ. 14)

મતલબ એક એવું સર્જન જે પહેલાથી અલગ પ્રકારનું હતુ અને ત્યાર પછી તે શારિરીક અને રૂહાની રીતે જમીન પર જિન્દગી જીવવાના કાબેલ થઇ ગયો.

અહીંયાથી જ તે હકીકી (સાચો) સર્જનહારની એક એવી આશ્ર્ચર્યજનક કારીગરી અને હિકમત (ડહાપણ) જાહેર થાય છે જેનું સ્પષ્ટીકરણ શક્ય નથી. અહીંયા સર્જન (પેદાઇશ)ના શરૂઆતની છ

મંઝિલો અને રૂહના સર્જનના બયાનમાં "’ (સુમ્મ) શબ્દ આવ્યો છે. સુમ્મ એટલે પછી, આથી શરૂઆતની મંઝિલો અને રૂહના સર્જનની વચ્ચે જે તફાવત હોય છે તેની તરફ ઇશારો છે. કારણકે રૂહ જ છે જે ઇન્સાનમાં સમજશક્તિ લાવે છે અને માદ્દી શરીરથી અલગ છે.

આ રૂહ તે ઉચ્ચ મૂળતત્વ (ઉન્સુર) અને મુકદ્દસ જોહર છે જે શરીરમાં એવી રીતે વહે છે જેવી રીતે હવામાં રોશની અને કોલસામાં આગ અને આથી આપણને ખબર પડે છે કે રૂહ માદ્દી શરીરના પ્રકારમાંથી નથી. આ સચ્ચાઈ, હકીકતના રહસ્યને

અલ્લાહતઆલાએ આ રીતે બયાન ફરમાવ્યુ:

"તો બરકતવાળો છે તે અલ્લાહ જે સૌથી બેહતર સર્જનહાર છે." (સૂ. મોમેનૂન, આ. 14)

આ ભેદ્રી સ્પષ્ટતા આ છે કે પરવરદિગારે આલમે રૂહ અને શરીર કે જે એકબીજાથી પોતાની હકીકતમાં વિભિન્ન છે, તેમનામાં તફાવત હોવા છતાં ભેગા કરી દીધા છે અને ઇન્સાનના સર્જનમાં આશ્ચર્યમાં નાખી દે એવી લાયકાત, કારીગરીનું પ્રદર્શન કર્યું છે. તે અલ્લાહ સાચે જ અહસનુલ ખાલેકીન (બેહતરીન

સર્જનહાર) છે. જ્યારે કે અલ્લાહે આસમાન અને જમીનના સર્જનના વર્ણન પછી પણ આ રીતે નથી ફરમાવ્યુ.

સારાંશ આ કે ઉપરોકત પેદાઇશની મંઝિલોને ઝહેનમાં રાખીને આલમે બરઝખના અસ્તિત્વના ઇન્કારનો કોઇ અવકાશ નથી. આ સિવાય આલમે ખ્વાબ (સ્વપ્ન)ને પણ ઝેહનમાં રાખે જે જિન્દગી અને મોત વચ્ચે બરઝખની જેમ છે. તે આપણા માટે આલમે અરવાહનું દષ્ટાંત આપે છે. કારણકે ખ્વાબ (સ્વપ્ન)ની સ્થિતિમાં રૂહને ખુશી અને ગમી (દુખ) અને બીજા અસરોની (સુક્ષ્મ દ્રષ્ટિની) સંવેદ્ના

થાય છે. રૂહ વાતચીત કરે છે અને અલગ અલગ પ્રકારની હરકતો (ક્રિયાઓ) તેના દ્વારા થાય છે જ્યારે કે ન તેની ઝબાન હલે છે અને ન શરીરનો કોઇ અવયવ હલનચલન કરે છે.

(સિકતુલ ઇસ્લામ કુલૈની (રહ.)એ કાફીમાં હસન બિન અબ્દુર્રેહમાનથી રીવાયત નકલ કરી છે અને તેમણે હઝરત અબુલ હસન (અલ.)થી રીવાયત નકલ કરી છે કે ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : પહેલાંના લોકોમાં ખ્વાબની સ્થિતિ ન હતી. (સ્વપ્ન જોતા ન હતા) તે પછી પેદા થઇ. હસન બિન અબ્દુર્રેહમાન કહે છે, મેં પુછયુ :

તેનું (સ્વપ્નનું) સબબ શું બન્યુ ? આપે ફરમાવ્યુ: અલ્લાહે તે જમાનાના લોકો માટે એક રસૂલ મોકલ્યા અને તેમણે તે લોકોને અલ્લાહની ઇતાઅત અને ઇબાદતની દઅવત આપી. તે લોકોએ કહ્યુ : જો અમે આવું કરીએ તો અમને શું મળશે, કારણકે આપની પાસે ન તો માલ વધારે છે અને ન આપની અમારા કરતા વધારે કબીલામાં ઇઝઝત છે. તેમના રસૂલે જવાબ આપ્યો, જો તમે મારી ફરમાંબરદારી કરશો તો અલ્લાહ તમને જન્નતમાં દાખલ કરશે અને જો નાફરમાની કરશો તો તે તમને જહન્નમમાં નાખી દેશે. તે લોકોએ કહ્યુ : આ

જન્નત, જહન્નમ શું છે ? અલ્લાહના રસૂલે આ બંનેની સિફતો બયાન કરી.

તે લોકોએ કહયુ : અમે ત્યાં ક્યારે જઇશું ? રસુલે કહયુ : જ્યારે તમે મૃત્યુ પામશો. લોકોએ કહયુ : અમે તો આ જોઇએ છીએ કે જ્યારે લોકો મરી જાય છે તો તેમનું શરીર સડીને રાખ થઇ જાય છે. ત્યાર પછી તે લોકો સતત જુઠલાવતા રહયા અને અપમાન કરતા રહયા. પછી અલ્લાહે તે લોકોમાં ખ્વાબ (સ્વપ્ન) જોવાની કાબેલિયત પેદા કરી. પછી તે લોકો જે કંઇ ખ્વાબમાં જોતા હતા તે અલ્લાહના રસૂલને બયાન કરતા. તેમના રસૂલે કહયુ : અલ્લાહે

ખ્વાબના ઝરીઆથી તમારા પર પોતાની હુજ્જત તમામ કરી છે. તમારા મૃત્યુ પછી તમારી રૂહો આ જ રીતે હશે. તમારૂ શરીર સડી કેમ ન જાય પણ તમારી રૂહો અઝાબ અને સવાબનો એહસાસ કરશે. ફરી વખત આ જ શરીરમાં ઉઠાવતા પહેલા સુધી. - બિહારૂલ અનવાર - ભાગ 6, પેજ 243)

આ સિવાય તે મુસલમાન જે તૌહીદ, નબુવ્વત અને કયામત આ ત્રણ ઉસૂલ પર ઇલ્મ, મઅરેફત સાથે અકીદો ધરાવે છે તેના પર અક્કલના હુકમથી વાજીબ છે કે તે બાબતોનો પણ સ્વીકાર કરે જે આયતો અને સહી હદીસોથી સાબિત છે. નહીં તો

ઇસ્લામના આ ત્રણ બુનિયાદી ઉસૂલો પર તેનો અકીદો સંપૂર્ણ નહીં થઇ શકે. ખાસ કરીને તેને માનવું પડશે કે અલ્લાહતઆલા ઇન્સાનના મૃત્યુ પછી તેની સડેલી હડ્ડીઓમાં ફરી જાન (પ્રાણ) ફૂંકી દેશે. કારણકે એક વાતનો (કયામતનો) સ્વીકાર કર્યા પછી તેનાથી સંબંધિત અન્ય વાતોને પણ માનવું જરૂરી છે. ફિલોસોફરોની કોલ (કથન) છે કે "જે અજીબ, આશ્ચર્યજનક વાત સાંભળો તેને સંભંવિત કે શક્ય સમજી માની લો જ્યાં સુધી વિશ્ર્વાસપાત્ર દલીલોથી તેનો ઇન્કાર ન થાય." મતલબ જે ચીજનું વુજુદ અને અદમ (હોવું અને ન હોવું) બન્ને શક્ય હોય

તેના અસ્તિત્વનો ઇન્કાર ન કરો બલકે તેને શક્ય સમજો.

જેથી દરેક તે વસ્તુ જે પાકી દલીલ દ્વારા અશક્ય કરાર ન પામે તે સંભવિતની હદમાં આવે છે. ખાસ કરીને જ્યારે તેના અસ્તિત્વ પર સાચી ગવાહી, દલીલો પણ હોય અને સાચા ખબર આપનારે તેના વિશે સહી સનદથી પોતાના ઇલ્મે લદુન્ની દ્વારા ખબર પણ આપી હોય તો અક્કલના હુકમ પ્રમાણે તેને કબૂલ કરવું જરૂરી છે અને આ સમયે ફકત શક્ય સમજવું કાફી નથી બલકે તેના અસ્તિત્વને ખરેખર માનવું જરૂરી છે અને કોઇ અકલમંદ તેનો ઇન્કાર નથી કરી

શકતો.



amillibrary.com

# મોમિન માટે હશરના દિવસ પહેલાની સજા

આ વાત સ્પષ્ટ છે કે કોઇ મર્દે મોમિન અને આલે રસૂલ (સલ.) સાથે મોહબ્બત રાખનારો પણ કેટલાક ગુનાહોમાં સપડાઈ જાય છે. પછી જ્યારે અલ્લાહ તેના માટે નેકીનો ઇરાદો કરે છે તો દુનિયામાં જ જલ્દ તેને સજા મળી જાય છે અને કદી આલમે બરઝખમાં સજા મળે છે. આ વાત હદીસોથી સાબિત છે જેવી રીતે પૈગંબર (સલ.) ફરમાવે છે : "પરવરદિગારે આલમ જ્યારે કોઇ ગુનેહગાર બંદાનો મરતબો વધારવા માંગે છે તો તેને બીમારીની પકડમાં લઇ લે

છે. જો આવું ન કરે તો ફકીરી, મોહતાજી આપે છે અને જો આવું પણ ન થાય તો તેના પર મોતની સખ્તી વધી જાય છે. જેથી તેના ગુનાહોનો કફ્ફારો બની જાય.''

અમ્ર બિન યઝીદનું કેહવું છે કે મેં ઇમામ જાફર સાદિક (અલ.)થી કહયુ : અમારા સાથીઓમાં કેટલાક એવા પણ છે જે ગુનાહે કબીરા કરે છે.

ઇમામે ફરમાવ્યુ : અય અમ્ર, અલ્લાહના વલીઓને (દોસ્તોને) બુરૂ ન કહો. અમારા દોસ્તોમાંથી જો કોઇ આવો ગુનાહ કરી બેસે જે સજાને પાત્ર હોય તો અલ્લાહ તેને શારિરીક બીમારી આપે છે.

 amillibrary.com

અહીં સુધી કે તે બીમારી તેના ગુનાહનો કફ્ફારો બની જાય. જો બીમારીથી સુરક્ષિત હોય તો અલ્લાહ તેને માલી નુકસાનમાં નાખી દે છે. જો આવી મુસીબતોથી સુરક્ષિત રહે તો અવલાદ્ના વિષયમાં સપડાય જાય છે અને જો દુન્યવી મુસીબતથી સુરક્ષિત રહી જાય તો સકરાતની સખતીમાં નાખે છે. અહીં સુધી કે જ્યારે તેની રૂહ બદ્નથી નીકળે છે તો અલ્લાહ તેનાથી રાજી થઇ જાય છે.

# મુન્કિર નકીરના પ્રશ્નો

મૃત્યુ પામનારે કબ્રમાં જ એક હિસાબ દેવો પડે છે. બે ફરીશ્તાઓ તેની પાસે આવે છે અને ઉસૂલે દીન વિશે તેનાથી સવાલ કરે છે. આ બાબત પર શીઆ-સુન્નીનો ઇજમાઅ છે. આ વાતનું સ્પષ્ટીકરણ આ છે કે જે બંદો સવાબનો હકદાર હોય બે ફરીશ્તાઓ તેની પાસે આવે છે. જેમનું નામ મુબશ્શિર અને બશીર છે. તેઓ મૃત્યુ પામનારને તેના રબ, તેના નબી અને તેના વલી (ઇમામ) વિષે પ્રશ્ન કરે છે. તે મોમિન બંદો તેમને પોતાના તે સહી અકીદા મુજબ જવાબ આપે છે જે અકીદા પર તે દુનિયામાં

હતો. સવાલનો મકસદ ફકત આ સાબિત કરવું છે કે તે નેઅમતનો હકદાર છે. ત્યાર પછી તેને ખુશખબરી અને નેઅમતો આપવામાં આવે છે.

તે વ્યક્તિ જે અઝાબનો હકદાર છે. તેની પાસે બે ફરીશ્તા આવે છે જેમને નાકીર અને નકીર કહેવામાં આવે છે અને તેઓ તેને અઝાબના સિપુર્દ કરે છે. આ વ્યક્તિને પ્રશ્નનો મકસદ આ જાહેર કરવું છે કે તુ અઝાબનો હકદાર છે. તેના ગલત એતેકાદથી આ વાત સ્પષ્ટ થઇ જાય છે. આ ફરીશ્તાઓનું પ્રશ્ન કરવું મૃત્યુ પછી જ હોય છે તે જ રીતે જે અમે વર્ણન કરી

ચુકયા. શીઆ આલિમો અને મોહદ્દેસીનનો આ જ દષ્ટિકોણ છે અને તેમના મુતકલ્લેમીન (એતેકાદ્રે લગતું ઇલ્મ ધરાવનાર આલિમો)માં કોઈએ આ વાત પર એતેરાઝ કર્યો નથી. (અવાઇલુલ મકાલાત શેખ મુફીદ (રહ.))

ઇમામ જાફર સાદિક (અલ.)એ એક હદીસમાં ફરમાવ્યુ છે કે “કબ્રમાં સવાલ તે જ મય્યતને કરવામાં આવશે જે ઈમાનને સંપૂર્ણ રીતે સમજ્યો હોય અથવા કુફ્રને.” (બિહાર - ભાગ 6, પેજ 260) (મતલબ ઈમાનની સચ્ચાઈને પૂરી રીતે સમજ્યો હોય અથવા કુફ્રના બાતિલ હોવાને સમજી

ગયો હોય.)

અબુબકર હઝરમીથી રીવાયત છે કે તેમણે કહ્યુ : અલ્લાહ આપનું ભલુ કરે, કબ્રમાં કયા લોકોને પ્રશ્ન કરવામાં આવશે ? ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : તે લોકોને જે ઈમાન અથવા કુફ્રને પૂરી રીતે સમજ્યા હોય. મેં કહ્યુ : અને અન્ય લોકો ? ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : નાસમજ (કમજોર અક્કલના) લોકોને છોડી દેવામાં આવશે.

આ વિષયને લગતી બીજી ઘણી હદીસો છે. આ હદીસોથી આ વાતનો ઇન્કાર નથી થતો કે “કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા જહન્નમના ખાડાઓમાંથી

એક ખાડો છે.”

# મુડદાઓને મુન્તકેલ (સ્થળાંતર) કરવાવાળા ફરીશ્તાઓ

લયાલિયુલ અખબારમાં શેખ તુસી (રહ.) ની કિતાબ અમાલીના સંદર્ભથી ઇમામ જાફર સાદિક (અલ.) ની આ હદીસ વર્ણન થઇ છે કે રસૂલે અકરમ (સલ.) નું આ ફરમાન છે કે અલ્લાહના ફરીશ્તા એવા પણ છે જે મૃત્યુ પામનારાઓને તેમની કબરોથી સ્થળાંતર કરીને તે મકામ પર પહોંચાડી દે છે જે તેમના માટે યોગ્ય હોય છે.

આ જ કિતાબમાં અવાલિયુલ્લયાલી ના સંદર્ભથી સહી સનદ સાથે કુમૈલ ઇબ્ને

ઝિયાદ નખઇથી રીવાયત વર્ણન થઇ છે કે હઝરત અમીરૂલ મોમેનીન (અલ.)એ ફરમાવ્યુ : તમે તમારા મુડદાઓને જ્યાં ચાહો દફન કરો. જો તેઓ નેક હશે તો ફરીશ્તાઓ તેમને બયતુલ્લાહ અને મદીનતુર્રરસૂલની પાસે મુન્તકિલ કરી દેશે અને જો તેઓ ફાસિક અને ગુનેહગાર હશે તો તેમને તે મકામ પર પહોંચાડી દેશે જેના તેઓ પાત્ર હશે.

શેખુત્તાઇફા (શેખ તૂસી) (રહ.) એ કશકુલ હકમાં પોતાની સનદથી અબુ બસીરથી રીવાયત કરી છે કે તેમણે કહ્યુ : મેં હઝરત અબુ અબ્દુલ્લાહ ઇમામ સાદિક

(અલ.) ની સાથે હજ કરી તો ઇમામ (અલ.)એ મદીનામાં પોતાના જદ્દે બુઝુર્ગવાર (દાદા) રસૂલે અકરમ (સલ.) ની કબરની ઝિયારત કરી અને અમે પણ ઝિયારત કરી. પછી મેં કહ્યુ : અય ફરઝંદે રસૂલ (સલ.) આ ફરીશ્તાઓનું મય્યતને એક જગ્યાથી બીજી જગ્યાએ મુન્તકેલ કરવું કઇ રીતે હોય છે ? તો ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : અય અબા મુહંમદ, અલ્લાહે સિત્તેર હજાર ફરીશ્તા એવા પેદા કર્યા છે જેમને નક્કાલા (મુન્તકિલ કરવાવાળા) કહેવામાં આવે છે. તો આ ફરીશ્તાઓ જમીનના પૂર્વ અને પશ્ચિમમાં ફેલાઇ જાય

છે અને તેઓ મુડદાઓને તેમના યોગ્ય મકામ પર બદલતા રહે છે. એકને ઉઠાવીને બીજાને એની જગ્યા પર એવી રીતે રાખી દે છે કે તમને કંઇ પણ ખબર ન પડે અને અલ્લાહ પોતાના બંદાઓ ઉપર જરા પણ ઝુલમ નથી કરતો.

# નક્કાલા (મુન્તકિલ કરનારા) ફરીશ્તાઓનો એક કિસ્સો

શેખ મુહદ્દિસ અલ્લામા મહમૂદ ઇરાકીએ પોતાની કિતાબ દારૂસ્સલામની શરૂઆતમાં મુકાશેફાતે મરહુમ અલ-હાજ મેહદી નરાકીમાં નજફે અશરફના એક વ્યક્તિનું બયાન આ રીતે વર્ણન કર્યું છે :

નજફે અશરફમાં એક વખત દુકાળ પડયો અને સખત મોંઘવારી થઇ ગઇ. હું બચરવાળ હતો અને મારા માટે જિન્દગી કઠીન થઇ ગઇ. એક દિવસ હું પોતાના ગમને દૂર કરવા માટે દારે સલામની વાદીમાં (નજફે અશરફનું પ્રખ્યાત

કબ્રસ્તાન) ચાલ્યો ગયો. ત્યાં મેં જાગૃતાવસ્થામાં (બેદારીમાં) લોકોની એક જમાતને જોઇ જે એક જનાઝાને લઇને આવી અને તેને લઇને એક એવા બાગમાં દાખલ થયા જેની ખૂબી હું બયાન નથી કરી શકતો. પછી તેઓએ તેને એક મહેલમાં પહોંચાડી દીધો જે દરેક પ્રકારની સાધન સામગ્રીથી સુશોભિત હતો. હું પણ તેમની પાછળ અંદર ચાલ્યો ગયો. પછી ત્યાં મેં એક યુવાન વ્યક્તિને જોયો જે રાજવંશી અંદાજમાં એક પીળા રત્નથી સુશોભિત કુરસી પર બેઠો હતો. જ્યારે તે યુવાને મને જોયો તો મને પોતેજ સલામ કરી અને મારૂં

નામ લઇને મને પોતાની પાસે બોલાવ્યો. હું નજીક પહોંચ્યો તો મારા સન્માન માટે ઉભો થયો અને ઘણા એહતેરામથી મને પોતાની બાજુમાં બેસાડયો અને કહ્યુ : “તમે મને નથી ઓળખતા. આ મારો જ જનાઝો હતો. જે આપે જોયો હતો. મારૂં નામ ફલાં છે અને હું ફલાં મકામનો રહેવાસી છું. આ લોકો હકીકતમાં મુન્તકિલ કરનારા ફરીશ્તાઓ છે જેમણે મને મારા શેહરથી મુન્તકિલ કરીને આ બરઝખની જન્નતમાં પહોંચાડી દીધો છે.” મેં જ્યારે આ સાંભળ્યું તો મારો ગમ દુર થઇ ગયો અને મને ફરવાનો ખ્યાલ આવ્યો. હું તે મહેલથી નીકળ્યો અને હજુ હું

થોડાક જ દુર ચાલ્યો હતો કે કેટલાક બીજા મહેલ પણ દેખાયા. જેમાંથી કેટલાકમાં મારા મા-બાપ અને અન્ય રીશ્તેદારોને જોયા. જેમણે ખુશીની સાથે મારુ સ્વાગત કર્યું અને મને તેમણે જિન્દહ રીશ્તેદારો વિષે પુછયુ. મેં સખત ભૂખમરા અને બાળકોની ભૂખનું વર્ણન કર્યું. તો મારા વાલિદે મને એક ભંડક (ભોંયરા) તરફ ઇશારો કર્યો અને કહ્યુ : "ત્યાં ચાવલ છે. જેટલું ચાહો લઇ જાવ." હું ખુશ થઇને તે ભોંયરામાં દાખલ થયો અને પોતાની અબા (ચાદર) ને ચાવલથી ભરી લીધી. પછી હું નજફની તરફ ચાલી પડયો. અમે એક મુદ્દત સુધી તે ચાવલમાંથી ખાતા

રહયા. પણ તે ઓછા થતા ન હતા. ઘટતા ન હતા. અહીં સુધી કે મારી પત્નિએ મને પુરો કિસ્સો બયાન કરવા પર મજબૂર કર્યો. પછી જ્યારે તે ચાવલના ભંડાર પાસે ગઇ તો ત્યાં કંઇ પણ ન હતુ.

કાફીમાં અહમદ બિન ઉમરથી રીવાયત છે કે તેમણે ઇમામ જાફર સાદિક (અલ.) થી કહ્યુ : "મારો ભાઇ બગદાદમાં રહે છે અને મને ડર છે કે કંઇ તે ત્યાં જ મરી ન જાય." ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : "એમાં શું વાંધો છે. તે જ્યાં ઇચ્છે મરે, પૂર્વ અને પશ્ચિમમાં જ્યાં કોઇ મોમિન મરે છે, પરવરદિગાર તેને વાદિયુસ્સલામમાં લઇ

આવે છે.'' તેણે કહ્યુ : વાદીયુસ્સલામ ક્યાં છે ? ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : “કુફા શેહરની પાછળના ભાગમાં છે. હું તો તે મોમીનોને એક વર્તુળ, જુથમાં વાતો કરતા જોઇ રહયો છું.'' (બિહારૂલ અનવાર - ભાગ 6, પેજ 268).

કુલયની તાબ સરાહ (રહ.)એ હબ્બા અરફીથી રીવાયત વર્ણન કરી છે કે તેમણે કહ્યુ : હું અમીરૂલ મોમેનીન અલી (અલ.) સાથે કુફાની પાછળના ભાગમાં આવ્યો. તો આપ વાદિયુસ્સલામમાં આવીને એવી રીતે ઊભા રહયા જેવી રીતે કોઇને સંબોધન કરી રહ્યા છે. હું પણ આપની સાથે ઊભો થઇ

ગયો. પછી ઉભો ઉભો કંટાળી ગયો તો બેસી ગયો. છેવટે હું ઉભો થયો અને અમીરૂલ મોમેનીન (અલ.) થી કહ્યુ : અમીરૂલ મોમેનીન (અલ.), આપ પણ થાકી ગયા હશો. આ લ્યો હું મારી ચાદર પાથરૂ છું. આપ થોડી વાર આરામ કરો. જનાબ અમીર (અલ.)એ ફરમાવ્યુ : અય હબ્બા, આ તો બસ મોમેનીન સાથે મહબ્બત ભરી વાતો છે. મેં કહ્યુ : શું તેઓ અહીં છે ? આપે ફરમાવ્યુ : હાં, અને જો હું તમારી નજરોથી પડદો હટાવી દઉં તો તમે પણ તેમને એક વર્તુળમાં વાતો કરતા જોશો. મેં કહ્યુ : તે તેમના શરીરોમાં છે કે રૂહોમાં ? ઇમામ

(અલ.) એ ફરમાવ્યુ : રૂહો છે અને જ્યાં પણ કોઇ મોમિન મૃત્યુ પામે છે તેની રૂહથી કહેવામાં આવે છે કે "વાદીયુસ્સલામમાં ચાલી જા." આ જન્નતે અદ્નનો એક ભાગ છે. (અનવારૂન નોઅમાનીયા - પેજ 459)

વાદીયુસ્સલામનું જન્નતના બુકઆ (ટુકડો) હોવા વિશે સહી હદીસો આવી છે. અને આપ જાણી ચુકયા છો કે આલમે બરઝખ આલમે દુનિયાથી અલગ છે. જેથી ત્યાં રૂહો મિસાલી શરીરમાં રહે છે અને રાહત તથા તકલીફનો એહસાસ કરે છે. આ અસર દુન્યવી અસર કરતા સખત અને હંમેશાનો હોય છે. પરંતુ આ દુનિયાના લોકો

માટે તેનું સમજવું એવી જ રીતે અશક્ય છે જેવી રીતે પેટના બાળક માટે દુનિયાની જિન્દગીનું સમજવું  અશક્ય છે.

શું આપે ધ્યાન નથી આપ્યુ આ બાબત પર કે સહાબા પૈગંબર (સલ.) ની પાસે બેસેલા હોતા અને આપ (સલ.) ની પાસે જિબ્રઇલ અમીન આવતા હતા. પૈગંબર (સલ.) તેમને જોતા હતા અને તેમની સાથે વાતો પણ કરતા હતા. પરંતુ અન્ય લોકો ન જિબ્રઇલને જોતા હતા અને ન તેમની વાતો સાંભળતા હતા.

બેદારીના આલમમાં તેનું દ્રષ્ટાંત તે સુતેલા ઇન્સાનથી દઇ શકાય છે જેની પાસે

લોકો બેઠા છે અને તે સ્વપ્નમાં જાત જાતની ચીજો અહીં સુધી કે દૂરની જગ્યાઓ જુએ છે અને કદી કદી તે વસ્તુઓને જોઇને એટલો ડરી જાય છે કે તેની ચીખ (બૂમ) નીકળી જાય છે. તો પણ તેની પાસે બેસેલા લોકો ન આ ચીજોને જુએ છે ન તેના ખ્વાબવાળી વાતો
સાંભળે છે.

# સૈયદ નેઅમતુલ્લાહ જઝાએરીનું બયાન

અનવારે નોઅમાનિયા પેજ 458 માં તેઓ લખે છે : હાં કબરમાં ફરીશ્તાઓનું સવાલ કરવું, કબ્રમાં ભીંસુવું (ફિશાર) અને ત્યાંનો અઝાબ આ જ શરીર પર થાય છે. પછી જ્યારે રૂહ આ અઝાબ અથવા સવાબથી ફારીગ થાય છે તો બીજા પ્રકારની શકાવત (બદ્બખ્તી) અથવા સઆદત (ખુશબખ્તી) તરફ મુન્તકેલ થઇ જાય છે. કારણકે હઝરત રસૂલે અકરમ (સલ.) નું ફરમાન છે : "કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા જહમના

 amillibrary.com

ખાડાઓમાંથી એક ખાડો છે.” કબ્રની મંઝિલ પછી રૂહ મિસાલી શરીરમાં ચાલી જાય છે જે ખૂબ જ સૂક્ષ્મ હોય છે. જેથી આલમે બરઝખ મુજર્રદાત (માદ્દો ન હોવું) અને માદ્દીયાત (માદ્દો હોવું) ના દરમિયાનની એક બીજી જ વસ્તુ છે. જેમાં અલ્લાહ-તઆલા રૂહને ખૂબ જ ટુંકા સમયમાં એક લાંબુ અંતર કાપવાની કાબેલિયત આપે છે. જો તે મોમિનની રૂહ હોય છે તો વાદીયુસ્સલામમાં ચાલી જાય છે. જે કુફાની પાછળના વિભાગમાં એક દુનિયાની જન્નત છે. પરંતુ માદ્દી નજરોથી દેખાતી નથી. ત્યાં તમામ મોમેનીનની રૂહો મિસાલી શરીરમાં

રહે છે અને હંમેશાની જન્નતની નેઅમતોની મજા લે છે. ત્યાં તેમના માટે ફૂલ, બગીચા, નદીઓ, હુરો, દૂધ અને મધની નદીઓ વિગેરે બધુ જ હોય છે. તેઓ ખાય, પીએ પણ છે અને જાતીય અભિલાષાઓ પણ પૂરી થાય છે. તેઓ એકબીજા સાથે દાયરામાં બેઠા હોય છે અને વાતો પણ કરે છે.

## ફિશારે કબ્ર (કબ્રનું ભીંસવું)

જ્યારે કોઇ મોમિન બંદાને કબરમાં રાખવામાં આવે છે તો જમીન કહે છે ભલે પધારો, તમે તમારા જ ઘરમાં આવ્યા છો. અલ્લાહની કસમ હું આપથી મોહબ્બત કરૂ છું. જ્યારે કે આપ મારી પીઠ પર ચાલો છો. હવે આપ મારા પેટમાં દાખલ થયા છો તો જોશો કે આ પણ કેટલી પ્રફુલ્લિત જગ્યા છે. પછી કબરની જમીન મોમિન બંદા માટે જ્યાં સુધી જોઇ શકે વિશાળ થઇ જાય છે. જ્યારે કોઇ ફાસિક અને ગુનેહગાર વ્યક્તિને કબરમાં ઉતારવામાં આવે છે તો જમીન કહે છે : “તારા માટે પધારવું સારૂં નથી અને ન

મને તારાથી કોઇ વાસ્તો છે. તુ જ્યારે મારી પીઠ પર ચાલતો હતો, મને તારાથી નફરત થતી હતી. હવે જ્યારે તુ મારા પેટમાં આવી ગયો છે તો જોઇ લે હું કેટલી ખરાબ જગ્યા છું. આમ કહીને કબર તેના પર એટલો દ્બાવ નાખે છે કે તેનું ભેજું તેના પગના નખથી નીકળે છે. ત્યાર પછી તેની તરફ જહન્નમનો એક દરવાજો ખોલવામાં આવે છે. પછી તેની પાસે એક બદશકલ આદમી આવે છે. ત્યારે તે તેને કહે છે : "અય અલ્લાહના બંદા તુ કોણ છે ? મેં તારાથી ખરાબ કોઇ વસ્તુ નથી જોઇ. તે જવાબ આપે છે કે તારા ખરાબ અખ્લાક છું જે તેં જાહેર કર્યા અને હું

જ તારો નાપાક ઇરાદો છું.” (અનવારે નોઅમાનિયા - પેજ 446)

ફિશારે કબ્રની આ સખ્તી છે કે હઝરત રસુલે અકરમ (સલ.)એ પોતે ફાતેમા બિન્તે અસદ (હ. અલી અલ. ની વાલેદા) ના રક્ષણની ઝિમ્મેદારી લીધી હતી. જ્યારે ફાતેમા બિન્તે અસદ માટે કબ્ર ખોદવામાં આવી તો હઝુરે અકરમ (સલ.) તેમાં સુઇ ગયા. જ્યારે આપ (સલ.) ને આ અમલનું કારણ પુછવામાં આવ્યુ તો આપે ફરમાવ્યુ : એક વખત જ્યારે મેં બીબી ફાતેમા બિન્તે અસદ સામે ફિશારે કબ્રની સખ્તીનું વર્ણન કર્યુ તો તેઓ બોલ્યા : હાય અફસોસ કે

મારી કમજોરીના કારણે મારામાં ફિશારે કબ્રની સખ્તીનો મુકાબલો કરવાની તાકત નથી. ત્યારે મેં તેમને કહ્યુ હતુ કે ફિશારે કબ્રથી રક્ષણ માટે અલ્લાહની બારગાહમાં આપનો જામીન છું. હવે એટલા માટે જ હું તેમની કબ્રમાં સુતો છું.

અબુ બસીરથી રીવાયત છે કે તેઓએ કહ્યુ : મેં ઇમામ સાદિક (અલ.) ને વિનંતી કરી : શું કોઇ ઇન્સાન પોતાને ફિશારે કબ્રથી બચાવી શકે છે ? ઇમામ (અલ.)એ ફરમાવ્યુઃ તેની સખ્તીથી હું અલ્લાહની પનાહ માગું છું. ઘણા ઓછા લોકો છે જેઓ પોતાને ફિશારે કબ્રથી બચાવી શકે છે.

એટલા માટે જ્યારે ઉસ્માન બિન અફફાને બીબી રૂકય્યાને કતલ કર્યા તો રસુલુલ્લાહ (સલ.)એ તેમની કબ્ર પાસે ઉભા થઇ આંસુ વહાવ્યા અને આસમાન તરફ મોં કરીને ફરમાવ્યુ : તેના પર જે વીત્યું તેણે મને બયાન કર્યું હતુ. તો હું તેના પર મહેરબાની કરીને કબ્રના ફિશાર (ભીંસ) થી તેના બચાવ માટે અલ્લાહથી દુઆ માંગી છે કે અય અલ્લાહ ! રૂકય્યાનો ફિશારે કબ્ર માફ કરી દે. તો અલ્લાહ-તઆલાએ તેમને છુટકારો આપ્યો.

ઇમામ જાફર સાદિક (અલ.)એ આ પણ ફરમાવ્યુ કે જ્યારે રસુલુલ્લાહ (સલ.)

એ હઝરત સઅદ બિન મઆઝની નમાઝે જનાઝા પઢી તો તેમાં સિત્તેર હજાર ફરીશ્તાઓ પણ શામેલ થયા હતા. ત્યારે હુઝુરે અકરમ (સલ.)એ આસમાન તરફ માથુ ઉંચુ કરી ફરમાવ્યુ : શું સઅદ જેવા વ્યક્તિ પર ફિશારે કબ્ર થશે ? સહાબા કિરામે કહયુ : અમે લોકો સાંભળતા હતા કે તેઓ પેશાબની નજાસતથી બચતા ન હતા. હુઝુર (સલ.)એ ફરમાવ્યુ : “અલ્લાહની પનાહ ! તેઓ પોતાના પત્નિ, બાળકો સાથે સખ્તીથી વર્તતા હતા. ખરાબ વર્તન કરતા હતા.” તે સમયે સઅદ્ની વાલેદા બોલી : અય સઅદ ! તને મુબારક થાય. હુઝુર

(સલ.)એ ફરમાવ્યુ : અય સઅદ્ની મા, અલ્લાહની મરજીની વિરૂદ્ધ હુકમ ન લગાવો. (બિહારૂલ અનવાર - ભાગ 22, પેજ 163) કિતાબના લેખક કહે છે કે જ્યારે સઅદ બિન મઆઝ જેવા પ્રતિષ્છિત સહાબી કે જેમની નમાઝે જનાઝામાં ફરીશ્તાઓ શરીક હતા, તેમને ફિશારે કબ્રથી છુટકારો ન મળ્યો તો બીજા કોને તેનાથી છુટકારો મળી શકે છે. (અનવારૂન નોઅમાનીયા - પેજ 406)

રસુલે અકરમ (સલ.) નું ફરમાન છે : કબ્રમાં ફિશાર થાય છે. જો કોઇ તેનાથી છુટકારો પામનારા હોય તો સઅદ બિન

મઆઝ નજાત પામશે. (બિહાર - ભાગ 6, પેજ 261)

આપણે પરવરદિગારે આલમથી મોહંમદ વ આલે મોહંમદ (સલ.) ના વાસ્તાથી ફિશારે કબ્રથી છુટકારો અને મગફેરતની દુઆ માંગીએ છીએ.

રીવાયતોમાં છે કે હઝરત અબા અબ્દિલ્લાહ ઇમામ સાદિક (અલ.) થી પુછવામાં આવ્યુ કે “તે વ્યક્તિ જેને સુળી પર ચઢાવીને છોડી દેવામાં આવે તેના પર કબ્રનો અઝાબ કઇ રીતે નાઝિલ થાય છે ? આપ (અલ.)એ ફરમાવ્યુ : “જે જમીનનો પરવરદિગાર છે તે જ હવાનો રબ પણ છે.

તો પછી તે હવાને હુક્મ આપે છે કે તેનો એવી જ રીતે અથવા તેનાથી વધારે ફિશારે કબ્ર આપ જેવી રીતે જમીન આપે છે. (બિહાર - ભાગ 6, પેજ 266)

ભરોસાપાત્ર રીવાયતોમાં છે કે જે મોમીન બંદો શબે જુમ્આ અથવા જુમ્આના દિવસે મૃત્યુ પામે છે તે કબ્રના ફિશારથી રક્ષિત રહે છે. (અનવારે નોઅમાનીયા - પેજ 456).

અમીરૂલ મોઅમેનીન ઇમામ અલી (અલ.)એ ફરમાવ્યુ: જે મોમીન બંદો ગુરૂવારના દિવસે ઝવાલે આફતાબ પછી મૃત્યુ પામે અલ્લાહ જલ્લ શાનોહુ તેને

ફિશારે કબ્રથી રક્ષિત રાખે છે અને કબીલા રબીઆ અને મુજર જેવા મોટી સંખ્યાના લોકોના હકમાં તેની શિફાઅત કબૂલ ફરમાવે છે. (અનવારે નોઅમાનીયા - પેજ 456)

# શેખ મુફીદ (રહ.) નું કથન

શેખ મુફીદ (રહ.) પોતાની કિતાબ "અવાએલુલ મકાલાત' માં લખે છે : હું કહુ છું કે આલમે બરઝખમાં અલ્લાહ-તઆલા મુડદાઓ માટે એવું જ મિસાલી શરીર પૈદા કરી દે છે જેવું તેમને દુનિયામાં મળ્યુ હતુ. મોમીનને આ શરીરમાં નેઅમતો મળશે અને કાફિર અને ફાસિક અઝાબમાં સપડાય જશે. જ્યારે કે તેમનું માદ્દી (દુનિયાનું) શરીર કબ્રમાં જ પડી રહેશે. જેને જોવાવાળો જોઇ પણ શકશે. અને જમાનાના પસાર થતા આ શરીર જર્જરિત થઇને રજકણો થઇ જશે. આ અઝાબ અને સવાબ તેમને તેમની

કબ્રો સિવાય અન્ય મકામ પર મળશે અને અમારા મઝહબ પ્રમાણે આ બધુ ઇન્સાનના નફસ પર આવશે. મારા નજીક (આલમે બરઝખમાં) એક બાલિગ ઇન્સાન એટલે તે મખલૂક જે પોતાના નફસ પર કાયમ છે. જે અન્ય માદ્દી શરીરની સિફતોથી અલગ છે અને તેના સમર્થનમાં મારી પાસે સાદિકૈન આલે મોહંમદ (અલ.) ની હદીસો છે. આ દ્રષ્ટિકોણ વિરુદ્ધ કોઇ નજરીઓ શીઆ મુતકલ્લિમ (અકાએદ્ના વિશેષજ્ઞ આલિમો) નો હું નથી જાણતો જેને વર્ણન કરૂં. આ રીતે શીઆ ફકીહો (મુજતહિદો) અને મુહદ્દિસો (હદીસના વિશેષજ્ઞો) માં પણ આ વિષયમાં

કોઇ મતભેદ નથી.

ખુલાસો આ કે આલમે બરઝખના વિષયમાં જે કંઇ વર્ણન થયુ તે મઝહબે ઇમામિયા અને બીજા ઘણા મુસલમાનોનો નજરીયો છે. જેવી રીતે આ પહેલાં પણ આપ જાણી ચુકયા છો.

# મૌતની હકીકત

મોતની હકીકત આ છે કે રૂહ અને શરીરનો સંબંધ તુટી જાય અને લોકોએ તેના દાખલા પણ આપ્યા છે. દ્રષ્ટાંતરૂપે રૂહ શરીરમાં એવી જ રીતે હોય છે જેવું કે કશ્તીનો ચાલક કશ્તી માટે હો◌ેય છે. જેથી કશ્તી ચલાવનારનું કશ્તીથી અલગ થવું તેમના પારસ્પરિક રીશ્તાને તોડી દે છે. ખબર પડી કે જે તાકત જે કશ્તીને ડૂબવાથી બચાવવા પર કુદરત ધરાવે છે તે કશ્તી ચાલકની તાકત હતી. જ્યારે કે ચાલકની હકીકત કશ્તીની હકીકતથી અલગ હોય છે અને તેને કશ્તી પર ફક્ત પ્રભુત્વ પ્રાપ્ત

હોય છે જે તેના જુદા થવાને રોકે છે.

આ જ સ્થિતિ રૂહ અને બદ્નની છે કે બન્ને પોતાની હકીકતમાં અલગ ચીજો છે. પણ રૂહ શરીર પર પ્રભુત્વ ધરાવે છે અને તે શરીરને તે દિશા તરફ લઇ જાય છે જેવી રીતે કશ્તી ચાલક કશ્તીની દિશાને બદલે છે. પછી જ્યારે રૂહ બદ્નથી અલગ થાય છે તો શરીર એક ચુપ, ગુપસુપ માદ્દો રહી જાય છે.

બીજું દ્રષ્ટાંત આ છે કે રૂહ બદ્નના અંધારામાં નૂરની જેમ છે અને શરીર તેની રોશનીના ઝરીઆથી કાનથી સાંભળે છે અને આંખથી જુએ છે વિગેરે વિગેરે.

ખબર પડી કે શરીર નો દરેક અવયવ રૂહની નુરાનીયતની બરકતથી જીવંત અને કાર્યરત છે. એટલા માટે જ્યારે રૂહ અને બદ્નનો સંબંધ તુટે છે તો બદ્નથી આ નુર નષ્ટ થઇ જાય છે. જેથી મૃત્યુનો અર્થ આ છે કે આ નુર એટલે કે રૂહને બદ્નના મકામથી કાઢીને કોઇ અન્ય જગ્યાએ પહોંચાડવું અને રૂહના નીકળી જવાથી શરીર પહેલાંના જેમ અંધારૂ રહી જાય છે.

આ વાતચીતથી આપણને આ ખબર પડી કે રૂહ અને બદ્નનો સંબંધ આ રીતે નથી કે જાણે રૂહ બદ્નમાં હુલુલ કરતી હોય. એટલે કે રૂહ શરીરમાં દાખલ નથી થતી, કારણકે

રૂહ એક મુજર્રદ (માદ્દાથી (મટીરીયલ) થી ખાલી હોવું) ચીજ છે અને પોતે કોઇ શરીર નથી. જેથી તેના દાખલ થવા અથવા નીકળવાનો પ્રશ્ન જ પૈદા નથી થતો.

સાબિત થયું કે રૂહ અને શરીર વચ્ચે ફક્ત એક સંબંધ હોય છે અને બન્ને એકબીજાથી મિશ્રિત પણ નથી થતા, એટલા માટે મૃત્યુ નામ છે આ સંબંધ તુટી જવાનું. એટલા માટે અમુક ફલસફીઓએ રૂહને શરીર પરના એક પોશાકથી ઉપમા આપી છે. જેથી જેવી રીતે પોશાક ન શરીરમાં દાખલ થાય છે ન તેમાંથી નીકળે છે બલ્કે તેને ઘેરી લે છે. આ જ રીતે રૂહ,

શરીરને ઘેરેલી છે. પણ તેમાં દાખલ નથી થતી. એટલે કે રૂહ અને શરીર દરમિયાન એક હકીકત જરા પણ નથી. આથી બરકતવાળો છે તે બેહતરીન પૈદા કરનાર જેમાં બે અલગ અલગ હકીકત ઘરાવતી ચીજોને ખૂબ જ મજબૂતી સાથે એક બીજાથી જોડી દીધા.

ઇમામ ઝયનુલ આબેદીન હઝરત અલી ઇબ્નુલ હુસૈન (અલ.) થી પુછવામાં આવ્યુ કે મૌત શું છે ? તો આપે ફરમાવ્યુ: “મોમીન માટે મેલા પૌશાકને ઉતારીને અને સખત કૈદથી આઝાદ થઇને બેહતરીન અને ખુશ્બુદાર કપડાં પેહરીને ખૂબજ સુંદર

સવારી પર સવાર થઇને સૌથી મનપસંદ મંઝિલ તરફ રવાના થવું છે અને કાફિર માટે બેહતરીન પોશાક અને શાંતિભર્યા મકામથી જુદા થઇને ખૂબજ ગંદા પોશાકમાં સૌથી ખરાબ અને ડરાવની મંઝિલ તરફ જવું છે.'' (મઆલેમુઝ ઝુલ્ફા)

ઉપરોકત બયાનથી જાહેર થાય છે કે મૃત્યુનો અર્થ કોઇ પોશાકને ઉતારવું છે અથવા સંબંધનું તુટી જવું છે અને રૂહ તેના પછી નષ્ટ નથી થતી. બલ્કે તે અલ્લાહની રજાથી એક બીજા મકામ પર બાકી રહે છે. ખબર પડી કે રૂહનું શરીર સાથે સંબંધ પણ એક મિસાલી શરીરથી થાય છે અને તે દરેક

વસ્તુ પર કુદરત ધરાવે છે.

અલ્લાહતઆલા ફરમાવે છે :

“તે જ બધાનો સરપરસ્ત છે. તે જ મુડદાઓને જીવંત કરશે અને તે જ દરેક વસ્તુ પર કુદરત ધરાવે છે.” (સૂ. શુરા, આ. 9)

જ્યારે આ જાણ થઇ ચુકી કે રૂહ અને શરીરમાં ફક્ત એક સંબંધ છે, રૂહ ન શરીરમાં દાખલ થાય છે ન તેનાથી નીકળે છે. તો આ પણ સ્પષ્ટ થઇ ગયુ કે મોત તે જ સંબંધના કપાય જવાનું નામ છે અને રૂહ નષ્ટ નથી થતી. બલ્કે તેનો એક સંબંધ તેના મરેલા શરીરથી મૃત્યુ પછી પણ બાકી

રહે છે.

આ જગ્યાએ કહી શકાય છે કે રૂહનો શરીર સાથે સંબંધ ત્રણ પ્રકારનો હોય છે. સૌપ્રથમ તે જે જિન્દગી દરમિયાન હોય છે અને આ સૌથી મજબૂત સંબંધ હોય છે. બીજો તે જે નીંદ (ઊંઘ) ના સમયે હોય છે. કારણ કે નીંદ પણ મૌતની જેમ જ છે અને તે સમયે રૂહનો સંબંધ શરીર સાથે કમજોર પ્રકારનો રહે છે અને ત્રીજો સંબંધ તે જે મૃત્યુ પછી રૂહ અને શરીરના સંબંધની શકલમાં બાકી રહે છે. જેવી રીતે માસુમીન (અલ.) થી હદીસોમાં આવ્યુ છે કે દફન પછી મય્યતની રૂહ પોતાના શરીરની

ઝિયારત માટે ત્રીજા, પાંચમા, સાતમાં અને ચાલીસમાં દિવસ સુધી આવ્યા કરે છે અને શરીરની સ્થિતિ જોઇને ગમગીન થાય છે. આ જ રૂહ અને શરીરનો સંબંધ છે અને આથી સ્પષ્ટ થાય છે કે રૂહ શરીરથી જુદા થયા પછી પણ બાકી રહે છે. કોઇ નેઅમતોમાં અને કોઇ અઝાબમાં હોય છે.

હવે આ બાબતમાં કે સવાબ અને અઝાબ રૂહે મુજર્રદ (શરીરથી ખાલી) પર થાય છે અથવા શરીરના સંબંધ સાથે થાય છે અથવા મિસાલી શરીર (બરઝખનું શરીર) પર થાય છે. કોઇ પણ કૌલ (કથન) અપનાવીએ તેનાથી કોઇ ફર્ક પડતો નથી.

એક હદીસમાં ઇમામ મોહંમદ બાકિર (અલ.) થી પુછવામાં આવ્યુ કે "મૌત શું છે ?’ આપ (અલ.)એ ફરમાવ્યુ: “તે નીંદ ની જેમ છે જે તમને દરેક રાતના આવે છે. આ ફર્ક સાથે કે તેની મુદ્દત એટલી લાંબી હોય છે કે ઇન્સાન કયામત પહેલા જાગૃત નથી થતો. આથી જે વ્યક્તિ ખ્વાબમાં ખુશી જુએ છે તે તેનો પણ સહી અંદાજો નથી લગાવી શકતો અને જે ગમગીની જુએ છે તે તેનો પણ સહી અંદાજો લગાવવાથી વિવશ છે. એટલા માટે મૃત્યુ પછીની ખુશી અને ગમીનો અંદાજો તે કઇ રીતે લગાવી શકે છે. આજ મૃત્યુ છે અને તેના માટે પોતાને

તૈયાર કરો.

ઇમામ જાફર સાદિક (અલ.) થી પુછવામાં આવ્યુ કે અમારા માટે મૌતની સિફત વર્ણન કરો. ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : "તે મોમીન માટે બેહતરીન ખુશ્બુની જેમ છે. જેને સુંઘીને તેની બધી જ તકલીફો દૂર થઇ જાય છે અને કાફિર માટે મૌત સાંપ અને વીછીના કરડવાની જેમ છે. બલ્કે તેનાથી પણ સખત હોય છે. પુછવામાં આવ્યુ : કેટલાક લોકો કહે છે કે મૌત આરી અને કાતરથી કાપવા, પથ્થરોથી મારવા અને આંખોમાં ચક્કીના ખૂંટ (ખીલા) ચલાવવાથી પણ સખત હોય છે. ઇમામ

(અલ.)એ ફરમાવ્યુ : હાં, કાફિર અને ફાસિક માટે તે એવીજ હોય છે. શું નથી જોતા તમે લોકો કે તેમનામાંથી અમુક એવા હોય છે. પરંતુ મૌતનો અઝાબ તેમના માટે દુન્યવી અઝાબ કરતા ખૂબ જ સખત હોય છે. પુછવામાં આવ્યુ કે : આવું કેમ થાય છે કે અમુક કાફિરોને જોઇએ છીએ કે તેમના પર સકરાતની હાલત ઘણી આસાન હોય છે અને તેઓ હસતા, બોલતા ચાલ્યા જાય છે. એવી રીતે અમુક મોમેનીનનો પણ આ જ હાલ હોય છે. જ્યારે કે અમુક મોમીનો અને અમુક કાફિરો મૌતની સકરાતની તકલીફ ઉઠાવે છે.

ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : મોમીનો માટે જે રાહત, આસાની હોય છે તે તેમના માટે તુરંત સવાબનો ભાગ છે અને જે સખ્તી હોય છે તે તેમના ગુનાહોનો કફ્ફારો હોય છે. એટલા માટે કે તેઓ આખેરતમાં પાકીઝા થઇને દાખલ થાય અને સવાબના હકદાર બને. તેના વિરુદ્ધ કાફિરો માટે જે સહુલત હોય છે તે તેમની કોઇ નેકીનો બદલો હોય છે. જેથી આખેરતમાં તેમના માટે અઝાબ સિવાય કંઇ બીજુ ન હોય અને જે તેમના પર સખ્તી હોય છે તે તેમના હંમેશાના અઝાબની શરૂઆત હોય છે. કારણ કે અલ્લાહ-તઆલા આદિલ છે. તે કોઇના

પર ઝુલમ નથી કરતો. (મઆલેમુઝ ઝોલફા)

# કબ્રનો અઝાબ

ઉપરોક્ત ચર્ચાથી આ વાત સાબિત થઇ ચુકી છે કે કબ્રમાં પ્રશ્ન પુછવામાં આવશે. ઇમામ જાફર સાદિક (અલ.) થી રીવાયત છે કે આપ (અલ.)એ ફરમાવ્યુ : તે મારા શિઆઓમાંથી નથી જે આ ચીજોનો ઇન્કાર કરે : મેઅરાજ, કબ્રમાં સવાલ, જન્નત અને જહન્નમનું અસ્તિત્વ અને શફાઅત. (બિહારૂલ અનવાર - ભાગ 2,પેજ 197)

મોહક્કિક તુસી (રહ.) પોતાની કિતાબ "અત્તજરીદ' માં ફરમાવે છે : કબ્રનો અઝાબ સાબિત છે કારણ કે તે શક્ય પણ છે

અને તેના વિષયમાં લગાતાર સનદોથી હદીસો આવી છે. (કિફાયતુલ મુવહ્હીદીન ભાગ-3, પેજ-288)

રીવાયત કરી છે અલી બિન હાતમે અલી બિન હુસૈનથી, તેમણે બરકીથી, તેમણે પોતાના બાપથી, તેમણે સુલેમાન મુકબિલથી, તેમણે હઝરત ઇમામ મૂસા બિન જાફર (અલ.)થી અને ઇમામ (અલ.)એ પોતાના વાલિદ ઇમામ સાદિક (અલ.) થી રીવાયત ફરમાવી છે કે : જ્યારે મોમીન મૃત્યુ પામે છે તો સિત્તેર હજાર રહમતના ફરીશ્તા તેના જનાઝાની સાથે તેની કબ્ર સુધી જાય છે. જ્યારે તે કબ્રમાં

ઉતારવામાં આવે છે તો તેની પાસે બે ફરીશ્તા મુન્કિર અને નકીર આવે છે જે તેને બેસાડીને પુછે છે : તમારો પરવરદિગાર કોણ છે ? તમારો દીન શું છે ? અને તમારો નબી કોણ છે ? ત્યારે મોમીન વ્યક્તિ કહે છે : મારો પરવરદિગાર અલ્લાહ છે, હઝરત મુહંમદ મુસ્તફા (સલ.) મારા નબી છે અને ઇસ્લામ મારો દીન છે. (આ સિવાય બીજી ઘણી રીવાયતોમાં છે કે ઇન્સાનને એક પ્રશ્ન તેના ઇમામ વિશે પણ કરવામાં આવશે. - અનુવાદક)

ત્યારે તે ફરીશ્તાઓ તેની કબ્રમાં તેને દેખાય ત્યાં સુધી વિશાળતા કરી દે છે. તેને

જન્નતનું ખાવા આપે છે અને તેના પર રૂહ અને રૈહાન (ખુશ્બુ) નાઝિલ થાય છે. જેવી રીતે અલ્લાહ-તઆલાએ ફરમાવ્યુ :

"જો તે અલ્લાહનો મુકર્રબ (નજદીકી) બંદો હશે તો તેના માટે રૂહ અને રૈહાન છે અને જન્નતે નઈમ છે આખેરતમાં." (સૂ. વાકેઆ, આ. 88, 89) એટલે કે તેની કબ્રમાં આરામ, શાંતિ હશે. ખુશ્બુ અને ફૂલ હશે અને નેઅમતો ભરેલી જન્નત અને આખેરત છે.

ત્યાર પછી ઇમામ (અલ.)એ ફરમાવ્યુ, "અને જ્યારે કોઇ કાફિર મૃત્યુ પામે છે તો તેના જનાઝા સાથે સિત્તેર હજાર અઝાબના

ફરીશ્તાઓ તેની કબ્ર સુધી જાય છે અને તે જનાઝો ઉઠાવનારાઓથી એવી અવાજમાં કહે છે જેને જિન્નાત અને ઇન્સાનો સિવાય દરેક વસ્તુ સાંભળે છે. “કાશ, મને પાછો કરવામાં આવે તો હું મોમીન થઇ જાત. મને પાછા લઇ ચાલો હું નેક અમલ કરી શકું.” પરંતુ અઝાબના ફરીશ્તાઓ કહે છે, “કદી પણ નહીં, આ તો ફકત ઝબાનની વાતો છે”. બીજી તરફથી એક બીજો ફરીશ્તો અવાજ આપે છે, “જો તેને પાછો મોકલવામાં આવે તો આ ફરીવાર એવું જ કરશે જેનાથી તેને રોકવામાં આવ્યો છે. પછી જ્યારે તે કબ્રમાં ઉતારવામાં આવે છે

તો મુન્કિર અને નકીર ખૂબજ ડરાવની શકલમાં તેની પાસે આવે છે અને પૂછે છે : તારો પરવરદિગાર કોણ છે ? તારો દીન શું છે ? તારો નબી કોણ છે ? તેની ઝબાન તોતડાય છે અને તે કંઇ પણ જવાબ નથી આપી શકતો. પછી ફરીશ્તાઓ તેને એટલો માર મારે છે જેનાથી દરેક વસ્તુ ડરી જાય છે. પછી તેઓ પોતાનો પ્રશ્ન ફરીવાર પૂછે છે. તો કહે છે, “હું નથી જાણતો”. ફરીશ્તા કહે છે, “ન તેં જાણયુ, ન હિદાયત પ્રાપ્ત કરી, ન કામ્યાબ થયો.” ત્યાર પછી તેની કબ્રમાં જહન્નમનો દરવાજો ખોલી દેવામાં આવે છે. અલ્લાહ-તઆલાએ તેના વિશે

ફરમાવ્યુ,

“અને જો તે જુઠલાવનારાઓ, ગુમરાહોમાંથી થયો તો તેના માટે ધગધગતુ પાણી છે. અને જહન્નમમાં જવાનું છે.” મતલબ આ છે કે કબ્રમાં પણ જહન્નમમાં દાખલ થવાનું છે અને આખેરતમાં પણ. (સૂ. વાકેઆ, આ. 92 - 94 અને બિહાર, ભાગ 6, પેજ 222)

# કબ્રના અઝાબમાં હળવાશ

પૈગંબરે અકરમ (સ.અ.) નું ફરમાન છે, “બેશક કબ્ર આખેરતની મંઝિલોમાંથી પેહલી મંઝિલ છે. જો કોઇ ત્યાં છુટકારો પામ્યો તો બાક્ની મંઝિલો તેના માટે આસાન છે અને જો ત્યાં નજાત ન મળી તો ત્યાર પછી તેના માટે જે કંઇ હશે તે તેનાથી (કબ્રથી) ઓછુ નહીં હોય.”

હવે કબ્ર આખેરતની મંઝિલોમાંથી પહેલી મંઝિલ છે તો ઇન્સાને આ બાબત માટે કોશીશ કરવી જોઇએ કે ત્યાં તે અઝાબથી છુટકારો પ્રાપ્ત કરી શકે. કબ્રની મંઝિલોની આસાની માટે અમે કેટલીક ચીજો

લખીએ છીએ અને તે બે પ્રકારની છે. એક તે જે દરેક વ્યક્તિના પોતાના અમલથી સંબંધ ધરાવે છે અને બીજી તે જે તેના મૃત્યુ પછી તેના વારીસો વિગેરેએ તેના માટે કરવું જોઇએ.

જ્યાં સુધી પહેલી ચીજનો સંબંધ છે તો તેમાં સૌથી મહત્વનું નમાઝોને સમય પર અદા કરવું છે. ઇમામ મોહંમદ બાકિર (અલ.) ફરમાવે છે, "જે વ્યક્તિ સહીહ તરીકાથી રૂકુઅ કરે છે તેના પર કબ્રમાં વહશત (ડર) નહીં આવે. (બિહાર, ભાગ 6, પેજ 244)

ત્યાર પછી ગીબતથી બચવું, ચુગલી

(ચાડી ખાવી)થી પરહેઝ કરવું, પેશાબની નજાસતથી પાકી, યતીમનો માલ અને વ્યાજ ખાવાથી બચવું અને નાહક ગવાહીથી દૂર રેહવું છે. અમુક રીવાયતોમાં પોતાની પત્નિથી સંબંધ ન તોડવો પણ આવ્યુ છે. આજ રીતે પોતાના પત્નિ-બાળકો સાથે બદ અખલાકીથી પેશ ન આવવું અને નેઅમતોને વ્યર્થ ન કરવી એવી બાબતો છે જે કબ્રના અઝાબથી છુટકારો અપાવે છે.

કબ્રના અઝાબથી છુટકારાનો એક ઝરીઓ આ પણ છે કે મય્યતના કફન પર બે શેઅર લખવામાં આવે જે અમીરૂલમોઅમેનીન (અલ.)એ સલમાન

(રઝી.) ના કફન પર લખ્યા હતા. જેનો તરજુમો આ છે :

“હું કરીમની બારગાહમાં નેકીઓ અને મુત્મઇન દિલના સફરના સામાન વગર જ આવી ગયો છું.”

“કારણ કે જ્યારે કોઇ કરીમ પાસે જવાનું થાય તો સફરનો સામાન લઇને જવું ઘણુ ખરાબ છે.”

આ જ રીતે આ શેઅર જે હઝરત અલી ઇબ્નુલ હુસૈન (અલ.) તરફથી વર્ણન થયો છે, જેનો તરજુમો આ છે :

“મારા સફરનો સામાન એટલો ઓછો છે કે હું સમજુ છું કે આ મને મંઝિલ સુધી

નહીં પહોેંચાડી શકે. તો હું સફરના સામાનની કમી પર રડુ અથવા અંતરની દૂરી પર !”

આ સિવાય રીવાયતમાં છે કે દુઆએ જ્વશને કબીરનું કફન પર લખવું, તુરબતે હુસૈન (અલ.)નું મય્યતની સાથે રાખવું અને મુસ્નદે સિલસિલતુઝ ઝહબનું કફન પર લખવું મુસ્તહબ છે. (મુસ્નદ સિલસિલતુઝ ઝહબ તે હદીસે કુદસી છે જે ઇમામે રઝા (અલ.)થી રીવાયત થઇ છે, જેની સનદમાં માસુમ ઇમામોના નામો આપ્યા છે. છેલ્લે પૈગંબરે અકરમ (સલ.) અલ્લાહ (અજ્જ વ જલ્લ)થી રીવાયત કરે છે. સિલસિલતુઝ

ઝહબ એટલે સોનાની ઝંજીર, હદીસની સનદમાં માસુમ હસ્તીઓના નામો વર્ણન થયા જેથી આ નામથી હદીસ પ્રખ્યાત થઇ છે.

આ હદીસ ઇમામ રઝા (અલ.)એ તે સમયે બયાન ફરમાવી હતી જ્યારે બાદશાહ મામુને ઇમામ (અલ.)ને મદીનાથી મર્વ (ખુરાસાન) બોલાવ્યા. આપ (અલ.) જ્યારે નેશાપુર પહોંચ્યા ત્યારે હજારોના ટોળાએ આપનું સ્વાગત કર્યું. તે સમયે ઇમામ (અલ.)એ આ હદીસે કુદસી બયાન ફરમાવી : અલ્લાહતઆલા ફરમાવે છે :

"લા ઇલાહ ઇલ્લલ્લાહ હિસ્ની,

ફમન દખલ હિસ્ની અમેન મિન અઝાબી''

"લા ઇલાહ ઇલ્લલ્લાહ મારો કિલ્લો છે. જે મારા કિલ્લામાં દાખલ થયો મારા અઝાબથી અમાનમાં છે. રક્ષિત થઈ ગયો.''

ઇમામ (અલ.)ની સવારી થોડીક આગળ ચાલી. ફરી આપ (અલ.)એ ફરમાવ્યુ :

"બેશુરૂતિહા વ અના મિન શુરૂતિહા''

"કલેમએ તૌહીદ્ની શરતો પણ છે અને હું તેની શરતોમાંથી એક છું.'' (ઉયુનો અખબારીર્ રઝા, 2/134) એટલે કે ફકત તૌહીદ્નો કલેમો કાફી નથી બલકે મારી ઇમામત અને વિલાયતનો એતેકાદ રાખવો

પણ જરૂરી છે. તે સમયે લગભગ વીસ હજાર લોકોએ આ હદીસ ઇમામની ઝબાનથી સાંભળી અને લખી. - અનુવાદક)

આ જ પ્રમાણે એક હદીસમાં આવ્યુ છે કે નજફે અશરફમાં અમીરૂલ મોઅમેનીન (અલ.)ની પડોશમાં મય્યતને દફન કરવાથી કબ્રના અઝાબ અને મુન્કર, નકીરના પ્રશ્નોથી તે બચી જાય છે. ઇમામ જાફર સાદિક (અલ.)એ ફરમાવ્યુ : ગુર્રી (નજફે અશરફ) તે જ પહાડનો એક ભાગ છે જેના પર અલ્લાહતઆલાએ હઝરત મુસા (અલ.) સાથે વાતચીત કરી હતી અને તેને મુકદ્દસ બનાવ્યુ. ત્યાં જ અલ્લાહે હઝરત

ઇબ્રાહીમ (અલ.)ને ખલીલ અને ખાતેમુન નબીય્યીનને હબીબ બનાવ્યા અને તેને નબીઓના રહેવાની જગ્યા કરાર દીધી.

એક અન્ય રીવાયતમાં છે કે અમીરૂલ મોઅમેનીન (અલ.)એ કુફાની પુશ્ત (પીઠ) પર નજર નાખી અને ફરમાવ્યુ : “કેટલું સારૂ છે તારૂં દ્રશ્ય અને કેટલી પાકીઝા છે તારી ઊંડાય, ખુદાયા ! તુ મારી કબ્ર અહીંયા જ બનાવ.” આ માટીની ખુબીઓમાંથી એક આ છે કે કબ્રનો અઝાબ હટી જાય છે અને અહીં દફન થવાવાળાના મુન્કર અને નકીર તરફથી હિસાબ લેવામાં નથી આવતો, જેવી રીતે હદીસોમાં આવ્યુ

છે. (અનવારૂન નોઅમાનિયા - પેજ 456)

કાજી ઇબ્ને બદર હમદાની કુફી જે ખૂબ જ નેક અને ઇબાદતગુઝાર આદમી હતા તેમનાથી રીવાયત છે કે તેમણે કહ્યુ : એક વરસાદી રાતના હું કુફાની મસ્જીદમાં હતો. એક ગિરોહે મસ્જીદ્દા બાબે મુસ્લિમ (દરવાજાનું નામ) પર દસ્તક (અવાજ) આપી અને દરવાજો ખોલવામાં આવ્યો. ત્યારે તેમનામાંથી કોઇએ કહ્યુ : અમારી સાથે એક જનાઝો છે. પછી તે લોકો જનાઝો અંદર લઇ ગયા અને તેને બાબે મુસ્લિમ ની સામેના ચબુતરા પર રાખી દીધો. તે દરમિયાન તેમનામાંથી એક વ્યકિતએ

ખ્વાબ જોયું કે તે એક બીજા વ્યકિતને કહી રહ્યો હતો : શું જનાઝાના મોં થી પડદો હટાવીને આપણે જોવું ન જોઇએ કે આ વ્યક્તિ સાથે આપણો કોઇ સંબંધ છે કે નથી ? પછી તેણે મય્યતનો ચેહરો ખોલ્યો અને પોતાના સાથીને કહ્યુ : હાં, આ વ્યકિત સાથે આપણો સંબંધ છે. આપણે આ કાફલાના રસ્સાફ (જગ્યાનું નામ) પહોંચતા પહેલા તેને અહ્યાથી ઉઠાવી લેવો જોઇએ. કારણ કે ત્યાર પછી આપણા માટે કોઇ આવો મોકો નહીં રહે. આથી તેણે પોતાના સાથીને જગાડયો અને તેને પોતાનું ખ્વાબ બતાવ્યુ અને કહ્યુઃ આને જલ્દીથી ઉઠાવી લો, જેથી

તે લોકોએ જનાઝો ત્યાંથી ઉઠાવીને મશહદ (નજફે અશરફ) તરફ ચાલ્યા. મશહદે મુકદ્દસમાં જે લોકોની કબ્ર છે તેમના પર દુરૂદો સલામ થાય. (અનવારૂન નોઅમાનિયા - પેજ 456)

ખુદાયા ! તુ અમને અને તમામ મોઅમેનીનને અમીરૂલ મોઅમેનીનની પડોશમાં રહેવાની તૌફીક અતા ફરમાવ, મોહંમદ (સલ.) અને માસુમીન (અલ.)ના વાસ્તાથી.

એક શાએરે કેટલુ સરસ કહ્યુ જેનો તરજુમો આ છે :

જ્યારે હું મૃત્યુ પામુ તો મને હૈદરે

કર્રારની પડોશમાં દફન કરો.

તે જે શબ્બીર વ શબ્બરના વાલિદે ગીરામી છે અને શું કહેવું તેમની બુલંદીનું.

હું તેમની પડોશમાં રહીને ન જહન્નમની આગથી ડરૂ છું, ન મુન્કીર અને નકીરથી !

કારણ કે જો કોઇ કોઇની પનાહમાં હોય છે તો પનાહ આપવાવાળા માટે આ વાત ઐબ ગણાશે કે તેની પનાહ (આશ્રય-શરણ)માં હોવા છતાં કોઇની તરફથી નુકસાન પહોંચે.

# મય્યતના માટે બીજાઓના નેક આમાલ

હવે પછી તે બાબતો જે મરનાર પછી તેના માટે બીજાઓએ કરવું જોઇએ, તેમાંથી એક આ છે કે કમ-સે-કમ ચાલીસ મોમીનો તેના હકમાં ખૈર અને નેકીની ગવાહી આપે. આ શબ્દોમાં કે "ખુદાયા ! અમે આના વિષયમાં ભલાઇના સિવાય કંઇ નથી જાણતા અને તુ અમારાથી વધારે જાણે છે" કારણ કે હદીસમાં આવ્યુ છે કે અલ્લાહ આ લોકોની ગવાહી કબૂલ કરીને આ મય્યતને નેક લોકોમાં ગણી લે છે. હવે તે બુરા લોકોમાંથી કેમ ન હોય.

ઇમામે જાફર સાદિક (અલ.) ફરમાવે છે કે જ્યારે કોઇ મય્યત પાસે ચાલીસ મોમીનો ભેગા થઇને કહે છે : “અમે આના વિષયમાં ભલાઇના સિવાય બીજુ કંઇ નથી જાણતા” તો અલ્લાહ અજ્જ-વ જલ્લ ફરમાવે છે : “હું તમારા લોકોની ગવાહીને કબૂલ કરૂ છું અને મેં માફ કરી દીધુ તેના તે ગુનાહોને જેને હું જાણુ છું અને તમે નથી જાણતા”. (વસાએલુશ શીયા, ભાગ 2, પેજ 925)

શેખ કુલૈની (રહ.)એ પોતાની સનદથી હઝરત ઇમામ સાદિક (અલ.)થી રીવાયત કરી છે કે આપ (અલ.)એ ફરમાવ્યું : બની

ઇસરાઈલમાં એક ઇબાદતગુઝાર બંદો હતો. અલ્લાહે હઝરત દાઊદ (અલ.)ની તરફ વહી મોકલી કે તે રીયાકાર (દેખાવ કરનાર) છે. એટલા માટે જ્યારે તે મરી ગયો તો હઝરત દાઊદ (અલ.) તેના જનાઝામાં શરીક ન થયા. પરંતુ બની ઇસરાઈલમાંના અન્ય ચાલીસ વ્યક્તિઓએ તેના માટે કહ્યુ : “ખુદાયા ! અમે આ વ્યક્તિના વિશે ખૈર સિવાય કંઇ નથી જાણતા અને તુ અમારાથી બેહતર જાણે છે. તો એને માફ કરી દે.” પછી જ્યારે તેને ગુસ્લ દેવામાં આવ્યુ તો બીજા ચાલીસ વ્યક્તિઓ આવ્યા અને તેમણે પણ તે જ

ગવાહી આપી. પછી અલ્લાહ-તઆલાએ હઝરત દાઊદ (અલ.) પર વહી ફરમાવી : તમને આ વ્યક્તિ માટે નમાઝે જનાઝા પઢવાથી કઇ વસ્તુએ રોક્યુ છે ? હઝરત દાઊદ (અલ.)એ હક્યુ : તે જ વસ્તુએ જેની તેં મને ખબર આપી છે. અલ્લાહે ફરમાવ્યુ : હવે જ્યારે કે એક ગિરોહે તેના હકમાં ગવાહી આપી છે તો મેં તેમની ગવાહી કબૂલ કરી લીધી છે. જો કે હું તે જાણુ છું કે જે તમે લોકો નથી જાણતા. (અનવારૂન નોઅમાનીયા - પેજ 457)

આ હદીસ પછી અલ્લામા સૈયદ જઝાએરી (રહ.) લખે છે : આ જ કારણથી

અમારા ઝમાનાના અલ્લામા (અલ્લામા મજલીસી રહ.)એ પોતાના મોમીન બિરાદરોને દરખાસ્ત કરીને પોતાના કફન પર તુરબતે હુસૈનીયા (ખાકે શીફા) થી પોતાના ઇમાનના વિષયમાં ગવાહીઓ લખાવી છે અને મોમેઅનીને લખ્યુ છે કે, “તેમના ઇમાનના વિષયમાં કોઇ શક નથી” ફલાં ફલાંએ ગવાહી આપી. અને અમુક મોમીનોએ તો પોતાની મોહર પણ લગાવી. અલ્લામા મજલીસી (રહ.) અન્ય મોઅમેનીનને પણ આવું કરવાનો મશ્વેરો આપતા હતા અને આ ખૂબ જ સારી વાત છે. બંદો જ્યારે રહીમ અને કરીમની

બારગાહમાં હાજર થાય છે તો તે નાનામાં નાનો અમલ પણ કબૂલ કરી લે છે.

બીજી તદ્બીર (ઉપાય) જરીદતૈનનું (એટલે કે હરિયાળી ડાળીઓ - બોરના ઝાડની) મય્યતની સાથે કબ્રમાં રાખવુ છે. ચાહે મરનાર નાનો હોય કે મોટો, પુરૂષ હોય કે સ્ત્રી, નેક હોય કે બુરો, દરેક ને ફાયદો પહોંચાડે છે. જ્યાં સુધી તે તાજી, લીલીછમ  રહે છે મય્યતથી કબ્રનો અઝાબ દૂર રહે છે.

ત્રીજો ઉપાય આ છે કે મરનારના સગાંવહાલાઓમાંથી જે બાકી છે તે તેના માટે નેકીઓ કરે, એટલે કે સદકો, નમાઝ,

કુરઆનની તિલાવત અને હજ વિગેરે. કારણકે હદીસમાં આવ્યુ છે કે મય્યત અઝાબની સખ્તીમાં હોય છે. પરંતુ જ્યારે તેમના ભાઈઓમાંથી કોઇ નેકીનો હદીયો મોકલે છે તો એક ફરીશ્તો નુરાની પ્લેટ (થાળી) લઇને તેની કબ્રમાં આવે છે અને કહે છે : "ફલાણા વ્યક્તિએ તમારા માટે હદીયો મોકલ્યો છે" જેથી મય્યતને સહુલત પ્રાપ્ત થાય છે અને અઝાબ દૂર થાય છે.

ચોથી તદ્બીર (ઉપાય) તે સદકએ જારીયા છે જે મરનાર પોતાની જિન્દગીમાં છોડી જાય છે. દાખલા તરીકે નેક કામ માટે કોઇ વકફ અથવા કોઇ નેકીનો તરીકો જેને

તે પોતે કરતો રહ્યો અને પછી આવનારાઓને પણ તેના પર અમલ કરવાનું કહી ગયો.

પાંચમી તદ્બીર કોઇ નેક ફરઝંદ્નું હોવું છે. આ માટે એક હદીસ છે જે ઇમામ સાદિક (અલ.)થી વર્ણન થઇ છે : ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : મોઅમીન વ્યક્તિ પોતાના મૃત્યુ પછી છ ચીજોથી ફાયદો ઉઠાવે છે :

(1) નેક ફરઝંદ જે તેના માટે મગફેરત માંગે.

(2) તે કિતાબ જેને લોકો પઢે છે.

(3) તે કુંવો જે તેણે ખોદયો અથવા ખોદાવ્યો.

(4) તેણે લગાવેલું ઝાડ.

(5) તે ઝરણુ જેને અલ્લાહની રાહમાં જારી કર્યું.

(6) તે નેક તરીકો જેને તેના પછીના લોકોએ અપનાવ્યો. (બિહારૂલ અનવાર, ભાગ 6, પેજ 293)

હદીસોમાં આવ્યુ છે કે વાલેદૈનની જિન્દગીમાં તેમની સાથે નેકી કરવાવાળો બેટો જો તેમના મૃત્યુ પછી તેમના માટે કોઇ નેકી ન કરે તો તે આક ગણવામાં આવે છે અને તેનાથી ઉલટું જો વાલેદૈનની જિન્દગીમાં તેમની નાફરમાની કરવાવાળો બેટો તેમના મૃત્યુ પછી તેમના માટે નેકી

કરે તો ફરમાંબરદાર અને નેક ગણવામાં આવે છે.

અમુક આલિમોએ અમ્ર બિન યઝીદથી ઇમામ જાફર સાદિક (અલ.)ની આ હદીસ વર્ણન કરી છે કે આપ દરેક રાતે પોતાના ફરઝંદ્રી બે રકઅત પઢતા હતા અને દરેક દિવસના પોતાના વાલેદૈન તરફથી બે રકઅત પઢતા હતા. રીવાયત કરનારે કારણ પુછયુ તો ઇમામ (અલ.)એ ફરમાવ્યુ: “એટલા માટે કે શાંતિનો સમય અવલાદ માટે હોય છે.” આ રકઅતોમાં આપ સુરએ કદ્ર અને સુરએ કૌસર પઢતા હતા. (અનવારૂન નોઅમાનિયા, પેજ 457)

(ઇમામ (અલ.)ના મોટા ફરઝંદ ઇસ્માઈલ આપની હયાતીમાં જ મૃત્યુ પામ્યા હતા. જેથી આપની આ નમાઝ ઇસ્માઈલની મગફેરત માટે હતી અને વાલેદૈન તરફથી બે રકઅત નમાઝ પણ આ જ નમાઝ હતી. જેમાં આ બે સૂરાઓ પઢવામાં આવે છે. અનુવાદક)

# પોતાના મુરદાઓ પર રહેમ કરો

મય્યતને હદિયાની નમાઝ તે રાત માટે છે જે દફન પછી આવે. આ બે રકઅતો છે : પહેલી રકઅતમાં સુરએ અલ્હમ્દ પછી એક વખત આયતુલ કુરસી પઢવામાં આવે અને બીજી રકઅતમાં સુરએ હમ્દ પછી દસ વખત સુરએ કદ્ર પઢવી જોઇએ. પછી જ્યારે સલામ કરે તો કહે ખુદાયા, મોહંમદ (સલ.) વ આલે મોહંમદ (સલ.) પર દુરૂદ મોકલ અને આ નમાઝનો સવાબ ફલાણા વ્યક્તિની કબ્ર સુધી પહોંચાડી દે. આ નામઝને આપણે નમાઝે વહશત કહીએ છીએ.

એક બીજી રીવાયતમાં છે કે પેહલી રકઅતમાં સુરએ હમ્દ પછી બે વખત સુરએ તૌહીદ પઢે અને બીજી રકઅતમાં સુરએ હમ્દ પછી દસ વખત સુરએ તકાસુર પઢે અને પછી ઉપરોક્ત દુઆ માંગે.

સૈયદ અલી ઇબ્ને તાઊસ (રહ.)એ પોતાની કિતાબ "અલ-ઇકબાલ’ માં હઝરત હુઝયફા બિન યમાનથી રિવાયત કરી છે કે રસુલુલ્લાહ (સલ.)એ ફરમાવ્યુ : મરનાર પર કબ્રની પેહલી રાતથી વધીને બીજી કોઇ સખત ઘડી નથી આવતી, એટલા માટે તમે પોતાના મુરદાઓ પર રહેમ કરો. તેમની તરફથી સદકો આપો અને જો તે શક્ય ન

હોય તો તેમના માટે બે રકઅત નમાઝ પઢો. પેહલી રકઅતમાં સુરએ હમ્દ પછી બે વખત સુરએ તૌહીદ અને બીજી રકઅતમાં સુરએ હમ્દ પછી દસ વખત સુરએ તકાસુર પઢો. પછી સલામ ફેરવીને કહો : "ખુદાયા દુરૂદ મોકલ મોહંમદ (સલ.) અને આલે મોહંમદ (સલ.) પર અને નમાઝનો સવાબ ફલાણા વ્યક્તિને મોકલ." જેથી તે સમયે અલ્લાહ-તઆલા તેની કબ્રની તરફ એક હજાર ફરીશ્તાઓને પોશાક અને ઝવેરાત સાથે મોકલે છે અને કયામત સુધી તેની કબ્રમાં વિશાળતા આપે છે. અને નમાઝ પઢવાવાળાને આવનાર દરેક દ્રિ માટે

નેકીઓ અર્પણ કરે છે અને તેના ચાલીસ દરજ્જા બુલંદ કરવામાં આવે છે.

ઇબ્ને બાબવૈહ કુમી (રહ.)એ ઝોહરીથી રિવાયત કરી છે કે ઇમામ ઝયનુલ આબેદીન (અલ.)એ ફરમાવ્યુ : ઇન્સાન પર ત્રણ ઘડીઓ ઘણી સખત હોય છે. પેહલી ઘડી તે છે જ્યારે મૌતને જુએ છે. બીજી ઘડી ત્યારે છે જ્યારે તે પોતાની કબ્રથી ઉઠાવવામાં આવશે અને ત્રીજી ઘડી જ્યારે તે અલ્લાહની બારગાહમાં ઉભો થઇને જન્નત અને જહન્નમની રાહ જોઇ રહ્યો હશે.

મુલ્લા ફતેહઅલી સુલતાનાબાદી (રહ.)એ લખ્યુ છે કે મારી આદત હતી કે જે

મય્યતના જનાઝામાં શરીક થતો હતો અથવા જેના મૃત્યુની ખબર સાંભળતો હું તેની દફનની પેહલી રાતના તેના માટે નમાઝે હદીયા (નમાઝે વહશત) પઢતો હતો અને આ વિશે કોઇને ખબર ન હતી. અહીંયા સુધી કે મને મારા એક મિત્રએ પોતાનું એક ખ્વાબ સંભળાવ્યુ કે તેમણે પોતાના મૃત્યુ પામેલ દોસ્ત કે જેની નમાઝે વહશત પઢી હતી ખ્વાબમાં જોયા અને તેમના હાલની જાણકારી લીધી તો તેણે કહ્યુ : “હું ઘણી સખ્તી અને તકલીફમાં હતો. અહીં સુધી કે મુલ્લા ફતેહઅલીએ મારા માટે હદીયો મોકલ્યો તો અલ્લાહે મને આ

સખ્તીથી નજાત આપી. આ હદીયો બે રકઅત નમાઝનો સવાબ હતો.” પછી આ વ્યક્તિએ ખ્વાબમાં મારા માટે દુઆ કરી. મારા દોસ્તે મને નમાઝના વિષયમાં પુછયુ તો મેં તેમને સંપુર્ણ વિગત જણાવી.

# કબ્રની ઝિયારત માટે જવું

કિતાબ "દઅવાતુર રાવન્દી'માં દાઊદ રીક્કીના સંદર્ભથી રિવાયત છે કે તેમણે ઇમામ જાફર સાદિક (અલ.)થી પુછયુ : કોઇ વ્યક્તિ પોતાના બાપ અથવા કોઇ બીજા રીશ્તેદારની કબ્રની પાસે જાય તો શું કબ્રમાં દફન વ્યક્તિને કોઇ ફાયદો પહોંચે છે ?

ઇમામ (અલ.)એ ફરમાવ્યુ : હાં, બિલ્કુલ એવી જ રીતે જેવી રીતે કોઇ તમારી પાસે આ જિન્દગીમાં આવે અને હદીયો પેશ કરે. તો તમને ખુશી થાય છે એવીજ રીતે મય્યતને પણ ખુશી થાય છે.

ઇમામ જાફર સાદિક (અલ.)થી

રીવાયત છે કે આપે ફરમાવ્યુ : જો તમે લોકો તુલુએ આફતાબ પહેલા મરનારની ઝિયારત કરો તો તે તમારી વાતો પણ સાંભળે છે અને જવાબ પણ આપે છે અને જ્યારે તમે તુલુએ આફતાબ પછી ઝિયારત કરો છો તો તેઓ સાંભળે તો છે પણ જવાબ નથી આપતા.

ઇમામ જાફર સાદિક (અલ.)થી એક રીવાયત આવી છે કે આપે ફરમાવ્યુ : હઝરત રસુલુલ્લાહ (સલ.) પોતાના સહાબીઓ સાથે દરેક શબે જુમ્આ બકીઅ કબ્રસ્તાનના તરફ જતા હતા અને ત્રણ વખત ફરમાવતા હતા : “સલામ થાય

તમારા પર અય અહલે દિયાર ! (ઘરવાળાઓ)”

અબ્દુલ્લાહ બિન સનાનનું પણ બયાન છે કે મેં હઝરત ઇમામ સાદિક (અલ.)થી પુછયુ : કબ્રવાળાઓને અમે કેવી રીતે સલામ કરીએ ? તો આપે ફરમાવ્યુ : હાં તમે કહો, સલામ થાય તમારા પર અય ઘરવાળાઓ જે મોઅમેનીન અને મુસલમાનોમાંથી છો. તમે અમારાથી પહેલા ચાલી ગયા અને અમે પણ ઇન્શાઅલ્લાહ તમને મળવાના છીએ. (સફીનતુલ બિહાર, ભાગ 2, પેજ 396)

સફીનતુલ બિહારમાં જ છે કે અમીરૂલ

મોમેનીને હઝરત મુહંમદ બિન અબી બકરને જે પત્ર લખ્યો હતો, તેમાં આ પણ હતુ: “અય અલ્લાહના બંદાઓ ! તે લોકો જેમની બખ્શીશ ન થાય, તેમના માટે મોતથી વધીને બીજી મંઝિલ કબ્રની હોય છે. એટલા માટે કબ્રરની વહશતથી ડરો. કબ્ર દરરોજ અવાજ આપે છે : હું ગુરબત, વહશત અને કીડા-મકોડાનું ઘર છું.” કબ્ર જન્નતનો એક બાગ છે અથવા જહન્નમનો એક ખાડો !

જ્યારે મોમિન વ્યક્તિ દફન થાય છે તો જમીન તેને કહે છે : ભલે પધારો, તમે તે લોકોમાંથી હતા જેમનું મારી પીઠ પર

ચાલવું મને પસંદ હતુ. તો હવે જ્યારે તમે મારી ગોદ (ખોળા)માં આવ્યા છો તો તમે જોશો કે હું કેવો સારો વર્તાવ કરૂ છું. ત્યાર પછી તેના માટે તેની દષ્ટિ સુધી વિશાળ કરી દે છે અને જ્યારે કાફિર દફન થાય છે તો જમીન કહે છે : "તારા માટે કોઇ સ્વાગત નથી. મારી પીઠ પર તારા ચાલવાથી મને નફરત હતી અને હવે જ્યારે તુ મારા કબ્ઝામાં આવી ગયો છે તો જો હું શું કરૂ છું." આ કહીને જમીન તેને એટલી દ્બાવે છે કે તેની પાંસળીઓ સરખી થઇ જાય છે. તે તંગ જિન્દગી જેનાથી અલ્લાહે ડરાવ્યો છે, તે કબ્રનો અઝાબ છે જ્યાં કાફિર પર

નવ્વાણુ સાંપ કાબુ પામશે, જે તેને ડસતા રહેશે અને કયામત સુધી તેની હડ્ડીઓ તોડતા રહેશે. તે એવા ઝેહરીલા હોય છે કે જો તેમનામાંથી એક પણ જમીન પર ફૂંક મારી દે તો કોઇ ઘાસ ન ઉગે. અય અલ્લાહના બંદાઓ તમારા નફસ અને શરીર ઘણાજ કમજોર છે. તમે આમાંથી એકને પણ સહન નહી કરી શકો. એટલા માટે તે અમલ કરો જે અલ્લાહને પસંદ હોય અને દરેક તે કામ છોડી દો જે અલ્લાહને નાપસંદ છે.

કેટલીક હદીસોથી આ પણ ખબર પડે છે કે મોમીનોની રૂહો પોતાની અવલાદથી,

સગાંવહાલાથી રહેમની માંગણી કરે છે અને કહે છે : “અમારાથી ગફલત ન કરો, અમારી મદદ કરતા રહો, અમને ન ભુલો અને જ્યાં સુધી શક્ય હોય નમાઝ, રોઝા, હજ અને કમ-સે-કમ સદકાના ઝરીયાથી ચાહે એક ટુકડો રોટી પણ કેમ ન હોય, અમારા પર રહેમ કરો. અમારા માટે પણ આવી જ સહુલતો હતી અને અમારા પર પણ અલ્લાહની ઘણી જ કૃપાઓ હતી પણ અમે ગફલત કરી અને આજે અમે તે ખાડામાં ગમ અને રંજમાં ફસાએલા છીએ”.

જામેઉલ અખબારમાં પૈગંબરે અકરમ (સલ.)થી રીવાયત છે કે આપે ફરમાવ્યુ :

મોમેનીનની રૂહો દરેક જુમ્આના દુનિયાના આસમાનથી આવી પોતાના ઘરોની સામે ખુબ જ ગમગીન અવાજમાં પુકારે છે : અય મારા ઘરવાળાઓ, અય બેટી, અય બાબા, ભાઇ અને અય મારા પ્યારાઓ, અમારા પર મહેરબાની કરો ! કોઇ એક દિરહમનો સદકો આપીને અથવા કોઇ પોશાકનો સદકો આપીને, અલ્લાહ તમને જન્નતનો પોશાક પહેરાવશે. આમ કહીને પૈગંબર (સલ.) પોતે રડી પડયા અને સહાબાઓ પણ રડી પડયા. પછી આપ (સલ.)એ ફરમાવ્યુ : આ તે લોકો છે જે દુનિયામાં તમારા ભાઇ હતા. પરંતુ હવે નેઅમત, ખુશી પછી તેઓ માટી

બની ચુકયા છે અને હવે પસ્તાય રહ્યા છે કે જો તેમણે અલ્લાહની ફરમાંબરદારીમાં પોતાનો માલ ખર્ચ કર્યો હોત તો તમારા મોહતાજ ન હોત. જેથી તમે પોતાના મુરદાઓ માટે સદકો અને નેકીમાં જલ્દી કરો.

એક બીજી હદીસમાં છે કે રમઝાન મહીનાનાં દરેક જુમ્આના દિવસે રૂહો પોતાના ઘરની પાસે આવીને ગમગીન અવાજમાં એક એકને પુકારે છે અને કહે છે : “અય મારા રીશ્તેદારો ! હું એક તંગ કૈદખાનામાં સખત ગમગીન પડી છું જેથી તમે અમારા પર રહમ કરો અને અમારા

માટે દુઆ અને સદકામાં કંજુસીથી કામ ન લો. શક્ય છે અલ્લાહ તમારા ઝરીઆથી અમારા પર રહેમ કરે તે પહેલાં કે તમે પણ અમારા જેવા થઇ જાઓ. અફસોસ કે અમે નેકી કરવા પર એવી જ રીતે કુદરત રાખતા હતા જેવા આજે તમે છો. એટલા માટે અલ્લાહના બંદાઓ, અમારી વાત સાંભળો અને અમને ન ભુલો કારણકે નજદીકમાંજ તમને પણ ખબર પડી જશે કે આ વધારાની દોલત જે તમારી પાસે છે તે અમુક સમય પહેલાં અમારા પાસે હતી. પણ અમે તેને અલ્લાહના રસ્તામા ખર્ચ ન કરી અને હકદારને પણ તેનાથી વંચિત રાખ્યા.

એટલા માટે આ દોલત હવે અમારા પર આફત બની ગઇ છે અને અમારા માટે એનો કોઇ ફાયદો નથી રહ્યો. આજ હાલ તમારો પણ થઇ જશે. એટલા માટે અમારા પર કોઇ એક દિરહમ અથવા રોટીથી જ રહેમ કરો.''

આમ કહીને રૂહો પુકારે છે : “ધણી જલ્દી તમે પોતે પણ પોતાના પર રડશો અને કંઇ પણ પ્રાપ્ત નહીં થાય. જેવી રીતે આજે અમે રડી રહ્યા છીએ અને કંઇ નથી મળતુ. તો હવે કંઇ કરવું છે તો મરતા પહેલા કરી લો.''

આ તે બાબતો છે જે ઇન્સાનને તેના

મૃત્યુ પછી નફો પહોંચાડી શકે છે. ખુદ તેના આમાલમાંથી હોય અથવા તેના સિવાય બીજાઓના અમલમાંથી હોય. આ સિવાય પણ મૃત્યુ પામનારને નફો પહોંચાડનારી અમુક નેકીઓ હોય છે. પરવરદિગાર રહીમ અને કરીમ છે માટે નાનો સરખો નેક અમલ પણ બહાનું બની જાય છે.

આપણે અલ્લાહ-તઆલાથી પોતાના માટે અને તમામ મોઅમેનીન અને મોઅમેનાત માટે નેક અમલની તૌફીક ચાહીએ છીએ. તે બેહતરીન તૌફીક આપવાવાળો અને મદદ કરવાવાળો છે.